અદિવ 313

# આદિવાસી વિકાસ : ભૂતકાળ અને ભવિષ્ય
## આઠમી યોજના માટે વ્યૂહનીતિઓ

પરિસંવાદ

૪–૫ માર્ચ ૧૯૯૨

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ–૩૮૦૦૧૪

## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

## આદિવાસી વિકાસ : ભૂતકાળ અને ભવિષ્ય

### આઠમી યોજના માટે વ્યૂહનીતિઓ

### પરિસંવાદ તા. ૪-૫ માર્ચ ૧૯૯૨

### પહેલી બેઠક

તારીખ: ૪-૩-૯૨ બુધવાર સમય: સવારે ૧૧-૦૦થી ૧-૦૦

(૧) સ્વાગત : નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઈ નાયક

(૨) ઉદ્ઘાટકનું પ્રવચન : શ્રી એમ.એસ. પઠાણ,
નાયબ આદિવાસી વિકાસ કમિશનરશ્રી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૩) પ્રમુખશ્રીનું પ્રવચન : કુલનાયકશ્રી પ્રો. રામલાલ પરીખ

(૪) આભારવિધિ :

ભોજન, વિરામ બપોરના ૧-૦૦ થી ૨-૩૦

### બીજી બેઠક

તા. ૪-૩-૧૯૯૨ સમય: સાંજે ૨-૩૦ થી ૫-૩૦

### પેપર વાંચન

નોંધ કરનાર:- (૧) ડૉ. ઈશ્વરભાઈ સોલંકી
(૨) શ્રીમતી રેખાબહેન મહેતા
(૩) શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય

(૧) Approach and Strategy for Tribal Sub-Plan Gujarat : Development Commissioner Tribal Govt. of Gujarat, Gandhinagar

(૨) જમીન અને ખેતીના પ્રશ્નો : ડૉ. એસ.એમ. પટેલ
સંયુક્ત ખેતી નિયામકશ્રી, કૃષિભવન,
પાલડી, અમદાવાદ.

(૩) આઠમી યોજનામાં પશુપાલનની વ્યૂહનીતિ : પશુપાલન નિયામકશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, કૃષિભવન, પાલડી,
અમદાવાદ.

(૪) મત્સ્યઉદ્યોગના પ્રશ્નો અને વ્યૂહનીતિ : મત્સ્ય ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

(૫) પૂર્વ ગુજરાતના આદિવાસી વિકાસના પ્રશ્નો : ડૉ. વિદ્યુત જોષી,
શ્રમ સંસ્થાન, અમદાવાદ.

## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ-૩૮૦૦૧૪

## આદિવાસી વિકાસ : ભૂતકાળ અને ભવિષ્ય

## આઠમી યોજના માટે વ્યૂહનીતિઓ

## પરિસંવાદ તા.૪-૫ માર્ચ ૧૯૯૨

### પહેલી બેઠક

તારીખ: ૪-૩-૯૨ બુધવાર સમય: સવારે ૧૧-૦૦થી ૧-૦૦

| | | |
|---|---|---|
| (૧) | સ્વાગત | : નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઈ નાયક |
| (૨) | ઉદ્ઘાટનનું પ્રવચન | : શ્રી એમ.એસ. પઠાણ, નાયબ આદિવાસી વિકાસ કમિશ્નરશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. |
| (૩) | પ્રમુખશ્રીનું પ્રવચન | : કુલનાયકશ્રી પ્રો. રામલાલ પરીખ |
| (૪) | આભાર વિધિ | : |

ભોજન, વિરામ બપોરના ૧-૦૦ થી ૨-૩૦

### બીજી બેઠક

તા.૪-૩-૧૯૯૨ સમય: સાંજે ૨-૩૦ થી ૫-૩૦

### પેપર વાંચન

નોંધ કરનાર:- (૧) ડૉ. સિદ્ધરાજભાઈ સોલંકી.
(૨) શ્રીમતી રેખાબહેન મહેતા
(૩) શ્રી ચંદ્રકાન્ત ઉપાધ્યાય

| | | |
|---|---|---|
| (૧) | Approach and Strategy for: Tribal Sub-Plan Gujarat | Tribal Development Commissioner Govt. of Gujarat, Gandhinagar |
| (૨) | જમીન અને ખેતીના પ્રશ્નો | : ડૉ. એસ.એમ. પટેલ સંયુક્ત ખેતી નિયામકશ્રી, કૃષિભવન, પાલડી, અમદાવાદ. |
| (૩) | આઠમી યોજનામાં પશુપાલનની વ્યૂહનીતિ : | : પશુપાલન નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, કૃષિભવન, પાલડી, અમદાવાદ. |
| (૪) | મત્સ્યઉદ્યોગના પ્રશ્નો અને વ્યૂહનીતિ | : મત્સ્ય ઉદ્યોગ કમિશ્નરશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર. |
| (૫) | પૂર્વ ગુજરાત-આદિવાસી વિકાસના પ્રશ્નો | : ડૉ. વિદ્યુત જોષી, શ્રમ સંસ્થાન, અમદાવાદ. |

(૬) ગુજરાતના આદિવાસીઓના જમીનના પ્રશ્નો અને જમીન અપહરણ : ડૉ. ગૌરીશંકર પંડયા, શ્રી ભીખાભાઈ પટેલ, આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર.

(૭) સ્વૈચ્છિક સંસ્થાઓ અને આદિવાસી વિકાસ. : ડૉ. ડી.આર. શાહ, ડીપાર્ટમેન્ટ ઓફ રૂરલ સ્ટડી, દક્ષિણ ગુજરાત યુનિ., સુરત.

(૮) આદિવાસીઓમાં સ્થળાંતર : શ્રી આર. જે શાહ, નાયબ નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડા બ્યુરો કચેરી, ગાંધીનગર.

(૯) ગુજરાતના આદિવાસી જૂથોનો વિકાસ મુલયાંકન અને ભવિષ્યની નીતિ : ડૉ. મુસ્તાઅલી આઈ. મસવી આદિવાસી સં.તા.કેન્દ્ર, અમદાવાદ

(૧૦) છુટા છવાયા આદિવાસીઓના પ્રશ્નો : શ્રી ચંદ્રકાન્ત બી. ઉપાધ્યાય આદિવાસી સં.તા.કેન્દ્ર, અમદાવાદ

(૧૧) એક આદિવાસી ગામમાં સામાજિક આર્થિક પરિવર્તન : શ્રી ચંદ્રકાન્ત એચ. પટેલ આદિવાસી સં.તા.કેન્દ્ર

(૧૨) ગુજરાતની આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ: ભૂતકાળનું મૂલ્યાંકન અને ભવિષ્ય નીતિ. : ડૉ. રેખાબહેન મહેતા આદિવાસી સં.તા. કેન્દ્ર, અમદાવાદ.

(૧૩) આદિવાસી સ્ત્રીઓમાં નવી ટેકનોલોજીનો ઉદય અને પ્રભાવ : શ્રી અરૂણભાઈ પટેલ આદિવાસી સં. અને તા. કેન્દ્ર

## ત્રીજી બેઠક

તા. ૫-૩-૧૯૯૨

સમય:-સવારે ૧૦-૦૦ થી ૧-૦૦

નોંધ કરનાર:- (૧) ડૉ. એમ. આઈ. મસવી
(૨) ડૉ. ગૌરીશંકર પંડયા
(૩) શ્રી અરૂણભાઈ પટેલ

પેપર વાંચન:

(૧) જંગલના પ્રશ્નો : શ્રી દિ. મ. નાયક, જનરલ મેનેજર, ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમ, વડોદરા.

(૨) જંગલ વિરૂધ્ધ આદિવાસીઓનો દ્વન્દ : ડૉ. સુદર્શન આયંગર એકશન રીસર્ચ ઈન કોમ્યુનીટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ, માંગરોળ

(૩) Forests, Foresters and Tribals Need for Action: : વિકસત, અમદાવાદ

ગુજરાતમાં આદિવાસી વન વસવાટ માહિતી અને સમસ્યા. : ડૉ. રવિન્દ્ર સિંહા [illegible] વિભાગ, ગુજરાત રાજ્ય વડોદરા

| | | |
|---|---|---|
| (૪) | ટીમરૂ પાન એકત્રિકરણની આદિવાસીઓના જીવન પર અસર | શ્રી એમ. ટી. પટેલ<br>સરદાર પટેલ રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ,<br>અમદાવાદ. |
| (૫) | છુટા-છવાયા અને આદિમ જૂથ અને આદિવાસી ગરીબોને ઘરથાળ માટે જમીન અને બાળકો માટે અગ્રિમતાઓ વિશે. | ડૉ. ઠાકોરભાઈ નાયક<br>નિયામકશ્રી, આદિવાસી સં.તા. કેન્દ્ર,<br>અમદાવાદ. |
| (૬) | આદિવાસી બાળકોની સમસ્યાઓ | હર્ષિદાબહેન દવે, શ્રમ સંસ્થાન,<br>અમદાવાદ. |
| (૭) | આદિવાસીઓમાં પરંપરાગત વન ઔષધ | શ્રી જસવંતસિંહ રાઠોડ,<br>આદિવાસી સં.તા. કેન્દ્ર, અમદાવાદ |
| (૮) | ઉચ્ચ શિક્ષણમાં અભ્યાસકરતાં આદિવાસી વિદ્યાર્થીઓમાં વસતિ શિક્ષણ વિષાયક વલણો. | શ્રી અરૂણભાઈ બા. પટેલ<br>આદિવાસી સં.તા. કેન્દ્ર, |

<u>ચોથી બેઠક</u>

<u>તા. ૫-૩-૧૯૯૨</u> — બપોરે: <u>૨-૩૦ થી ૫-૦૦</u>

| | | |
|---|---|---|
| ૨-૩૦ થી ૩-૦૦ | : | આદિવાસી વિકાસ 'ભૂતકાળ અને ભવિષ્ય' સંશોધનના પ્રશ્નો.<br>ડૉ. ઠાકોરભાઈ નાયક, નિયામકશ્રી,<br>આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર. |
| ૪-૦૦ થી ૫-૦૦ | : | નિષ્કર્ષ - સૂઝાવ અને સમાપન |

-૦-૦-૦-૦-૦-૦-૦-

393

આદિવાસી વિકાસ : ભૂતકાળ અને ભવિષ્ય

આઠમી યોજના માટે વ્યૂહરચનાઓ

પરિસંવાદ તા. ૪, ૫ માર્ચ- ૧૯૯૨

પરિસંવાદ વિશે અહેવાલ

સંયોજક :
ડૉ. મુસ્તાઅલી મસવી.

આદિવાસી સંશોધન અને તાલીમકેન્દ્ર
ગૂજરાત વિદ્યાપીઠ : અમદાવાદ- ૩૮૦૦૧૪

## આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

## ગુજરાત વિદ્યાપીઠ : અમદાવાદ-૩૮૦૦૧૪

ઈન્ડીયન કાઉન્સિલ ઓફ સોશ્યલ સાયન્સ રીસર્ચ પશ્ચિમ વિભાગ, મુંબઈ દ્વારા કેન્દ્રને ''આદિવાસી વિકાસ ભૂતકાળ અને ભવિષ્ય : આઠમી યોજનામાં વ્યૂહનીતિઓ'' વિષય પર એક પરિસંવાદ ગોઠવવાનું કહેવામાં આવ્યું હતું. તે પ્રમાણે આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રમાં તા. ૪-૫ માર્ચ ૧૯૯૨ના રોજ બે દિવસનાં પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ પરિસંવાદનું ઉદઘાટન ગુજરાત રાજ્યના આદિજાતિ વિકાસ વિભાગના નાયબ આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રી એમ. એસ. પઠાણના વરદ હસ્તે રાખવામાં આવ્યું હતું. પરિસંવાદનું પ્રમુખપદ ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદના કુલનાયકશ્રી પ્રો. રામલાલ પરીખે શોભાવ્યું હતું.

પરિસંવાદની શરૂઆત પ્રાર્થનાથી કરવામાં આવી હતી. ત્યારબાદ વિદ્યાપીઠના સમાજકાર્ય વિભાગનાં અધ્યાપિકા કુ. કોકિલાબેન જરીવાલાના અકાળ મૃત્યુ પ્રત્યે શોક પ્રદર્શિત કરી ઔપચારિક કાર્ય આગળ ચલાવવામાં આવ્યું હતું. પ્રથમ આદિવાસી કેન્દ્રના નિયામક શ્રી ઠાકોરભાઈ નાયકે મહેમાનોનું સ્વાગત કરતાં પરિસંવાદનો હેતુ સ્પષ્ટ કર્યો હતો કે આપણે સૌ બે દિવસ આદિવાસી વિકાસના પ્રશ્નોની ચર્ચા કરવાના છીએ. આઠમી પંચવર્ષીય યોજનાની આદિવાસી વિકાસ નીતિ માટે સૈધ્ધાંતિક/ વ્યવહારિક વ્યૂહનીતિ વિચારવાની છે.

શ્રી એમ. એસ. પઠાણ, નાયબ આદિજાતિ વિકાસ કમિશ્નરશ્રીએ તેમના ઉદઘાટન પ્રવચનમાં જણાવ્યું હતું કે હું અંગત રીતે માનું છું કે આયોજન નીચેથી (Grass root planning ) થવું જોઇએ. લોકોને સાથે રાખીને આયોજન કરવામાં આવે તો સારી રીતે કાર્યક્રમ પાર પડે, જે કામ કરે છે તેના સૂચનો પ્રમાણે ચાલવું જોઇએ. તેને સાથે રાખીને આયોજન કરીએ તો છેવાડે બેઠેલા માણસને મદદ કરી શકીએ. આદિવાસીઓના પ્રશ્નોનો તલસ્પર્શી અભ્યાસ કરવો જોઇએ. ગુજરાતના આદિવાસીઓમાં સ્થળાંતરનો પ્રશ્ન ઘણો જ મોટો છે. પશ્ચિમ પટ્ટીમાં પૂર્વની પટ્ટીના આદિવાસીઓ કામ માટે આવે છે. Inter State migrant Act છે તેને લીધે બહારના મજૂરોને સવલતો મળે છે જ્યારે અંદરના સ્થળાંતરિતો માટે કોઇ રક્ષણ નથી. વળી આદિવાસી બાળકોનું શિક્ષણ, ખેતી અને જંગલ, ગ્રામ વિજળીકરણ, વસ્તી નિયંત્રણ અને આરોગ્ય વગેરેના પણ ગંભીર પ્રશ્નો છે. આઠમી યોજનામાં આ બધી બાબતો પર ધ્યાન આપવામાં આવશે. આદિવાસી યોજનાનો લાભ છેલ્લામાં છેલ્લા માણસને મળે તે રીતે કામ થવું જોઇએ. એમની પોતાની સંસ્કૃતિ સાચવીને તેમને Main stream માં લાવવા જોઇએ. અત્યાર સુધી ટ્રાઇબલ સબ પ્લાન

વિસ્તાર વિકાસ કાર્યક્રમ હતો. હવે ન્યૂનતમ જરૂરિયાત ( Minimum Needs ) પર ભાર મૂકીશું. ન્યુકીલયસ બજેટની યોજનાઓ દ્વારા સારી કામગીરી થઈ છે. ૧૯૯૨-૯૩માં માં ૧૧ કરોડ મૂકવામાં આવ્યા છે. (આઠમી યોજનામાં ટ્રાઈબલ સબ પ્લાનમાં ૨૧૦ કરોડ રૂ.ની જોગવાઈ છે.)

પ્રમુખસ્થાનેથી બોલતાં પ્રો. રામલાલભાઈ પરીખે કહ્યું કે આદિવાસીઓનો પ્રશ્ન એ સમગ્ર સમાજનો પ્રશ્ન છે. તેને અલગ પાડીને આપણે વિચાર કરી શકીએ તેમ નથી. પછાતવર્ગ માટે સહચિંતન થવું જોઈએ તેટલું થયું નથી. નબળા વર્ગ માટે બહારના માણસો વધારે જાગૃત થાય છે. સરકારની આગળ વિચારનાર મંડળો હોવા જોઈએ. દૂરગામી પરિણામો વિશે વિચારવું જોઈએ અને મૂલ્યાંકન કરતા રહેવું જોઈએ. આયોજનમાં ભારત અને ગુજરાત મોખરે છે. ગુજરાતમાં સ્વૈચ્છિક સંસ્થાઓએ ઘણું જ કામ કર્યું છે અને ગુજરાત સરકારે સ્વૈચ્છિક સંસ્થાઓને સાથે રાખીને કામ કર્યું છે. સ્વૈચ્છિક કાર્યકરો અને અમલદારોનો સમન્વય એ ગુજરાતની વિશિષ્ટતા રહી છે.

વિકાસ અંગે બોલતાં તેમણે જણાવ્યું હતું કે વિકાસની પ્રક્રિયાએ નાની વાત નથી. આજે નાણાંના અભાવે વિકાસમાં ખામી આવે છે એમ કહી શકાય એમ નથી. વિકાસના નામે અનેકગણાં નાણાં ખર્ચાય છે તેમ છતાં છેલ્લામાં છેલ્લા માણસને લાભ મળતો નથી. જેને માટે વિકાસ કરીએ છીએ તે વિશે આપણી પાસે જાણકારી હોતી નથી. વિકાસ કાર્યક્રમનો લાભ છેલ્લામાં છેલ્લા માણસ સુધી પહોંચ્યો નથી તો તેના અવરોધો ક્યાં છે તે શોધી કાઢી તેને દૂર કરવા જોઈએ. આજે આપણા દેશમાં ઘણી જ અસમાનતા જોવા મળે છે. ૮૦ ટકા ગ્રામ સંપત્તી ૨૦ ટકા લોકોના હાથમાં છે. વિકાસ વિતરણ તરફ વાળવો જોઈએ અને જેથી તે ન્યાય આપી અને બહુજન સમાજ બને. તેમણે વધુમાં જણાવ્યું હતું કે આયોજનની મુખ્યત્વે ત્રણ ક્ષતિઓ છે.

(૧) આપણું ધ્યાન ( Macro ) સમગ્ર તરફ જાય છે પરંતુ Mirco તરફ જતું નથી. આદિવાસીને જાણીએ છીએ પણ સ્થાનિક આદિવાસીને ન જાણીએ. વિકેન્દ્રીત આયોજનની પધ્ધતિ આપણે ત્યાં વિકસી નથી.

(૨) સાધન હોય તોજ વિકાસ થઈ શકે એમ આપણે માનીએ છીએ. આપણે તો સાધન ન હોય તેને મદદ કરવી જોઈએ. જેની પાસે કંઈ ન હોય તેને કંઈ મળે તેમ કરવું જોઈએ.

(3) આપણે ઊંચું જોવાનું વલણ વધારેમાં વધારે છે. આજુબાજુ જોતાં નથી.

આદિવાસીઓનો પ્રશ્ન સ્થાનિક રોજગારીનો છે. સ્થાનિક રોજગારી ઊભી કરવી જોઈએ. જમીન બધા પાસે નથી અને જમીન પરનું દબાણ વધતું જાય છે. ( Institutional arrangements ) સંસ્થાકીય વ્યવસ્થામાં ફેરફાર થવા જોઈએ.

સ્થાનિક ક્ષેત્રે નિર્ણય લેવાવા જોઈએ. ઘરઆંગણે વધુમાં વધુ રોજગારી ઊભી કરવી જોઈએ. વણવું, ગૂંથવું, શાકભાજી તેમ જ મેડીકલ પ્લાન્ટ વગેરે વિકાસની પૂર્વશરત રોજગારી આપે છે. વિકાસની મુખ્ય કારણ નિરક્ષરતા નાબુદી છે. આદિવાસીમાંથી નિરક્ષરતા દૂર કરવી જોઈએ. ખાસ કરીને આદિવાસી મહિલાઓ નિરક્ષર ન રહેવી જોઈએ. નિરક્ષરતા નિવારણ એ શિક્ષણના કાર્યક્રમ એ વિકાસનો કાર્યક્રમ છે. શિક્ષણ અને વિકાસને જોડવા જોઈએ. કૃષિક્ષેત્રે ટેકનોલોજીનો જે વિકાસ થયો છે તેનો ઉપયોગ કરવો જોઈએ. આદિવાસી વિકાસ અંગે ગુજરાત ગંભીર રીતે પ્રતિબધ્ધ છે. આદિવાસીઓમાં ચમબેકનો ખ્યાલ પ્રચલિત કરવો જોઈએ. વિકાસનું ઘટક ગામ હોવું જોઈએ. ગામ લોકોને પાયાની સુવિધા શૌચાલય, નિર્ધૂમચૂલા, નિરક્ષરતા નિવારણ, પીવાનું પાણી વગેરે મળી રહે તે પર ધ્યાન આપવું જોઈએ. દરેક વિકાસના કામો સરકાર દ્વારા થાય એ જરૂરી નથી. અમૂક કામો નિશાળ મારફતે પણ થવા જોઈએ. આદિવાસીઓ માટે લોક આયોજન ( People's tribalplan ) કરવું જોઈએ. અંતમાં કેન્દ્રના સંશોધન અધિકારી ડૉ. એમ. આઈ. મંચવીએ મહેમાનોનો આભાર માન્યો હતો.

આ પરિસંવાદમાં જુદી જુદી સંસ્થાના સરકારી, બિનસરકારી કુલ ૩૯ તજજ્ઞોએ ભાગ લીધો હતો અને કુલ ૨૪ લેખો રજૂ કરવામાં આવ્યા હતા. (પ્રતિનિધિઓની અને આવેલા લેખોની સૂચિ પરિશિષ્ટમાં છે.)

<u>પ્રથમ બેઠક</u> :-

પ્રથમ બેઠકનું અધ્યક્ષસ્થાન ગાંધી શ્રમ સંસ્થાનના વિદ્વાન પ્રોફેસર વિદ્યુતભાઈ જોષીએ શોભાવ્યું હતું. પ્રથમ બેઠકમાં કુલ ૧૩ લેખોનું વાંચન કરવામાં આવ્યું હતું.

આદિવાસી વિકાસ કમિશ્નર કચેરી, ગુજરાત રાજ્ય ગાંધીનગર તરફથી શ્રી એસ. એમ. શાહે '' Approach & Strategy for Tribal Sub-Plan-Gujarat પરનું પેપર રજૂ કર્યું હતું. તેમને રજૂઆત કરતાં જણાવ્યું હતું કે અત્યાર સુધી આદિવાસીઓના વિકાસના અભિગમ તરીકે રાજ્યના આદિવાસીઓને મુખ્યત્વે ચાર વિભાગોમાં વિભાજિત કરવામાં આવ્યા છે જેથી વિકાસ કાર્યક્રમોનો સઘન ઉપયોગ થઈ શકે.

(૧) આદિવાસી સંકલિત વિસ્તાર ( Areas of Tribal concentration)

(૨) લઘુ વિસ્તાર ( Pocket areas )

(૩) વેરવિખેર આદિવાસીઓ ( Dispersed Tribals )

(૪) આદિમજૂથો ( Primitive tribes ) ગુજરાતમાં સાતમી પંચવર્ષીય યોજનામાં આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળ જે નાણાંકીય જોગવાઈ કરવામાં આવી હતી તેના ૯૯.૯૬ ટકાનો ખર્ચ કરવામાં આવ્યો હતો અને રાજ્યમાં દુકાળ

અને અછતની પરિસ્થિતિ હોવા છતાં બધાં લક્ષ્યાંકો પૂરા કરવામાં આવ્યા હતા. અને સાતમી પંચવર્ષીય યોજનામાં ૪.૩૦ લાખ આદિવાસીઓને સહાય કરી ગરીબી રેખાની ઉપર લાવવામાં આવ્યા હતા. આઠમી પંચવર્ષીય યોજનામાં પણ સંકલિત કુટુંબલક્ષી આર્થિક કાર્યક્રમો સઘન બનાવવામાં આવશે. ભારત સરકારના આયોજનપં આઠમી યોજના માટે જે ધ્યેયો નક્કી કર્યા છે તે મુજબ આદિવાસીઓનો વિકાસ ગોઠવવામાં આવશે. આયોજન પંચે નીચેના ધ્યેયો મુખ્યત્વે રાખ્યા છે. આર્થિક વિક (૧) ગ્રામીણ વિજળીકરણ (૨) વાહનવ્યવહાર (૩) સંદેશાવ્યવહાર (૪) ખેત ઉત્પાદનમાં વધારો માનવ સાધનોનો વિકાસ હેઠળ ૧. રોજગારીની તકોમાં વધાર ૨. વસ્તી નિયંત્રણ ૩. અક્ષરજ્ઞાન અને પ્રાથમિક શિક્ષણમાં સાર્વત્રિકરણ ૪. ન્યૂનતમ આરોગ્ય સેવા ૫. દરેક ગામમાં પીવાના પાણીની સુવિધા. આ બધાં ધ્યેયોને ધ્યાનમાં રાખી આદિવાસીઓના આર્થિક-સામાજિક જીવન સ્તર ઊંચું લાવવાના પ્રયત્નો કરવામાં આવશે. રાજ્યમાં વસતા વેરવિખેર આદિવાસીઓને કુટુંબલક્ષી આર્થિક કાર્યક્રમો હેઠળ આવરી લેવામાં આવશે. આ કામ બરાબર થઈ શકે તે માટે આદિવાસી કેન્દ્ર, ગૂજરાત વિદ્યાપીઠ મારફતે એક વિસ્તૃત સર્વેક્ષણ કરાવવામાં આવ્યું છે. જેનો અહેવાલ પણ પ્રાપ્ત થઈ ગયો છે. આ વેરવિખેર આદિવાસીઓને પણ શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે લાભ આપવામાં આવશે. આઠમી યોજનામાં મુખ્યત્વે જુદી જુદી જાતિઓ વચ્ચે પ્રવર્તમાન આર્થિક અસમાનતા/જુદા જુદા વિસ્તાર વચ્ચેની અસમાનતા દૂર કરવા માટે આવા વિસ્તારો અને જાતિઓ પર વધુમાં વધુ ધ્યાન આપવામાં આવશે.

ડૉ. એસ. એમ. પટેલ, સંયુક્ત ખેતી નિયામકશ્રી, કૃષિભવન, પાલડી એ આદિવાસીઓમાં જમીન અને ખેતીના પ્રશ્નો અંગે રજૂઆત કરી હતી. પરિસંવાદમાં હાજર ન હોવાને કારણે તેમનું પેપર વાંચી શકાયું નહોતું. તેમના લેખમાં જણાવ્યું હતું કે અનુસૂચિત જાતિના લોકો ડુંગરાળ પ્રદેશમાં વસતા હોવાથી તેઓની જમીન પથરાળ/ઢાળવાળી, છીછરી હોવાથી ફળદ્રુપતા ઓછી હોય છે. તેથી તેની ઉત્પાદકતા પણ ઓછી હોય છે. તેઓની જમીન ધારક શક્તિ પણ ઓછી છે. એટલે કે તેઓ નાના નાના ટૂકડાઓમાં જમીન ધરાવે છે. તેમની જમીનમાં પિયતની સગવડ પણ હોતી નથી. આ પરિસ્થિતિમાં અનુસૂચિત જનજાતિના ખેડૂતોનો વિકાસ કરવો એ સામાન્ય સંજોગોમાં ઘણું જ મુશ્કેલ કામ બને છે. આદિવાસી ખેડૂતોની જમીનની ઉત્પાદકતા વધે તે માટે અનેક યોજનાઓ અમલમાં છે. પાકોનું વધુ ઉત્પાદન મેળવવા માટે જમીન વિકાસ એ પાયાની જરૂરિયાત હોવાથી નાણાંકીય ઉપલબ્ધતાની

મર્યાદામાં મહત્તમ અગ્રિમતાના ધોરણે અમલમાં મૂકાય તે માટે આઠમી પંચવર્ષીય યોજનામાં વોટરશેડ ડેવલપમેન્ટ અંગેની તથા અન્ય જમીન વિકાસ અંગેની કામગીરી પહેલાં કરતાં વધુ વેગથી ચાલુ રાખવામાં આવશે.

પશુપાલન નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય તરફથી આઠમી યોજનામાં પશુપાલનની વ્યૂહનીતિ અંગે પેપર રજૂ કરવામાં આવ્યું હતું. પશુપાલન અને ડેરી વિકાસ કાર્યક્રમોનું અંતિમ ધ્યેયનો આદિવાસી વિસ્તારમાં દૂધ તથા ઈંડાનું ઉત્પાદન વધે અને સાથોસાથ આદિવાસી લોકો પશુધન પેદાશો ધ્વારા પૂરક આવક મેળવી શકે તે માટે 'નાબાર્ડ' ધ્વારા સમયાંતરે નકકી થતી કિંમતના ૫૦ ટકા ધોરણે દૂધાળા પશુઓની ખરીદી તથા મરઘાં એકમોની સ્થાપના માટે આર્થિક સહાય આપવામાં આવે છે. આ કાર્યક્રમ વધુ સઘન બનાવવામાં આવશે અને વધુમાં વધુ આદિવાસીઓને લાભ મળે તેવી આઠમી યોજનામાં કરવામાં આવશે. આઠમી યોજનામાં આદિવાસી વિસ્તારમાં વધુ સંખ્યામાં દૂધ સહકારી મંડળીઓની સ્થાપના કરવામાં આવશે અને ઉત્પાદકોને પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે ઉત્પાદન કાર્યક્રમની સાથે જ સહકારી ખરીદ-વેચાણ કાર્યક્રમનું જોડાણ કરવામાં આવશે. રાજ્યના બીનઆદિવાસી વિસ્તારમાં ચાલતા કાર્યક્રમોમાંથી શકય લાભ આદિવાસી વિસ્તારના કાર્યક્રમને પણ આપવો, જેમ કે શંકર સંવર્ધન કાર્યક્રમ હેઠળ બીનઆદિવાસી સ્થપાયેલ બીજ ઉત્પાદન કેન્દ્રો, ઘાસચારા બેંક, ઘાસચારા બીજ ઉત્પાદન ફાર્મ, પોષણક્ષમ આહાર વગેરે. આઠમી યોજનામાં પશુપાલનનો વિકાસ કાર્યક્રમના અસરકારક અમલીકરણ માટે એક વધુ વિભાગીય કચેરીની સ્થાપના કરવાનું આયોજન છે.

મત્સ્યઉદ્યોગ કમિશ્નરની કચેરી ગુજરાત રાજ્ય તરફથી મત્સ્યોધોગના પ્રશ્નો અંગે પેપર રજૂ કરવામાં આવ્યું હતું. આ પેપરમાં દર્શાવ્યા મુજબ રાજ્યમાં કુલ ૧૬૦૦૦ આદિવાસીઓ મત્સ્યોધોગ વ્યવસાય સાથે સંકળાયેલા છે. રાજ્યમાં એકંદરે ૨ લાખ હેકટર જળ વિસ્તાર આદિજાતિ વિસ્તારમાં આવેલો છે. ૪ મોટા જળાશયો જેવા કે ઉકાઈ, કડાણા, પાનમ અને મધુબન અને લગભગ ૧૧૦ મધ્યમથી નાના કક્ષાના જળાશયો આદિવાસીઓના ઉત્કર્ષ અંગે જુદા જુદા કુટુંબલક્ષી કાર્યક્રમો નકકી કરવામાં આવ્યા છે જેમાં આદિવાસી લાભાર્થીઓને કાયમી ફીંગરલીંગ મત્સ્યબીજ ઉછેર માટે મહેનતાણું, આદિવાસી મંડળીઓને લીમીંગ / સ્ટોકીંગ સહાય / માછીમારીના સાધનોની ખરીદી પર ૫૦ ટકા રાહત મત્સ્યવેચાણ અર્થે હાપતિઓને સાયકલ બોકસ સહાય વગેરે આપવામાં આવે છે.

પ્રો. વિદ્યુત જોષીએ પોતાના પેપરમાં જણાવેલ કે અત્યાર સુધી આદિવાસીઓના પ્રશ્નોના અભ્યાસાર્થે જે વિવિધ સમિતિઓ નીમાઈ તે સમિતિઓ તથા અનુસૂચિત

જાતિ અને જનજાતિનાઆયુકતના વાર્ષિક અહેવાલમાં તેમના વિકાસ માટે અનેક ભલામણો કરવામાં આવી છે પરંતુ જો જંગલ, જમીન અને પાણીની ત્રણ પાયાની બાબતો વિશે વિચારવામાં આવશે તો જાગૃત આદિવાસીઓ જાતે જ પોતાના પ્રશ્નો હલ કરતા થઇ જશે, પરંતુ આવું કરવા માટે વહીવટીતંત્રને વધારવાને બદલે ઘટાડવું જરૂરી છે. તેમને ઉમેરતાં જણાવ્યું હતું કે આદિવાસીઓનો પ્રશ્ન એટલે વિકાસ માટે કેટલીક ચીજો આપી દેવાનો પ્રશ્ન નહીં. આપણે આદિવાસી વિકાસ ઇચ્છતાં હોઇએ તો આદિવાસીઓના હાલ પ્રવર્તમાન જમીન અને જંગલ સંબંધો તથા આદિવાસી બિન-આદિવાસી સંબંધોમાં ધરમૂળથી પરિવર્તન લાવવું પડશે. એ નહી થાય ત્યાં સુધી વિકાસ કાર્યક્રમો ઉપરચોટિયા રહેશે.

ડૉ. ગૌરીશ પંડયા અને શ્રી ભીખુભાઇ પટેલે 'ગુજરાતના આદિવાસીઓમાં જમીનના પ્રશ્નો અને જમીન સમકરણ' ( Land Alienation ) વિશે પેપર રજૂ કર્યું હતું. તેમને પેપરમાં દર્શાવેલ કે આદિવાસીઓની અનેકવિધ સમસ્યામાં જમીન અપહરણની સમસ્યા મુખ્યત્વે છે. આદિવાસીઓની જમીન એક યા બીજા પ્રકારે બિન-આદિવાસીઓના હાથમાં સરકી ગઇ છે. તેમનું વાલિયા તાલુકાના અભ્યાસ પર આધારિત હતું. વાલિયા તાલુકામાં આદિવાસીઓની જમીન બિનઆદિવાસીઓના હાથમાં છેલ્લા દસ વરસમાં ગઇ છે. આ બધી જમીનો આદિવાસીઓને પાછી અપાવવી જોઇએ.

શ્રી દિલીપ શાહે; ડીપાર્ટમેન્ટ ઓફ રૂરલ સ્ટડી, દક્ષિણ ગુજરાત યુનિ. ''સ્વૈચ્છિક સંસ્થાઓ અને આદિવાસી વિકાસ પ્રદાન અને પ્રશ્નો'' અંગે પેપર રજૂ કર્યું હતું. તેમને આ પેપર રજૂઆત કરતાં જણાવ્યું હતું કે આદિવાસીઓના વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓનું ઘણું મોટું યોગદાન છે. તેમ છતાં સ્વૈચ્છિક સંસ્થાઓ વિસ્તાર અને પ્રશ્નોના પ્રમાણમાં ઘણી ઓછી સંખ્યામાં છે. એમાં પણ સંસ્થાઓ અમુક વિસ્તારમાં કેન્દ્રિય થયેલી છે. જેમ કે સુરત **જિલ્લામાં** વાલોડ અને વલસાડ જિલ્લામાં ધરમપુર કાર્યકર્તાઓના અભાવને લીધે તેનો વ્યાપ પણ ઘણીજ ધીમી ગતિનો છે. આ સંસ્થા વચ્ચે સંકલનનો પણ અભાવ છે અને લગભગ દરેક સંસ્થા રાજય સરકાર પર વત્તાઓછા અંશે નિર્ભર છે. સ્વૈચ્છિક સંસ્થાઓ વિશે બે ચિંતાજનક બાબત જણાઇ આવે છે. એક તો જાણે કે રાષ્ટ્રીય ને સામાજિક જીવન તરાહનો પડઘો પાડતી હોય તેમ સંસ્થામાં બીજી હરોળની નેતાગીરી કે સામુહિક નેતાગીરીનો અભાવ છે. બીજું સ્વૈચ્છિક સંસ્થાઓ સામે જો કોઇ મહાન પડકાર હોય તો આ વર્ગના લોકો એમની કામગીરી પ્રત્યે આકર્ષાવાનો છે. આદિવાસી વિકાસ કાર્યમાં આગળ પડતો ભાગ લઇ શકે તેવા ઘણા શિક્ષિત યુવાનો હવે ગામડામાં છે પણ આમ છતાં એમની આ શકિતયોનો લાભ લેવાતો નથી.

શ્રી આર. જે. શાહ નાયબ નિયામકશ્રી, અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર નિયામકની કચેરી, ગાંધીનગર 'આદિવાસીઓમાં સ્થળાંતર' અંગેનું પેપર રજૂ કર્યું હતું. તેમને આ અભ્યાસમાં પંચમહાલ અને ડાંગ જિલ્લાના પાંચ પાંચ ગામોને આવરી લીધા હતાં. તેમના સર્વેક્ષણ મુજબ પંચમહાલ જિલ્લામાં કુલ ૬૩૮ કુટુંબોમાંથી ૪૮૭ (૭૬ ટકા) કુટુંબોના એકથી વધારે સભ્યોએ મજૂરી માટે સ્થળાંતર કર્યું હતું. ૪૮૭ કુટુંબોમાંથી ૪૭૭ (૯૮ ટકા) કુટુંબો જમીન ધરાવતાં હતાં અને તેમની પાસે સરેરાશ જમીન ૨.૧૦ એકર હતી. સ્થળાંતરિત કુટુંબની કુલ વ્યક્તિઓમાં ૯૩ ટકા અભણ હતાં. પંચમહાલ જિલ્લામાંથી સૌથી વધુ સ્થળાંતર મધ્ય અને દક્ષિણ ગુજરાત તરફ જોવા મળ્યું હતું. સ્થળાંતરના સ્થળે આર્થિક પ્રવૃત્તિ કરનાર વ્યક્તિને સ્થળાંતર દીઠ સરેરાશ આવક રૂા. ૧૦૮૮/- મળેલ. એવી જ રીતે ડાંગ જિલ્લાના અભ્યાસમાં ૨૭૩ કુટુંબોની મોજણી કરવામાં આવી હતી. ૨૭૩ કુટુંબોમાંથી ૮૫ (૩૧ ટકા) કુટુંબોએ સંદર્ભના વર્ષમાં સ્થળાંતર કર્યું હતું. સ્થળાંતરિત કુટુંબોમાંથી ૪૩ (૫૧ ટકા) કુટુંબો જમીન ધરાવતાં હતાં. ડાંગ જિલ્લામાંથી વધુ સ્થળાંતર વલસાડ જિલ્લા તરફ થાય છે. થોડાઘણે અંશે મહારાષ્ટ્રમાં અને સુરત જિલ્લાના બારડોલી અને વ્યારા તરફ થાય છે. આ સ્થળાંતર મોસમી છે. ચોમાસામાં મોટાભાગના કુટુંબો પાછા ગામ પર આવી જાય છે. આ ગામોમાંથી સ્થળાંતર થવાનું કારણ આ ગામો ઉંડાણના વિસ્તારમાં ડુંગરો તેમ જ જંગલો વચ્ચે આવેલા છે જેમાં વાહનવ્યવહાર કે પ્રાથમિક સગવડો ખૂબ મર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ છે. સિંચાઈની સગવડ નહિવત છે. જેથી જીવન નિર્વાહ માટે જરૂરી આવક મેળવી શકતાં નથી.

ડૉ. મુસ્તાઅલી મસવીએ 'ગુજરાતના આદિમ જૂથોનો વિકાસ મૂલ્યાંકન અને ભવિષ્યનીતિ' અંગેનું પેપર રજૂ કર્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ગુજરાત રાજ્યમાં કુલ ૨૯ જાતિઓમાં આર્થિક રીતે પછાત એવી પાંચ જાતિ કાથોડી, કોલઘા, કોટવાળિયા, પઢાર અને સીદ્દીને આદિમ જૂથમાં ગણવામાં આવેલ છે. રાજ્ય સરકારે આદિમજૂથ માટે જુદું વહીવટી માળખું ગોઠવ્યું છે. આદિમજૂથના વિકાસ માટે ઘણી મોટી રકમ ખર્ચવામાં આવી છે અને ઉત્તરોત્તર તેના ખર્ચમાં વધારો થઈ રહ્યો છે. આ જાતિઓના આર્થિક વિકાસ કાર્યક્રમો અંગે આદિવાસી કેન્દ્ર દ્વારા થયેલ કેટલાંક મૂલ્યાંકન અભ્યાસોમાં પણ જોવા મળ્યું છે કે આ જૂથનાં ઘણાં કુટુંબો ગરીબી રેખાથી ઉપર આવી આત્મનિર્ભર બન્યાં છે. આ જૂથના મોટાભાગના કુટુંબોને એક યા બીજા પ્રકારે યોજનાના લાભ મળ્યા છે. આ જૂથમાં એવા કુટુંબો કે જેમને કોઈ લાભ ન મળ્યો હોય એવા કુટુંબોને લાભ મળે એ આઠમી યોજનામાં જોવું જોઈએ. તેમનામાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું છે તેથી શિક્ષણ પર વધુ ધ્યાન આપવું જોઈએ. ખાસ કરીને છોકરીઓને શિક્ષણ આપવાનું વલણ ઓછું દેખાય છે તો તેમને માટે આઠમી યોજનામાં સઘન પ્રયાસો કરવા જોઈએ. આ જૂથના કુટુંબોની રહેણાંકની સ્થિતિ ઘણી જ કફોડી છે. આઠમી યોજનામાં તેમને

માટે ગૃહ નિર્માણની પ્રવૃત્તિ હાથ ધરવી જોઇએ અને ગૃહ નિર્માણનું કામ સ્વૈચ્છિક
સંસ્થાઓ દ્વારા કરાવવું જોઇએ.

શ્રી ચંદ્રકાન્ત બી. ઉપાધ્યાયે ''છૂટાછવાયા આદિવાસીઓના પ્રશ્નો
વિશેનું પેપરનું વાંચન કર્યું હતું. રાજ્યમાં જે આદિવાસીઓની વસ્તી છે તેના ૨૦ ટ
લોકોની વસ્તી છૂટીછવાયી છે. ડાંગ સિવાય લગભગ બધા જિલ્લાઓમાં છૂટીછવાય
વસતિમાં હળપતિ, ભીલ, રાઠવા, નાયકા અને ધાનકા જાતિના લોકો મુખ્યત્વે છે
આ લોકોના ખેતી, મજૂરી, શિક્ષણ અને આરોગ્યના પ્રશ્નો વિશેષ છે. તેમના
રહેણાંકો પાસે પાયાની સુવિધાઓ ઉપલબ્ધ નથી. જયાં જયાં છૂટીછવાયી વસતિ છે
ત્યાં પ્રભાવી જાતિ સામાજિક, આર્થિક અને રાજકીય રીતે પ્રભાવ પણ પાડે છે.
આ બધા દ્વારા ત્યાં વસતા આદિવાસીઓને આર્થિક, સામાજિક રીતે શોષણ
થાય છે. આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર તરફથી છૂટાછવાયા આદિવાસીઓન
સામાજિક-આર્થિક સર્વેક્ષણ કરવામાં આવ્યું હતું. તેના તારણો મુજબ કુલ સર્વેક્ષિત
કુટુંબોમાંથી ૯૧ ટકા કુટુંબોની આવક માસિક રૂા. ૪૦૦/-થી ઓછી હતી.
આઠમી યોજનામાં તેમના પ્રશ્નો પર વધુ ધ્યાન આપી તેમને ગરીબી રેખાથી ઉપર
લાવવા સઘન પ્રયત્નો કરવાના રહેશે.

શ્રી ચંદ્રકાન્ત પટેલે ''એક આદિવાસી ગામમાં સામાજિક-આર્થિક પરિવર્તન''
વિશે લેખ રજૂ કર્યો હતો. આ લેખમાં તેમને બનાસકાંઠા જિલ્લાના રીછડી ગામમાં
ત્રણ દાયકામાં થયેલ ફેરફારોની માહિતી આપી હતી. આ ગામનો અભ્યાસ
આદિવાસી કેન્દ્ર તરફથી ૧૯૬૯માં કરવામાં આવ્યો હતો. ત્યાર પછી બેવાર
૧૯૭૯ અને ૧૯૮૯માં તેની પુનઃતપાસ કરવામાં આવી હતી. ત્રીસ વરસમાં ગામમાં
પાયાની સુવિધાઓ વધેલી જોવા મળી હતી. ગામના લોકોનો મુખ્ય ધંધો ખેતીનો
છે. તેમ છતાં ખેતી વિકાસને જોઇએ તેટલું પ્રોત્સાહન મળ્યું નથી. શિક્ષણ ક્ષેત્રે પણ
ત્રીસ વરસમાં ખાસ ફેરફાર જોવા મળ્યો નથી. ગામમાં શિક્ષણ પ્રત્યેની સભાનતા
હજુ સુધી કેળવાઈ નથી. સ્થાનિક રોજગારી અને આજુબાજુ વિસ્તારમાં રોજગારીની
ઓછી તકોને કારણે તેમના જીવનસ્તરમાં બહુ પરિવર્તન આવ્યું નથી.

ડૉ. રેખાબહેન મહેતાએ ''ગુજરાતની આદિવાસી સ્ત્રીઓમાં શિક્ષણ''
ભૂતકાળનું મુલ્યાંકન અને ભવિષ્યનીતિ'' અંગેનો લેખ રજૂ કર્યો હતો. ગુજરાતના
આદિવાસીઓમાં પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું ઓછું
છે. ૧૯૬૧માં સ્ત્રીઓમાં સાક્ષરતા ૧૧.૬૯ ટકા હતી જે વધીને ૧૯૮૧માં ૨૧.૧૫
ટકા થઇ હતી. જ્યારે રાજ્યમાં બિન આદિવાસી સ્ત્રીઓમાં અને અનુસૂચિત જાતિની
સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ અનુક્રમે ૩૨.૩૧ ટકા અને ૨૫.૦૧ ટકા હતું. ગુજરાતમાં

સ્ત્રીઓ મા
શિક્ષણમાં
કેટલાક તા
આદિવાસી
પ્રોત્સાહક
પ્રભાવ''
કામોમાં
કામ સાર
આપવી જો
જોઇએ.
આભાર વ
લેખોની
ડીપાર્ટમે
બેઠકમાં
ભાગ લીધે
કલ્ચરલ
સંભાળ્યું
શ્રી દિ
આ અંગે
જો આ
કેટલાક
જોઇએ.
સફળ થયે
૨૨ મેમાં
રેખાથી ઉ
નથી. પયા

સ્ત્રીઓ માટે તો દરેક કક્ષાએ મફત શિક્ષણની વ્યવસ્થા હોવા છતાં આદિવાસીઓ શિક્ષણમાં હજુ ઘણી પાછળ છે. ગુજરાતના ૩૨ આદિવાસી તાલુકાઓમાંથી પણ કેટલાક તાલુકાઓમાં સ્ત્રી સાક્ષરતામાં ઘટાડો નોંધાયો છે. આઠમી યોજનામાં આદિવાસી કન્યાઓ વધુમાં વધુ શિક્ષણ મેળવે તે માટે સુવિધાઓ ઊભી કરી પ્રોત્સાહક પગલાં લેવા જોઈએ.

શ્રી અરુણભાઈ પટેલે ''આદિવાસીઓમાં નવી ટેકનોલોજીનો ઉદય અને પ્રભાવ'' પર લેખ રજૂ કરતાં જણાવ્યું હતું કે આદિવાસી સ્ત્રીઓ રોજબરોજના કામોમાં ખૂબ જ વ્યસ્ત હોય છે. તેમ જ પશુઓની સંભાળ પોતે રાખે છે. આ બધું કામ સારી રીતે પાર પાડી શકે તે માટે તેમને નવી ટેકનોલોજીની જાણકારી આપવી જોઈએ અને આ માટે તેમને તેના સ્વીકાર માટે તાલીમની વ્યવસ્થા કરવી જોઈએ.

આ બેઠકનું સફળતાપૂર્વક સંચાલન કરવા બદલ પ્રોફેસર વિદ્યુત જોષીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

તા. ૫-૩-૯૨ના રોજ સવારની બેઠકમાં તા. ૪-૩-૯૨ના રોજ વંચાયેલ લેખોની ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકનું અધ્યક્ષસ્થાન ડૉ. ડી. આર. શાહ, ડીપાર્ટમેન્ટ ઓફ રૂરલ સ્ટડી, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ શોભાવ્યું હતું. આ બેઠકમાં અગાઉના પેપરો પર વિગતે ચર્ચા થઈ હતી અને સૌ પ્રતિનિધિઓએ ચર્ચામાં ભાગ લીધો હતો.

તા. ૫-૩-૯૨ના રોજ સવારે ત્રીજી બેઠકનું અધ્યક્ષસ્થાન ઈન્સ્ટીટયુટ ઓફ કલ્ચરલ એન્ડ અર્બન એન્થ્રોપોલોજીના માજી પ્રોફેસર શ્રી હર્ષદભાઈ ત્રિવેદીએ સંભાળ્યું હતું. આ બેઠકમાં કુલ ૧૦ લેખો રજૂ થયા હતાં.

આ બેઠકમાં સૌ પ્રથમ ગુજરાત રાજ્ય વન વિકાસ નિગમના જનરલ મેનેજર શ્રી દિ. મ. નાયકે ''આદિવાસીઓ અને જંગલના પ્રશ્નો'' અંગે પેપર રજૂ કર્યું હતું. આ અંગે તેમને જણાવ્યું હતું કે આદિવાસી વિકાસ માટે ચોક્કસ માળખું હોવું જોઈએ, જો આપણી પાસે ચોક્કસ ઢાંચો હોય તો અગ્રિમતા મુજબ આયોજન થાય. જંગલના કેટલાંક કામો એવાં છે કે જે પૈસા વગર થઈ શકે તેનો આયોજનમાં સમાવેશ કરવો જોઈએ. ઘણીવાર આપણે કોઈ નાનો પ્રોજેક્ટ સફળ થાય તો આદિવાસી વિકાસ સફળ થયો છે અને તેનો મોટો પ્રચાર કરીએ છીએ. દા.ત. કોટવાળિયાઓને ૨૨ પૈસામાં વાંસ આપી શકયા તેથી તેમની આર્થિક સ્થિતિ સુધરી અને ગરીબી રેખાથી ઉપર આવ્યા પરંતુ આપણે તેમને કાયમ ૦-૨૨ પૈસામાં વાંસ આપી શકતાં નથી. પર્યાવરણ અને સાંસ્કૃતિક દૃષ્ટિએ આદિવાસીઓ બિનઆદિવાસીઓ કરતાં

આગળ છે. તેમનો આર્થિક વિકાસ થયો નથી. હજુ પણ આપણે જંગલની નીતિ જે અંગ્રેજોએ આપેલી છે તેમાંથી બહાર આવી શકતા નથી. જંગલમાં લાકડું છે તેમાંથી કરોડો રૂપિયાનું કામ સરકારી ફેરા વગર થઇ શકે એમ છે. જે આદિવાસીઓ પાસે જમીન નથી તેમને જંગલમાં કામ આપવું જોઇએ. જંગલમાં જે તે વિસ્તારમાં જે પેદાશો મળે છે તેને પ્રોસેસ કરી આદિવાસીઓને રોજી આપી શકાય છે તે અંગેના પ્રયત્નો કરવા જોઇએ.

એકશન રીસર્ચ ઇન કોમ્યુનિટી હેલ્થ એન્ડ ડેવલપમેન્ટ આર્ચ માંગરોળના ડૉ. સુદર્શન આયંગરે ''જંગલ વિરુધ્ધ આદિવાસીઓનો દ્વન્દ'' પરના લેખનું વાંચન કર્યું હતું. તેમના લેખમાં તેમને જણાવ્યું હતું કે આપણે Resource based planning કરવું જોઇએ. આપણે જાણીએ છીએ તે મુજબ આદિવાસી વિસ્તારમાં જંગલો કપાઇ ગયા છે. આદિવાસીઓ ઢોળાવવાળી જમીન પર ખેતી કરે છે તેમજ બિનખેતી ક્ષેત્રે આદિવાસીઓને રોજગારી આપવાનું શકય નથી. તેમ જ તેમને શહેરોમાં વસાવી શકીએ એમ નથી ત્યારે તેમના ખેતીના વિકાસ પાછળ વધુ ધ્યાન આપવું જોઇએ. તેમની જમીનને અનુરૂપ ઝાડો ઉગાડવાનો કાર્યક્રમ ઘડી કાઢવો જોઇએ પરંતુ સાથો-સાથ એ ધ્યાન રાખવું જોઇએ કે તેમને માત્ર ઝાડો ઉગાડવામાં રસ નથી પરંતુ ઝાડ-માંથી તેમને કેટલું મળવાનું છે તે જાણશે ત્યારે વધારે કામ કરશે. આમ ઝાડ ઉગાડવા-માં સહભાગીતા મળે તો તે પોતાનું સમજીને કામ કરશે. આઝાદી પછીના ૪૦ વર્ષોમાં આર્થિક વિકાસની જે તરાહ બની તેમાં શહેર તરફ સાધનોનો ધોધ વહયો. ગામડાંને શોષીને, તારાજ કરીને શહેરોને સમૃધ્ધ બનાવવામાં આવ્યાં. સર્વાંગીણ વિકાસના નામે આપણે શું કર્યું આંતરિક સંસ્થાનવાદનું વરવું સ્વરૂપ. પર્યાવરણની કટોકટીના મૂળમાં આ વિકૃત અને અન્યાયી અર્થવ્યવસ્થા છે નહી કે આદિવાસી જવાબદાર છે.

આ પછી વિકસતના કો-ઓર્ડીનેટર શ્રી. રાજુએ ''Forests, foresters and Tribals Needs for Action" અંગેનું પેપર રજૂ કર્યું હતું. તેમને તેમના પેપરમાં એવી રજૂઆત કરી હતી કે વિકાસ માટે તેમની પાસે જે સાધનો છે તેનો ઉપયોગ કરી વિકાસ કરવો જોઇએ. આ સિવાય રોજગારી માટે અત્યારે આદિવાસી સરકાર કેટલી સબસીડી આપે છે તે જુએ છે. આદિવાસીઓ પોતાની મૂળભૂત જરૂરિયાત પૂરી કરવા પૂરતું જ જંગલની સંપત્તિનો ઉપયોગ કરે છે. જંગલના કાયદાઓને કારણે તેમનો આ હકક છીનવાઇ ગયો છે તેવું તેમને લાગ્યા કરે છે. જંગલના કાયદામાં તેમજ જંગલના અધિકારીઓના ભ્રષ્ટાચાર સામે તેમને મોટો રોષ છે. જો આમાં ફેરફાર થાય તો તેઓ જંગલ સાચવવામાં સહભાગી બનશે. તદુપરાંત

તેઓ જે જંગલની પેદાશો એકઠી કરે છે તેના પણ તેમને ઓછા ભાવો મળે છે અને તેમનું શોષણ થાય છે. જંગલની ચીજવસ્તુઓના ઉપયોગના સંશોધનો કરાવી તેનુ બજાર શોધી કાઢવામાં આવે તો ઘણું ઉપયોગી કામ થાય.

સરદાર પટેલ રીસર્ચ ઈન્સ્ટીટયુટ અમદાવાદના સંશોધન અધિકારી શ્રી એમ. ટી. પટેલે'ટીમરુપાન એકત્રિકરણની આદિવાસીઓના જીવન પર અસર'' અંગે પેપર રજૂ કર્યું હતું. આ પેપરમાં રજૂઆત કરતાં તેમને જણાવેલ કે ટીમરુંપાન માનવ જીવનમાં ઘણું ઉપયોગી છે. ટીમરુપાનનું ઉત્પાદનતંત્ર અને વેપાર જુદી જુદી વ્યવસાયો-માંથી પસાર થયો છે. ટીમરુપાનમાંથી એક દિવસમાં એક વ્યક્તિ સરેરાશ ૬ થી ૮ રૂપિયા અનુકૂળ હવામાનમાં કમાઈ શકે છે. ગુજરાતમાં લગભગ ૧,૦૦,૦૦૦ લોકો ટીમરુપાન વીણવાનું કામ કરે છે. જેઓ મોટેભાગે આદિવાસી સ્ત્રીઓ છે. વન વિકાસ નિગમની કુલ આવકના ૪૫ ટકા ઉપરાંતની આવક ટીમરુપાનમાંથી આપે છે. એક મજૂરને ૧૦૦ પુડા એટલે કે ૫૦૦૦ પાન વીણતાં લગભગ ૮ કલાક જેટલો સમય લાગે છે અને નિગમ તેમને ૧૦૦ પૂડાના રૂા. ૭/- ચૂકવે છે. આમ આદિવાસી મજૂરને જંગલ કામની મજૂરીમાં રૂા. ૧૫ થી ૧૭ મજૂરી મળે છે જયારે આ કામમાં તેમને માત્ર રૂા. ૭/- મળે છે. ટીમરુપાન એકત્રિકરણના ભાવ અંગે નિગમે વિચાર કરવો જોઈએ.

આ પછી ગુજરાત રાજયના જંગલ ખાતાના મુખ્ય વન સંરક્ષક ડૉ. શૈલેન્દ્ર સિંહાએ ''ગુજરાતમાં આવેલી વન વસાહત- માહિતી અને સમસ્યા અંગે પેપર રજૂ કર્યું હતું. તેમને તેમના પેપરમાં જણાવેલ છે કે રાજયમાં વનોનું પ્રમાણ હોવું જોઈએ તેના કરતાં ઘણું ઓછું છે. રાજયના કુલ ભૌગોલિક વિસ્તારના લગભગ ૧૦ ટકા વિસ્તાર વનો હેઠળ છે પરંતુ આ વિસ્તારમાં વૃક્ષ આચ્છાદિત વિસ્તાર માત્ર ૫ ટકા છે. આઝાદી પહેલાં વસતિ ઓછી હતી. જંગલો ગીચ હતાં અને લોકોને કાયદાની બીક વધારે હતી ત્યારે જંગલના કામો માટે બહારથી કાયમી ધોરણે મજૂરોને લાવીને જંગલમાં વસાવવામાં આવનાર હતાં. આ માટે જંગલ ખાતાએ ખાસ વસાહતો ઊભી કરી અને આ વસાહતોને વનવસાહત નામ આપવામાં આવ્યું છે. ગુજરાતમાં ૧૧૪ જેટલી વન વસાહતો પૂર્ણપણે વન વિસ્તારમાં વસેલી છે. આ ઉપરાંત ૮૭ રેવન્યુ ગામોમાં પણ વન વસાહતીઓ વસવાટ કરે છે. વન વસાહતીઓની અનેક સમસ્યા છે જેમાં મુખ્યત્વે તે અભણ અને ગરીબ છે. આધુનિક ખેતીના સાધનનો ઉપયોગ નહીવત છે. જૂનાપુરાણા સાધનો દ્વારા ખેતી કરે છે. રેવન્યુ ગામોમાં વસતા લોકોને જે સવલતો ટ્રાઈબલ સબપ્લાન તરફથી આપવામાં આવે છે તે તેમને મળતી નથી. વન વસાહતોને વન વિભાગના લાભો મળે છે તેથી તેમને બીજા લાભો આપવામાં આવતાં નથી. વનવસાહત વિકાસના કાર્યક્રમો હેઠળ વ્યક્તિગત વિકાસના કાર્યો તથા

સામુહિક વિકાસના કાર્યો અંગેનો કાર્યક્રમ પનિષ્ઠ રીતે હાથ ધરાઈ રહ્યો છે પરંતુ વન વસાહતોને બેંક તથા આદિજાતિ વિકાસ નિગમ દ્વારા મળતી લોનના નિયમોમાં લોન પ્રાપ્ત કરવામાં પડતાં અવરોધોનું નિવારણ થઈ શકે તો તેમનો વિકાસ કુદકેને ભૂસકે આગળ વધી શકે. અન્ય આદિવાસીઓની જેમ વન વસાહતીઓને પણ બધા લાભ મળે તે દિશામાં પગલાં લેવાં જોઈએ.

શ્રી જસવંતસિંહ રાઠોડે ''આદિવાસીઓમાં પરંપરાગત વનઔષધ વિશે લેખ રજૂ કર્યો હતો. તેમના પેપરમાં દર્શાવ્યા મુજબ આદિવાસીઓમાં પરંપરાગત વનઔષધિ અંગેના પેઢી દર પેઢીના અનુભવ વિશે પૂછવામાં આવે ત્યારે એક જવાબ તો હોય જ કે ''દરેક ઝાડ કોઈને કોઈ વંશી હોય છે. વનઔષધિની જાણકારી તેમના ભગત-ભૂવા પાસે હોય છે. આદિવાસી સંશોધન તાલીમ કેન્દ્ર પરંપરાગત વન-ઔષધિ અંગે જિલ્લાવાર માહિતી એકઠી કરી છે. આ વિષયના સંદર્ભમાં સંશોધન કાર્ય ઘણું ઓછું થયેલ છે. આ ક્ષેત્રે વધુ સંશોધન કરવાની જરૂર છે. આદિવાસીઓનો વનઔષધિ અંગેનો આ અમૂલ્ય વારસો ટકાવી રાખવો જોઈએ કારણ કે દિન-પ્રતિદિન જંગલો સાફ જતા જાય છે અને જાણકારી પણ ઓછી થતી જાય છે.

કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઈ નાયકે છૂટાછવાયા અને આદિમજૂથ અને આદિવાસી ગરીબોને ઘરથાળ માટે જમીન અને બાળકો માટે અગ્રીમતા વિશેનું પેપર રજૂ કર્યું હતું. સંયુક્ત રાષ્ટ્રસંઘનું માનવીય આવાસ માટેના શોધ અને વ્યવસ્થા માટે સલાહ આપવાનું એક કેન્દ્ર છે જે નૈરોબીમાં આવેલું છે. તેણે ફીનલેન્ડની સરકારના ગૃહમંત્રાલય અને સ્વીડનની બાંધકામ માટેની શોધ સમિતિ સાથે મળીને વિશ્વના બધા દેશોના ગરીબોને ઘરથાળ માટેની જમીન વિશે વિચારણા કરવા માટે એક આંતર-રાષ્ટ્રીય પરિસંવાદ ૧૯૮૪માં ગોઠવ્યો હતો. તેની કેટલીક ચર્ચાઓ તથા કેટલાંક સૂચનો આપણા રાષ્ટ્ર, રાજ્યો, સ્વૈચ્છિક સંસ્થાઓ અને નગર નિગમો વગેરે માટે ઘણાં ઉપયોગી હોઈ તે વિશે આ લેખ તૈયાર કરવામાં આવ્યો છે. આ લેખમાં ગરીબોને માટે ઘરથાળની જમીનમાં આવાસો બાંધવા તેમજ આરોગ્યની સુવિધા ઊભી કરવા માટે નીતિવિષયક સૂચનો કર્યાં છે. લોકકલ્યાણ અને વિકાસ માટે કેવા આંકડા ભેગા કરવા જોઈએ તેનું સૂચન લેખના બીજા ભાગમાં આપેલું છે.

હર્ષિદાબહેન દવેએ ''આદિવાસી બાળકોની સમસ્યાઓ પર લેખ રજૂ કર્યો હતો. તેમણે તેમના લેખમાં આદિવાસી બાળકોના સ્વાસ્થ્ય, વ્યસન, મંદબુદ્ધિવાળા બાળકો અને અપંગ બાળકોના પ્રશ્નો રજૂ કર્યા હતા. તેમણે જણાવેલ કે મંદબુદ્ધિવાળુ બાળક એક જવાબદાર નાગરિક તરીકેની તમામ જરૂરિયાતો સરળતાથી પ્રાપ્ત કરી શકે તે માટેના સઘન પ્રયાસો હાથ ધરાય એ અત્યંત આવશ્યક છે.

સમાજશાસ્ત્ર વિભાગ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના વ્યાખ્યાતા શ્રી ગૌરાંગ જાનીએ ''ગુજરાતના આદિવાસી બાળકોમાં શ્રમ અને શિક્ષણ'' અંગેનો લેખ રજૂ કર્યો હતો. તેમનો લેખ દક્ષિણ ગુજરાતના ડાંગ, વલસાડ, સુરત અને ભરુચ જિલ્લાઓના ક્ષેત્રકાર્ય પર આધારિત હતો. ગુજરાતમાં પાંચથી ચૌદ વર્ષના કુલ સાડાતેર લાખ બાળકો છે. તેમાંથી ૬૭ ટકા બાળકો શાળાએ જતાં ન હતાં. શાળાએ ન જતાં બાળકોમાં છોકરીઓનું પ્રમાણ વધુ છે. એક બાજુ આદિવાસી બાળકોમાં શાળાએ જવાનું પ્રમાણ ઓછું છે ત્યાં સીમાન્ત કામ કરનારા બાળકોનું પ્રમાણ વધુ છે. સાથોસાથ તેમનામાં બાળમજૂરોનું પ્રમાણ પણ વિશેષ જોવા મળ્યું હતું. ગુજરાતમાં આદિવાસી શિક્ષણની એક સદી પૂર્ણ થયા પછી આજે પણ મોટાભાગના બાળકો શિક્ષણથી વંચિત છે. સો વરસના સમય પ્રવાહમાં ગુજરાતના ઉચ્ચવર્ગના કુટુંબોએ શિક્ષણમાં પગદંડો જમાવ્યો છે, પાછળ રહી ગયા છે વનવાસીઓ શા માટે ? આ પ્રશ્ન સામાજિક પરિવર્તનના પુરસ્કર્તાઓને દાયકાઓથી મુંઝવે છે. આ પ્રશ્નો અંગે અને તેના કારણો અંગે કેટલે અંશે સર્વસંમતિ છે, વિવાદ છે કારણોની અસરકરતામાં અને ઉકેલની દિશામાં એક તરફ શિક્ષણ સુધારવાના હામીઓ છે તો બીજી તરફ ઓળખાગત પરિવર્તનના આગ્રહીઓ છે. આ બંને છેડાને આપણે વર્તમાન માળખામાં રહીને કેવી રીતે ભેગા કરી શકીએ એની મથામણ આજથી જ શરૂ કરીએ.

આ પછી શ્રી અરુણભાઈ પટેલે ''ઉચ્ચશિક્ષણમાં અભ્યાસ કરતા આદિવાસી વિદ્યાર્થીઓમાં વસ્તી શિક્ષણ વિષાયક વલણ અંગે લેખ રજૂ કર્યો હતો. વસ્તી વિસ્ફોટ એ રાષ્ટ્રની પડકારરૂપ સમસ્યા છે. ગરીબાઈ અને પાયાની સગવડો અને સેવાઓની તંગીએ ભારે વસ્તી વધારા માટે જવાબદાર છે. શિક્ષિત આદિવાસી યુવાનોને કુટુંબ-નિયોજનની સાથોસાથ વસ્તિ શિક્ષણ આપવું જોઈએ.

શ્રી હર્ષદભાઈએ બીજી બેઠકનું સંચાલન સફળતાપૂર્વક કર્યું હતું.

ચોથી બેઠકનું અધ્યક્ષસ્થાન ડૉ. શૈલેન્દ્ર સિંહાએ લીધું હતું. આ બેઠકમાં કેન્દ્રના નિયામકશ્રી ડૉ. ઠાકોરભાઈ નાયકે ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત આદિવાસી કેન્દ્રની માહિતી આપી હતી. કેન્દ્રના મુખ્યત્વે ત્રણ કામો છે. (૧) સંશોધન (૨) તાલીમ (૩) સંગ્રહાલય. કેન્દ્રએ ૧૯૬૨થી ૧૯૯૨ સુધીમાં નાનામોટાં સંશોધન અભ્યાસો કર્યા છે. આ કેન્દ્રમાં ગુજરાતની બધી અનુસૂચિત જનજાતિ વિશે સંશોધન કરવામાં આવ્યું છે. આ સિવાય પછાતવર્ગો તેમ જ હરિજનો વિશે પણ જાણકારી મેળવવામાં આવી છે. સરકાર દ્વારા આદિવાસીઓ માટે થતા વિકાસ કાર્યક્રમોનું પણ મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. જેમ કે સિંચાઈ મૂલ્યાંકન, મત્સ્યઉદ્યોગ, આવાસ મૂલ્યાંકન વગેરે આદિવાસીઓની શિક્ષણ સમસ્યા પર પણ સંશોધન અભ્યાસો હાથ ધરવામાં આવ્યા છે. જેમાં

આશ્રમશાળાનું મુલ્યાંકન, પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે થતો અપવ્યય અને સ્થગિતતા, ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓના પ્રશ્નો, સ્ત્રીશિક્ષણના પ્રશ્નો વગેરે કેન્દ્ર દ્વારા માહિતિ ઘણી વિપુલ પ્રમાણમાં એકઠી કરવામાં આવી છે. એના તારણો પણ ઘણાં ઉપયોગી છે. પરંતુ આ બધા અભ્યાસોમાં બધી સમસ્યાઓ એકબીજા સાથે સંકળાયેલી છે તે નથી જોવાતું. આદિવાસી-બિનઆદિવાસીની એકતા પણ નથી જોવાતી તો પછી Maso & Macro ને તો ક્યાંથી જોવાય ? સંશોધન અહેવાલોમાં ઘણી કચાશ છે. જોડણી, ભાષા અને વાક્યરચનાની ઘણી ભૂલો છે. એમાં સાહિત્યિક છાંટ આવતી નથી. કેન્દ્રની બીજી પ્રવૃત્તિ તાલીમની છે. તાલીમ થોડી થઈ છે પણ એ Technical છે. તાલીમ અંગે બીજા વિભાગના રસ લેતા નથી. તાલીમથી વિકાસ થાય છે તે સમજવું જોઈએ. તાલીમ અંગે પણ વ્યવસ્થિત આયોજન કરવું જોઈએ.

આ પરિસંવાદનો પૂર્ણાહૂતિ સમારંભ તા. ૫-૩-૯૨ના રોજ સાંજે ૪-૦૦ વાગે રાખેલ. ગુજરાત રાજ્ય આદિવાસી વિકાસ વિભાગના સચિવશ્રી અર્જુનસિંહ પધારવાના હતા પરંતુ તેમના અન્ય રોકાણોને કારણે આવી શક્યા નહોતાં. અંતમાં ડૉ. ગૌરીશંકર પંડયાએ પરિસંવાદમાં પધારેલ મહાનુભાવો તેમજ જુદી જુદી સંસ્થાના પ્રતિનિધિઓનો પરિસંવાદને સફળ બનાવવા બદલ આભાર માન્યો હતો.

પરિસંવાદના વંચાયેલ બધા પેપરોમાંથી જે મુદ્દાઓ ઉપસ્થિત થયા અને ચર્ચાઓ થઈ તેના આધારે પરિસંવાદની ફલશ્રુતિ નીચે મુજબ તારવી છે.

<u>પરિસંવાદની ફલશ્રુતિ અને સૂચિત ઠરાવો :-</u>

૧.૧ આદિવાસી વિકાસનો પ્રશ્ન એ સમગ્ર સમાજનો પ્રશ્ન છે. તેને અલગ પાડીને આપણે વિચાર કરી શકીએ તેમ નથી. પછાતવર્ગ માટે સહચિંતન થવું જોઈએ. સરકારની આગળ વિચારનારા મંડળો હોવા જોઈએ. દૂરગામી પરિણામો વિશે વિચારવું જોઈએ અને મૂલ્યાંકન કરતાં રહેવું જોઈએ.

૧.૨ આદિવાસી વિકાસને એક સતત પ્રક્રિયા તરીકે ગણીને લાંબાગાળાનું આયોજન વિચારી નક્કી કરી દરેક યોજનાને તેનાં ભાગરૂપે બેસાડવી જોઈએ. ૮મી યોજના આ રીતે કરવાનું શરૂ થાય એ ઈચ્છનીય છે.

૧.૩ આદિવાસી સમાજ અતિ પ્રક્ષુબ્ધ છે, ચિંતા-તરસંપાની સ્થિતિમાં છે તેને માટેનું આયોજન તેની આ પાનકિતાને ઓળખીને કરવાનું છે.

(૨) વિકાસની પ્રક્રિયા એ નાની વાત નથી. આજે નાણાંના અભાવે વિકાસમાં ખામી છે એમ કહી શકાય એમ નથી. વિકાસના નામે ઘણા પૈસા ખર્ચાય છે તેમ છતાં છેલ્લામાં છેલ્લા માણસને વિકાસનો લાભ મળતો નથી તો તેના અવરોધો કયાં છે તે શોધી કાઢી તેને દૂર કરવાં જોઈએ અને વિકાસ વ્હેરણ તરફ વાળવો જોઈએ.

(૩) આદિવાસીઓ સામાજિક-આર્થિક રીતે અન્ય સમાજની સરખામણીમાં ઘણાં પાછળ છે. તેમનામાં ગરીબાઈનું પ્રમાણ વિશેષ છે. આદિવાસીઓનો પ્રશ્ન સ્થાનિક રોજગારીનો છે. સ્થાનિક રોજગારી ઊભી કરવી જોઈએ. જમીન બધા પાસે નથી અને જમીન પરનું દબાણ ( વધતું જાય છે. ઘરઆંગણે વધુમાં વધુ રોજગારી ઊભી કરવી જોઈએ. નવા નવા ગ્રામોદ્યોગો ગમે ત્યાં શરૂ થવા જોઈએ.

(૪) આદિવાસી વિકાસ અંગે ગુજરાતમાં ઘણી ગંભીરતા છે. આદિવાસી સમાજ એ શ્રમપ્રધાન સમાજ છે. મજૂરીની શોધમાં તેમને જુદી જુદી જગ્યાએ સ્થળાંતર કરવું પડે છે. તેમનામાં શ્રમબેંકનો ખ્યાલ પરિચિત કરવો જોઈએ. શ્રમની સામે એમને ધિરાણ મળવું જોઈએ એ ખ્યાલ વધુને વધુ પ્રચલિત થવો રહયો.

(૫) આદિવાસી વિસ્તારના ગામોમાં પાયાની સુવિધા ઉપલબ્ધ નથી. આદિવાસીઓને પાયાની સુવિધા, શૌચાલય, નિર્ધૂમચૂલા, પીવાનું પાણી, આરોગ્યની સેવાઓ વગેરે મળી રહે તે પર વધુ ધ્યાન આપવું જોઈએ.

(૬) સામાન્ય રીતે આપણે વિકાસના પ્રત્યક્ષ કામ માટે સરકાર પર આધાર રાખીએ છીએ પરંતુ આવાં બધાં કામ સરકાર દ્વારા થાય એ જરૂરી નથી. વિકાસના કામોમાં લોકોએ સહભાગી બનવું જોઈએ. આદિવાસીઓ માટે લોક આયોજન (People's Tribal Plan ) કરવું જોઈએ. નીચેથી આયોજન (Grass root level )થવું જોઈએ. લોકોને સાથે રાખીને આયોજન કરવામાં આવે તો કાર્યક્રમ સારી રીતે પાર પડે છે.

(૭) ગુજરાતના આદિવાસીઓમાં સ્થળાંતરનો પ્રશ્ન ઘણો જ મોટો છે. પશ્ચિમની પટ્ટીમાં પૂર્વની પટ્ટીના લોકો કામ કરે છે. આપણે ત્યાં Inter State Migrant Act છે તેને લીધે બહારના મજૂરોને સવલતો મળે છે. અંદરના સ્થળાંતરિતોને રક્ષણ નથી. અંદરના સ્થળાંતરિતોને બહારના મજૂરોની જેમ રક્ષણ આપવું જોઈએ.

(૮) ગુજરાત રાજ્યમાં સાતમી પંચવર્ષીય યોજનામાં આદિવાસી વિસ્તાર પેટા-યોજના હેઠળ જે નાણાંકીય જોગવાઈ કરવામાં આવી હતી તેના ૯૯ ટકા ખર્ચ કરવામાં આવ્યો છે. રાજ્યમાં દુષ્કાળ અને અછતની પરિસ્થિતિ હોવા છતાં બધાં લક્ષ્યાંકો પૂરા કરવામાં આવ્યા છે. સાતમી યોજનામાં ૪.૩૦ લાખ આદિવાસીઓને સહાય કરી ગરીબી રેખાથી ઉપર લાવ્યા હતા. આદિવાસી વિસ્તારમાં સમતોલ વિકાસ થયો નથી. વિસ્તારો વચ્ચે અને જુદી જુદી આર્થિક અસમાનતાઓ પ્રવર્તે છે. આઠમી યોજનામાં પછાત વિસ્તારો અને આર્થિક રીતે પાછળ રહી ગયેલ જાતિઓ પર વધુ ધ્યાન આપવું જોઈએ.

(૯) અનુસૂચિત જનજાતિના ખેડૂતો ડુંગરાળ પ્રદેશમાં વસતાં હોવાથી તેઓની જમીન પથરાળ, ઢાળવાળી અને છીછરી હોવાથી ફળદ્રુપતા ઓછી હોય છે તેથી તેની ઉત્પાદકતા ઓછી છે. તેમની જમીનમાં પિયતની સગવડ પણ ઓછી છે. તેમની જમીનનો વિકાસ પિયતની સગવડ અને વધુમાં વધુ નવી ટેક્નોલોજીનો ઉપયોગ કરતાં થાય તે માટેના સઘન પ્રયાસો કરવા જોઈએ. આ અંગે આદિવાસી ખેડૂતોને તાલીમ આપવાની વ્યવસ્થા માટે યોજનાબધ્ધ વિચાર કરવો જોઈએ.

(૧૦) આદિવાસી વિસ્તારમાં દૂધ તથા ઈંડાનું ઉત્પાદન વધે અને સાથોસાથ આદિવાસી લોકો પશુધન પેદાશો દ્વારા પૂરક આવક મેળવી શકે તે માટે ૫૦ ટકા ધોરણે દૂધાળા પશુઓની ખરીદી તથા મરઘાં એકમોની સ્થાપના માટે આર્થિક સહાય આપવામાં આવે છે. આ કાર્યક્રમ વધુ સઘન બનાવવો જોઈએ. રાજ્યના અમુક આદિવાસી વિસ્તારમાં દૂધઉત્પાદક સહકારી મંડળીનું કામ બેનમૂન છે જ્યારે અમુક વિસ્તારમાં તે બરાબર કાર્યરત નથી. આવી મંડળીઓની ખામીઓ દૂર કરી તેને મજબૂત બનાવવી જોઈએ. તદુપરાંત નવી દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની પણ સ્થાપના કરવી જોઈએ.

(૧૧) પશુપાલનના ઉછેર માટેના બીનઆદિવાસી વિસ્તારોમાં ચાલતા કાર્યક્રમોમાંથી શક્યતઃ લાભ આદિવાસી વિસ્તારના કાર્યક્રમને પણ આપવો જોઈએ. દા.ત. શંકરસંવર્ધન કાર્યક્રમ, બીજ ઉત્પાદન કેન્દ્રો, ઘાસચારા બેંક, ઘાસચારા બીજ ઉત્પાદન ફાર્મ, પોષણક્ષમ આહાર વગેરે.

(૧૨) રાજ્યમાં મોટાભાગના આદિવાસીઓ મત્સ્ય ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. તેમના ઉત્કર્ષ માટે જુદા જુદા કુટુંબલક્ષી કાર્યક્રમો પણ નક્કી કરવામાં આવ્યા છે. આદિવાસી યુવકોને વધુ પ્રમાણમાં મત્સ્યઉદ્યોગની તાલીમ આપી, સાધનો આપી સ્વયંનિર્ભર બનાવવા જોઈએ. રાજ્યમાં આ ઉદ્યોગના વિકાસ માટે ઘણી

શકયતાઓ રહેલી છે. મત્સ્યઉદ્યોગ સાથે સંકળાયેલ આદિવાસીઓનું વેપારી દ્વારા ઘણું શોષણ થતું હોય છે. તેમનો માલ ઘણા ઓછા ભાવે લઈ લેવામાં આવે છે. તેમનું શોષણ અટકાવવા માટે મત્સ્યઉદ્યોગ સહકારી મંડળીઓની સ્થાપના કરી તેમને તેમના માલના વ્યાજબી ભાવ મળે તે માટેના પ્રયત્નો કરવા જોઈએ. આ દિશામાં રાજ્યમાં ગુજરાત રાજ્યનું સ્ટેટ ફીશરીઝ ડેવલપમેન્ટે કામ કરવું જોઈએ.

(૧૩) આદિવાસીઓનો પ્રશ્ન એટલે વિકાસ માટે કેટલીક ચીજો આપી દેવાનો પ્રશ્ન નહી. આપણે આદિવાસી વિકાસ ઈચ્છતા હોઈએ તો આદિવાસીઓના હાલ પ્રવર્તમાન જમીન, અને જંગલના સંબંધો તથા આદિવાસી બિનઆદિવાસી સંબંધોમાં ધરમૂળથી પરિવર્તન લાવવું પડશે.

(૧૪) આદિવાસીઓના જમીનના પ્રશ્નોમાં જમીન હસ્તાંતર ( Land Alienation ) એ ઘણી મોટી સમસ્યા છે. આદિવાસીઓની જમીન કાયદાની છટકબારીને કારણે બિનઆદિવાસીઓના હાથમાં સરકી રહી છે આનો યોગ્ય ઉપાય શોધવો જોઈએ.

(૧૫) આદિવાસીઓના વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓનું ઘણું મોટું યોગદાન છે તેમ છતાં સ્વૈચ્છિક સંસ્થાઓ વિસ્તાર અને પ્રશ્નોના પ્રમાણમાં ઘણી ઓછી સંખ્યામાં છે. સ્વૈચ્છિક સંસ્થા અમૂક વિસ્તારમાં કેન્દ્રિત થયેલી છે. તેનો વ્યાપ વધારવો જોઈએ. તેમાં સંકલનનો અભાવ છે માટે સંકલન થવું જોઈએ.

(૧૬) ગુજરાતમાં અન્ય રાજ્યની સરખામણીમાં સ્વૈચ્છિક સંસ્થાઓ ઘણું કામ કર્યુ છે અને ગુજરાત સરકારે સ્વૈચ્છિક સંસ્થાને સાથે રાખીને કામ કર્યુ છે. સ્વૈચ્છિક કાર્યકરો અને અમલદારોનો સમન્વય એ ગુજરાતની વિશિષ્ટતા છે. સ્વૈચ્છિક સંસ્થાનો લોકસંપર્ક વધુ હોવાથી વધારે સારી રીતે કામ કરી શકાય તે માટે આયોજન વખતે તેમને મહત્વ આપવું જોઈએ.

(૧૭) સ્વૈચ્છિક સંસ્થાઓ પોતાની ચીલાચાલુ મર્યાદાથી આગળ વધતી નથી એ મર્યાદા છોડવી જોઈએ. મોટેભાગે સ્વૈચ્છિક સંસ્થાઓ શિક્ષણ સિવાય વિકાસના બીજા કામોમાં રસ લેતી નથી. તેમને અન્ય પ્રવૃત્તિ પણ કરવી જોઈએ. આર્થિક વિકાસના કામો ઉપાડી લેવા જોઈએ.

(૧૮) સ્વૈચ્છિક સંસ્થાન રાજ્ય સરકારની ગ્રાન્ટ પર નિર્ભર છે આથી સ્વૈચ્છિક સંસ્થાનું ઉચ્ચસ્તર પર મોનેટરીંગ કરવું જોઈએ.

(૧૯) સ્વૈચ્છિક સંસ્થા માટે કોઇ મોટો પડકાર હોય તો આ વર્ગના લોકોને
એમની કામગીરી પ્રત્યે આકર્ષવા જોઇએ. આદિવાસી વિકાસમાં કાર્યમાં
આગળ પડતો ભાગ લઈ શકે તેવા ઘણા શિક્ષિત યુવાનો છે. ગામડાંમાં છે
તેની શક્તિનો ઉપયોગ કરી નવી હરોળ ઊભી કરવી જોઇએ.

(૨૦) સ્વૈચ્છિક સંસ્થામાં બીજી હરોળની નેતાગીરી કે સામુહિક નેતાગીરીનો
અભાવ છે. સામુહિક નેતાગીરી ઊભી કરવી જોઇએ. આ સંસ્થાઓએ સ્વ-
કેન્દ્રિયકરણના તથા અધિકારશાહીના અતિરેકથી અટકી જવું જોઇએ.

(૨૧) રાજ્ય સરકારે રાજ્યમાં આદિમજૂથ માટે સુંદર વહીવટી માળખું ગોઠવ્યું છે.
તેઓ સામાજિક-આર્થિક રીતે ઘણાં પછાત છે. આદિમજૂથના વિકાસ કાર્યક્રમો
પાછળ સરકારે સારી રકમ ખર્ચી છે. આ જૂથમાં જે કુટુંબોને એકપણ યોજનાનો
લાભ મળ્યો નથી એવા કુટુંબોને લાભ આપવો જોઇએ અને ગરીબી રેખાથી ઉપર
લાવવા જોઇએ.

(૨૨) આદિમજૂથના લોકોની રહેણાંકની સ્થિતિ ઘણી જ કફોડી છે. આઠમી
યોજનામાં તેમને માટે ગૃહ નિર્માણની પ્રવૃત્તિ કરવી જોઇએ.

(૨૩) આદિમજૂથના લોકોમાં સાક્ષરતાનું પ્રમાણ ઘણું જ ઓછું છે જ્યારે બહેનોમાં
તો ઘણી જ ઓછી સાક્ષર છે. આદિવાસીઓના શિક્ષણ પર ધ્યાન આપવું
જોઇએ. આદિમજૂથની બહેનો માટે આઠમી યોજનામાં સઘન પ્રયાસો કરવા
જોઇએ.

(૨૪) રાજ્યમાં ૨૦ ટકા વસતી છૂટીછવાયી છે તેમાં મુખ્યત્વે હળપતિ, ભીલ, રાઠવા
છે. આ લોકોના ખેતી, મજૂરી, શિક્ષણ અને આરોગ્યના પ્રશ્નો વિશેષ છે.
તેમના રહેણાંકો પાસે પાયાની સુવિધા નથી. આદિવાસી કેન્દ્ર છૂટીછવાયી
વસતિનું સર્વેક્ષણ કરી સરસ અહેવાલ તૈયાર કર્યો છે. તેને પાયાનું સંદર્ભ પુસ્તક
ગણી આઠમી યોજનામાં તેમના પ્રશ્નો પર વધુ ધ્યાન આપી તેમને ગરીબી
રેખાથી ઉપર લાવવા માટેના સઘન પ્રયાસો કરવા જોઇએ. વેરવિખેર આદિવાસી-
ઓને પણ શિક્ષણ અને રોજગારી ક્ષેત્રે અન્ય આદિવાસીઓની જેમ લાભ
આપવો જોઇએ.

(૨૫) ગુજરાતના આદિવાસીઓમાં પુરુષો કરતાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ
ઓછું છે. અનુસૂચિત જાતિની સરખામણીમાં પણ આદિવાસી સ્ત્રીઓ પાછળ છે.
આદિવાસીઓમાંથી નિરક્ષરતા દૂર કરવી જોઇએ. ખાસ કરીને આદિવાસી
મહિલા નિરક્ષર ન રહેવી જોઇએ. આદિવાસી કન્યાઓ માટે વધુમાં વધુ
શિક્ષણની સુવિધાઓ ઊભી કરવી જોઇએ.

(૨૬) આદિવાસી સ્ત્રીઓ રોજબરોજના કામોમાં બહુ જ વ્યસ્ત રહે છે. આદિવાસી મહિલાઓ પશુઓની સંભાળ રાખતી હોય છે. ખેતીના કામમાં પણ એ ઘણો મહત્વનો ભાગ ભજવે છે. આ બધું કામ સારી રીતે પાર પાડી શકે તે માટે નવી ટેકનોલોજીની જાણકારી તેમને આપવી જોઈએ. આ માટે આદિવાસી મહિલાઓને તાલીમ આપવી જોઈએ જેથી તેઓ સાદી નવી પણ સરળ ટેકનોલોજી અપનાવી શકે.

(૨૭) આદિવાસીઓ વરસોથી જંગલ સાથે જોડાયેલા છે જે આદિવાસીઓ પાસે જમીન નથી તેમને જંગલમાં કામ આપવું જોઈએ. જંગલમાં ઉપલબ્ધ પેદાશો પ્રોસેસ કરી આદિવાસીઓને રોજી આપી શકાય એમ હોય તો તેવા પ્રયત્નો કરવા જોઈએ.

(૨૮) આદિવાસીઓ ઢોળાવવાળી જમીન પર ખેતી કરે છે તેમ જ બિન ખેતીક્ષેત્રે આદિવાસીઓને મોટા પાયા પર રોજગારી આપવાનું શક્ય નથી ત્યારે તેમની જમીનને અનુરૂપ ઝાડો ઉગાડવાનો કાર્યક્રમ ઘડી કાઢવો જોઈએ અને આ કામમાં આદિવાસીને સહભાગી બનાવવામાં આવશે તો તે પોતાનું સમજીને કામ કરશે.

(૨૯) આદિવાસીઓને જંગલના કાયદામાં તેમ જ જંગલના અધિકારીઓના ભ્રષ્ટાચાર સામે મોટો રોષ છે. જો આમાં ફેરફાર થાય તો તેઓ જંગલ સાચવવામાં સહભાગી બનશે.

(૩૦) આદિવાસીઓ વન્ય પેદાશ એકઠી કરે છે. વન્ય પેદાશોના તેમને ઓછા ભાવ મળે છે અને તેમનું શોષણ થાય છે. જંગલની ચીજવસ્તુઓના ઉપયોગના સંશોધનો કરાવી તેનું બજાર શોધી કાઢવામાં આવે તો ઘણું ઉપયોગી કામ થાય.

આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળની હજુ પણ જમીન વિકાસ કરવાની ઘણી જ આવશ્યકતા રહેલી છે. અને તે માટે આઠમી પંચવર્ષીય યોજનામાં વોટરશેડ ડેવલોપમેન્ટ અંગેની તથા અન્ય જમીન વિકાસ અંગેની કામગીરી પહેલાં કરતાં વધુ વેગથી આગળ રાખવામાં આવેલ છે. પાકોનું વધુ ઉત્પાદન મેળવવા માટે જમીન વિકાસ એ પાયાની જરુરીયાત હોવાથી નાણાંકીય ઉપલબ્ધતાની મર્યાદામાં મહત્તમ અગ્રિમતાના ધોરણે અમલમાં મુકાય તે ખાસ ધ્યાન દોરે તેવી બાબત છે. અને ખાસ ધ્યાન આપવું જરુરી છે.

ખેતીના પ્રશ્નો :-
::::::::::::::

અનુ.જનજાતિના ખેડૂતો શૈક્ષણિક રીતે તથા આર્થિક રીતે અને સામાજિક રીતે પછાત હોવાના કારણે તેમના વિસ્તારમાં મશાલિકા ખેતી પધ્ધતિથી ખેતી કરી રહેલા હતા. જેના કારણે તેઓની પાસે જ કુદરતી સંપત્તિ જેવી જમીન મળેલ હતી તેમાં, સ્થાનિક બિયારણોનો ઉપયોગ કરીને ખેતી કરતા હતા. સામાન્ય રીતે રા. ખાતરો, પાક સંરક્ષક દવાઓ, સુધારેલ ખેત ઓજારોનો ઉપયોગ વગેરે કરતા ન હોવાથી ઘણું ઓછું ઉત્પાદન મેળવવાના કારણે તેઓનું વાર્ષિક જરુરીયાત મુજબનું ઘણું ઓછું ઉત્પાદન મેળવવાના કારણે તેઓની વાર્ષિક જરુરીયાત મુજબની પણ આવક ન મેળવી શકતા હોવાથી શ્રમિક વર્ગ તરીકેની પણ કામગીરી કરતા હતા. ડુંગરાળ, ઢાળવાળી જમીન હોવાથી પિયતની સગવડતાનો અભાવ, આર્થિક પરિસ્થિતિ નબળી હોવાના કારણે તેઓ કુવા જેવું મોંઘું સાધન બનાવી શકતા ન હતા. તથા બળદ, ગાડા સુધારેલ ખેત ઓજારો, જંતુનાશક દવા અને પાક સંરક્ષણ સાધનો વસાવીને ઉપયોગ કરી શકતા ન હતા. લોન પણ પ્રમાણમાં મળતી ન હતી. આ પરિસ્થિતિમાં મીકેનાઇઝ્ડ ખેતીની અપનાવવાની વાત વિચારી શકાય નહીં. તેઓના વસવાટ છૂટો છવાયો હોવાથી વિસ્તરણ સેવાઓ પણ પુરતી ઉપલબ્ધ ન હોવાથી ખેતી અંગેની આધુનિક ખેતીનું જ્ઞાન ધરાવતા ન હતા. ખેતી ઉત્પાદન થયેલી માલની માર્કેટીંગ સુવિધાઓ નજીકમાં ન હોવાથી પુરતા ભાવ અને વળતર મળતું ન હતું. આ બધા કારણોને લીધે તેઓ પોતાની ખેતીમાંથી પોષણક્ષમ ઉત્પાદન મેળવી શકતા ન હતા.

ઉપરોક્ત બાબતોને ધ્યાનમાં લઇને આદિવાસી વિસ્તાર પેટા યોજના અમલમાં મૂકવામાં આવ્યા પછી અનુ. જનજાતિના ખેડૂતો પોતાની ખેતીમાં સારુ સુધારેલ વધું ઉત્પાદન આપતી જાતોનું બિયારણ વાપરતા થાય. રા. ખાતરો વધુ વાપરતા થાય અને વાપરવાથી થતો તેના ફાયદાથી પ્રત્યક્ષ પોતાના ખેતરમાં

જાણકારી મેળવતા થાય તે માટે ૨૦ ગુંડાના વિસ્તાર માટે જરુરી બિયારણ અને રા. ખાતર ૫૦ ટકા રાહત દરે રુા. ૧૫૦/- ની ઉતત્તમ મર્યાદામાં ઈન્પુટ કીટસ ખરીફ સિઝનમાં અને રવિ સિઝનમાં બે એમ વર્ષ દર મ્યાન ૪ કિટસ રુા. ૬૦૦/-ની મર્યાદામાં સહાય આપવાની યોજના, જંતુનાશક દવા અને પાક સંરક્ષણ સાધનો માં ૫૦ ટકા સહાય, સુધારેલ ખેત ઓજારમાં બળદગાડા, બળદગાડા, રબ્બરવાળા ટાયરવાળા ગાડા, નવા કુવાઓ બનાવવા, ઓઈલ એન્જીન, ઈલેકિટ્રક મોટર પંમ્પસેટ વગેરેમાં ૫૦ ટકા જેવી આકર્ષિક સહાય આપવાની યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ હતી. જેમ જેમ સમય જતો ગયો તેમ તેમ ખેત ઉત્પાદન માટે જરુરી યોજનાઓ જેવી કે સ્પ્રીકલર પિયત પધ્ધતિ, ડ્રીપ ઈરીગેશન પધ્ધતિ, મુવેબલ પાઈપ લાઈન, ખોળ અને લીલો પડવાશમાં સહાય જીપ્સમનો ઉપયોગ બાયો ફર્ટીલાઈઝર નો વપરાશ તથા જુના કુવા ઉંડા કરવા માટે બોરીંગ બ્લાસ્ટીંગમાં સહાય વગેરે યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે. અનુ.જનજાતિના ખેડૂતોને આધુનિક ખેતી અંગેનું જ્ઞાન મળી રહે તે માટે આદિવાસી વિસ્તાર પેટા યોજનામાં ખેડૂતતાલીમ કેન્દ્રો પણ શરુ કરવામાં આવેલ છે. જેમાં ખેડૂત ભાઈઓ અને બહેનોને પણ તાલીમ આપવામાં આવે છે. તથા આ ખેડૂતોને ખેતી અંગેની પુરતી વિસ્તરણ સેવાઓ મળી રહે તે માટે ખેતી વિસ્તરણ સેવાઓનું પુન: આયોજન કરી ૫૦૦ ખેડૂતોએ એક ગ્રામ સેવક મુકી વિસ્તૃતીકરણ કરવામાં આવેલ છે. જે ખેડૂતો પાસે આર્થિક સગવડતા ન હોય તેવા ખેડૂતોને બેન્કોમાંથી લોન આપવાની સગવડતાઓ પણ કરવામાં આવેલ છે. પ્રોમોટીવ લોન આપવાની સગવડતાઓ પણ કરવામાં આવેલ છે. પ્રમોટીવ ગ્રુપના આદિવાસી ખેડૂતો જેવા કે કોટવા કાથોડી જાતિ માટે ઈન્પુટકીટસ, સુધી ખેત ઓજાર, બળદગાડા, ગાડા, નવા કુવા બાંધવા તથા ઓઈલ એન્જીન, ઈલેકિટ્રક મોટરમાં ૯૦ ટકા સહાય આપવા ની યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ છે.

ઉપરોકત યોજનાઓ અમલમાં મુકવાના કારણે અનુ. જનજાતિના ખેડૂતોની ખેતીના ઉત્પાદનમાં ક્રમે ક્રમે સુધારો થઈ રહેલ છે. અને જે પહેલાં જેઓ જાતું પ્રણાલીગત ખેતી કરતા હતા તે હવે આધુનિક વૈજ્ઞાનિક પધ્ધતિઓ થી ખેતી કરતા થયા છે. અને તેમની ખેતીમાંથી સારુ ઉત્પાદન મેળવતા પણ થાય છે. તેમ છતાં હજુ સુધી તેમની ખેતીમાં જેટલો ઝડપી વિકાસ થવો જોઈએ, તેટલો પ્રમાણમાં વિકાસ થવો જોઈએ તેવો વિકાસ થયેલ નથી. આ વિકાસ માટે હજુ વધુ સમય માંગી લે છે. અને આ બધા પ્રયત્નો સરકારશ્રીએ હાથમાં કરેલ છે. તેનાથી પણ વધુ સક્રીય પ્રયત્નો હાથ ધરવાની જરુર છે. સાથે સાથે અનુ. જનજાતિના ખેડૂતોએ પણ ખેતી વિકાસના કાર્યક્રમમાં પોતે સહભાગી થઈ સક્રિય ભાગ લઈ કામગીરી કરવાની ખાસ જરુર છે. ફકત એકલા સરકારના પ્રયત્નોથી જ આ કાર્યક્રમ ના વિકાસની મંજીલે પહોંચવું શકય નથી.

આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળના અનુસુચિત જાતિના ખેડૂતો માટે ખેતી વિકાસની યોજનાઓ માટે ૧૯૭૬-૯૧ દરમ્યાન થયેલ ભૌતિક કામગીરીની વિગતો નીચે મુજબ છે.

| બાબત. | એકમ. | સિધ્ધનું સ્તર અંતે. | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| | | પાંચમી યોજના ૭૭-૭૮ | વાર્ષિક યોજના ૭૮-૭૯ | ૭૯-૮૦ | છઠ્ઠી યોજના ૧૯૮૪-૮૫ | સાતમી યોજના ૧૯૮૫-૯૦ | વાર્ષિકયોજના ૧૯૯૦-૯૧ |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. |
| **કૃષિ વિસ્તરણ.** | | | | | | | |
| ૧. ખેડૂતોને તાલીમ | સંખ્યા | - | ૧૬૨૦૩ | ૩૬૭૭૧ | ૧૫૧૩૦૬ | ૨૫૫૬૭૯ | ૨૭૧૯૭૪ |
| ૨. જમીન અને પાણી ચકાસણી | ,, | ૪૯૭૭૯ | ૧૦૬૩૨૧ | ૧૭૪૬૪૬ | ૫૯૪૭૦૪ | ૯૬૯૨૦૬ | ૧૦૪૮૨૦૬ |
| ૩. પ્રોત્સાહિત કાર્યક્રમ :- | | | | | | | |
| ૩. પ્લાન્ટેશન વિસ્તાર | હેક્ટર | - | - | - | - | ૨૩૪ | ૨૩૪ |
| ૪. ફળ કલમ અને રોપા | સંખ્યા | - | ૨૯૪૮૩ | ૬૩૫૯૦ | ૨૩૪૨૧૮ | ૩૬૯૪૪૬ | ૪૪૦૭૩૭ |
| ૫. શાકભાજી કિટ્સ | ,, | ૧૫૭૧૧ | ૩૭૭૮૯ | ૪૧૨૯૧ | ૧૪૮૬૫૦ | ૨૦૮૭૭૮ | ૨૩૬૦૩૨ |
| ૬. શાકભાજી બીજ પેકેટ | ,, | - | - | ૬૧૬૪૭ | ૧૭૮૯૨૮ | ૬૨૦૦૦૧ | ૮૨૬૭૩૧ |
| ૭. ઇનપુટકીટસ | ,, | ૫૫૫૮૯ | ૧૧૧૩૮૯ | ૧૬૫૫૯૧ | ૭૪૫૮૧૩ | ૧૫૨૫૧૩૪ | ૧૭૦૬૯૯૩ |
| ૮. પેસ્ટી સાઇડ | મે.ટન | ૫ | ૪૫ | ૫૨ | ૧૩૭ | ૯૮૩૧ | ૧૦૮૯૮ |
| ૯. પાક સંરક્ષણ સાધનો | સંખ્યા | ૫૧૨ | ૧૨૩૦ | ૧૬૫૭ | ૪૩૬૦ | ૯૮૩૧ | ૧૦૯૭૮ |
| ૧૦. ખેત ઓજારો | ,, | ૧૨૯૫ | ૩૧૬૬ | ૫૦૪૪ | ૧૦૩૨૯ | ૨૨૯૬૪ | ૨૬૦૮૪ |

//૫//

આદિવાસી વિસ્તાર પેટા યોજના હેઠળના અનુસૂચિતજન જાતિના ખેડૂતો માટે ખેતી વિકાસની યોજનાઓ માટે ૧૯૭૬થી ૯૦ સુધીમાં થયેલ નાણાંકીય કામગીરીની વિગતો નીચે મુજબ છે.

| કાર્યક્રમ | ૭૬-૭૮ ખર્ચ | ૭૮-૮૦ ખર્ચ | છ.પં.યો. ૮૦-૮૫ખર્ચ | સા.પં.વ.યો. ૮૫-૯૦ ખર્ચ | ૧૯૯૦-૯૧નો ખર્ચ | ૧૯૯૧-૯૨ ખર્ચ |
|---|---|---|---|---|---|---|
| | | | | | | રૂપિયા લાખમાં |
| ૧ | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. |
| કૃષિ વિસ્તરણ | ૪૭.૩૮ | ૭૨.૪૭ | ૮૭.૦૯ | ૧૪૮.૬૦ | ૬૮.૦૨ | ૧૨૫.૧૦ |
| પ્રોત્સાહિત કાર્યક્રમો | ૪.૧૮ | ૩૪.૪૨ | ૩૮.૬૪ | ૩૬.૭૮ | ૨૩.૩૦ | - |
| આંકડા અને અર્થકરણ | ૧૫.૭૯ | ૧૩.૨૮ | ૧૮.૫૨ | ૦.૦૨ | ૦.૦૧ | ૦.૦૧ |
| ખેત ઉત્પાદન માર્કેટીંગ | - | - | ૨.૦૦ | - | - | - |
| નબળા વર્ગોને સહાયની યોજનાઓ | ૫૫.૦૩ | ૧૭૬.૧૨ | ૧૩૬૦.૨૬ | ૯૫૮.૪૪ | ૩૦૯.૩૦ | ૩૪૭.૬૦ |
| એનર્જી વિકાસ | - | - | ૧૯.૮૯ | - | - | - |
| કુલ | ૧૨૨.૨૭ | ૨૯૬.૨૯ | ૧૫૨૬.૪૧ | ૧૧૪૩.૮૪ | ૪૦૦.૬૩ | ૪૭૨.૭૧ |
| | ૩૮.૩૨ ટકા | ૫૩.૫૮ ટકા | ૯૪.૭૬ ટકા | ૮૮.૮૮ ટકા | ૮૨.૧૯ ટકા | |

(બાગાયત સિવાયની વિગતો છે.)

//૭//

//૨//

| ૧. | ૨. | ૨. | ૩. | ૪. | ૫. | ૬. | ૭. | ૮. |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧. | બળદ-પાડા | સંખ્યા | ૬૫૭ | ૧૮૯૫ | ૫૬૩૦ | ૨૬૮૮૬ | ૩૯૬૪૫ | ૪૧૫૩૦ |
| ૨. | બળદ-ગાડા | " | ૧૩૨ | ૮૧૪ | ૧૭૮૪ | ૫૪૮૩ | ૮૨૦૪ | ૮૯૪૯ |
| ૩. | પેડૂતો (પાઇપલાઇન) | " | - | - | - | - | ૭૬ | ૧૯૭ |
| ૪. | સ્પ્રીન્કલર સેટ | " | - | - | - | - | - | ૩૮ |
| ૫. | લીલો પડવાશ | હેક્ટર | - | - | - | - | - | ૧૪૪૧ |
| ૬. | બાયો ફર્ટીલાઇઝર પેકેટ | સંખ્યા | - | - | - | - | - | ૫૭૯૯૮ |
| ૭ | નિદર્શન-(બાયો ફર્ટી) | " | - | - | - | - | - | ૫ |

//૮//

## આઠમાં પંચવર્ષીય યોજના :

આગળ આપણે જોયુ તે પ્રમાણે આદિવાસી વિસ્તાર પેટા હેઠળના અનુ.- જનજાતિના ખેડૂતોના વિકાસ માટે હજુ સુધી ઘણું બધું કરવાની જરૂર ને ધ્યાનમાં રાખી અને ૧૯૯૨-૯૩ના વર્ષના વાર્ષિક વિકાસ કાર્યક્રમ અને ૧૯૯૨-૯૭ની આઠમી પંચ વર્ષીય યોજના માટે ઉપરોક્ત કાર્યક્રમો માટેની નાણાંકીય જોગવાઈઓ અને ભૌતિક લક્ષ્યાંકો સૂચવેલ છે.

નાણાંકીય

રૂ. લાખમાં

| કાર્યક્રમ | ૮મી પંચવર્ષીય યોજના ૧૯૯૨-૯૭ | | વાર્ષિક વિકાસ કાર્યક્રમ ૧૯૯૨-૯૩ | |
|---|---|---|---|---|
| | સૂચિત જોગવાઈ (ખા. કે. સ. સાથે) | ટકા | સૂચિત જોગવાઈ ખા. કે. સ. સાથે) | ટકા |
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. વિસ્તરણ વૃધ્ધિ અને વહેંચણી | ૧૦૪૪.૦૫ | ૩૫.૮૩ | ૨૧૧.૦૦ | ૩૭.૯૫ |
| ૨. ખાતર અને રા. ખાતરો | ૪૯૬.૪૬ | ૧૭.૦૪ | ૪૧.૬૦ | ૭.૪૮ |
| ૩. પાક સંરક્ષણ | ૮૦.૦૦ | ૨.૭૮ | ૩૬.૧૩ | ૬.૫૦ |
| ૪. વિસ્તરણ અને ખેડૂત તાલીમ | ૫૮૮.૫૦ | ૨૦.૨૦ | ૧૦૬.૯૬ | ૧૯.૨૪ |
| ૫. ખેતી ઇજનેરી | ૪૫૫.૦૦ | ૧૫.૬૧ | ૧૩૨.૫૦ | ૨૩.૭૯ |
| ૬. પાક. વિમો. | -- | -- | ૦.૦૧ | -- |
| ૭. ન્યુક્લિયસ બજેટ | ૨૫૦.૦૦ | ૮.૫૮ | ૨૮.૦૦ | ૫.૦૪ |
| કુલ | ૨૯૧૪.૦૦ | ૧૦૦.૦૦% | ૫૫૬.૦૦% | ૧૦૦.૦૦% |

//૯//

ભૌતિક :-

| ક્ર.નં. | કાર્યક્રમ | એકમ | સૂચિત લક્ષ્યાંક આઠમી પં. યો. ૧૯૯૨-૯૭ | સૂચિત લક્ષ્યાંક વાર્ષિક યો. ૧૯૯૨-૯૩ |
|---|---|---|---|---|
| ૧. | ૨. | ૩. | ૪. | ૫. |
| ૧. | ઈનપુટ કિટસ | સંખ્યા | ૯.૦૦ | ૧.૯૬ |
| ૨. | સેન્દ્રીય ખાતર | હેકટર | ૮૮.૦૦ | ૨૦.૦૦ |
| ૩. | બાયો ફર્ટીલાઈઝર પેકેટ | સંખ્યા લાખમાં | ૧૯.૫૦ | ૦.૪૯ |
| ૪. | બ્લોક નિદર્શન(ખાતર) | સંખ્યા | ૪૦૦ | ૧૦ |
| ૫. | માઈક્રોન્યુટ્રીઅન્ટ જમીન ચકાસણી નમુના | " | ૨૫૦૦૦ | ૫૦૦૦ |
| ૬. | બ્લોક નિદર્શન. (ખાતર-બીજપાક સંરક્ષણ) | હેકટર | ૨૭૦૦ | ૧૧૫૦ |
| ૭. | ખેડૂત તાલીમ(ખોરાકપરાશ) | સંખ્યા | ૫૪૦ | ૨૩૦ |
| ૮. | રા.ખાતરચકાસણી નમુના | સંખ્યા | ૧૦૦૦૦ | ૨૦૦૦ |
| ૯. | જીપ્સમ | મે.ટન | ૬૨૦૦૦ | ૩૭૦૦ |
| ૧૦. | પેસ્ટીસાઈડ | " | ૨૦.૦૦ | ૪.૦૦ |
| ૧૧. | પાક સંરક્ષણ સાધનો | સંખ્યા | ૫૦૦૦ | ૧૦૦૦ |
| ૧૨. | પેસ્ટીસાઈડ ચકાસણીનમુના | " | ૫૦૦૦ | ૧૦૦૦ |
| ૧૩. | ખેડૂત તાલીમાર્થીઓ | " | ૯૦૬૨૫ | ૧૮૧૨૫ |
| ૧૪. | જમીન અને પાણી ચકાસણી નમુનાઓ. | " લાખમાં | ૩.૯૦ | - |
| ૧૫. | ખેત ઓજારો | " | ૬૬૮૦ | ૧૮૯૬ |
| ૧૬. | બળદ-પાડા | " | ૭૧૬૦ | ૧૮૯૬ |
| ૧૭. | બળદ-ગાડા | " | ૨૩૦૦ | ૫૪૨ |
| ૧૮. | ખેડૂતો (પાઈપલાઈનસેટ) | " | ૨૩૩૫ | ૧૦૦ |
| ૧૯. | સ્પ્રીંકલર | " | ૧૫૫ | ૫૦ |
| ૨૦. | ડ્રીપ | " | ૨૦૭ | ૩૫ |
| ૨૧. | જમીન સુધારણા | હેકટર | ૧૦૦૦ | ૨૫૦ |
| ૨૨. | ખેતીના હાથ સાધનોનું કીટસ | સંખ્યા | ૩૧૨૯૬ | ૭૮૨૪ |

:-:-:-:-:-:

...જના અનુ...
...ર ને ધ્યાનમાં રા...
...૨-૯૭ ની
...કીય જોગવાઈ

...ડો. લાખમાં
...ક વિકાસ કાર્યક્રમ.
...-૯૩

...જોગવાઈ ટકા
...સ. સાથે)

૫.

૩૭.૯૫
૭.૪૮
૬.૫૦
૧૯.૨૪
૨૩.૭૯
૫.૦૪
૧૦૦.૦૦%

## પશુપાલન ખાતું, ગુજરાત રાજ્ય, અમદાવાદ

## આદિવાસી વિકાસ : ભૂતકાળ અને ભવિષ્ય :

## આઠમી યોજનામાં વ્યૂહની તિઓ

૧. પ્રાસ્તાવિક :

ગુજરાત રાજ્યમાં પશુપાલન અને ડેરી વિકાસ કાર્યક્રમો હેઠળ રાજ્યની વ્યૂહનીતિ પહેલેથી જ આદિવાસી લોકોનો સામાજિક-આર્થિક ઉત્કર્ષ થાય તે રીતનો કાર્યક્રમ અમલી બનાવવાની રહી છે. રાજ્યમાં લગભગ ૧૪ ટકા જેટલી આદિવાસી લોકોની વસતિ સામે પશુપાલન કાર્યક્રમો હેઠળ કુલ કાર્યક્રમના ૩૦ થી ૩૫ ટકા જેટલી રકમ ફાળવીને આદિવાસી ઉત્કર્ષ નીતિને વાસ્તવિક રીતે અમલમાં મૂકવામાં આવેલ છે. રાજ્યના ખૂબ ઉંડા વિસ્તારો કે જ્યાં ખૂબ પછાત આદિવાસી લોકો વસે છે ત્યાં પણ પશુપાલન કાર્યક્રમોની જાણકારી તથા લાભો મળી શકે તે માટે વિસ્તરણ કાર્યક્રમોને જરૂરી મહત્ત્વ આપવામાં આવેલ છે. માત્ર વસતિ કે વિસ્તારને લક્ષ્યમાં રાખીને નહીં પરંતુ વાસ્તવિક જરૂરિયાત તથા શક્યતા ને લક્ષ્યાંકો નક્કી કરતી વખતે નજર સમક્ષ રાખવામાં આવેલ છે. પરિણામ સ્વરુપે પશુપાલન કાર્યક્રમો ઉંડા વિસ્તારો સુધી વિકસાવી પણ શકાયા છે.

૨. આદિવાસી વિસ્તારોમાં પશુધન :

પશુધન ગણતરી ૧૯૮૨ મુજબ રાજ્યમાં તથા આદિજાતિ વિસ્તારોમાં જે પશુધન હતું તેની સંખ્યા નીચે મુજબ છે.:

| ક્રમ | પશુધનની વિગત | ( સંખ્યા હજારમાં ) | |
|---|---|---|---|
| | | રાજ્યનું કુલ | આદિવાસી વિસ્તારોમાં |
| ૧. | ગાય ૩ વર્ષથી વધુ ઉંમરની માદા | ૧,૯૫૮ | ૪૭૮ |
| ૨. | ભેંસ ૩ વર્ષથી વધુ ઉંમરની માદા | ૨,૫૫૮ | ૩૬૪ |
| ૩. | ઘેટાં તથા બકરાં | ૫,૬૫૭ | ૯૨૭ |
| ૪. | અન્ય(કૂતરાં સહિત) | ૮,૨૬૭ | ૧,૮૨૭ |
| ૫. | કુલ પશુધન | ૧૮,૪૪૦ | ૩,૫૯૬ (૧૯.૫૦) |
| ૬. | મરઘાં-બતકાં | ૩,૫૭૨ | ૨,૨૫૧ (૬૩.૦૨) |

નોંધ :- કૌંસમાં આપેલ આંકડા રાજ્યની કુલ સંખ્યા સામે આદિવાસી વિસ્તારની સંખ્યાની ટકાવારી દર્શાવે છે.

રાજ્યમાં ગાયોમાં ગીર અને કાંકરેજ, ભેંસોમાં સુરતી, મહેસાણી અને જાફરાબાદી અને ઘેટાંમાં પાટણવાડી અને મારવાડી ઓલાદો છે જે સારું ઉત્પાદન આપવા માટે ખ્યાતનામ પણ છે. તેથી આ ઓલાદોના વિસ્તાર અને વિકાસ કાર્યક્રમની સાથોસાથ જ આદિવાસી લોકોમાં રોજગારલક્ષીકાર્યક્રમ અમલી બને તે રીતની વૈજ્ઞાનિક પધ્ધતિની સંવર્ધન પધ્ધતિ, પૂરતા પ્રમાણમાં ઘાસચારો અને પોષણક્ષમ આહાર, ઉત્પાદિત દૂધ, ઈંડાં તથા ઉનના યોગ્ય અને લાભપ્રદ ભાવ મળી રહે તેવી વેચાણ વ્યવસ્થા, પશુધનના આરોગ્યની જાળવણીનો કાર્યક્રમ વગેરેને લક્ષમાં રાખીને જ સમગ્ર આદિવાસી વિકાસ કાર્યક્રમ તૈયાર કરવાની નીતિ અપનાવવામાં આવેલ છે.

૩. અમલી કાર્યક્રમો અને તેની સમીક્ષા:

૩.૧ નાણાંકીય:

નાણાંકીય રીતે સમીક્ષા કરવામાં આવે તો કહી શકાય કે આદિવાસી લોકોની ૧૪ ટકા જેટલી વસ્તિની સામે રાજ્ય ભંડોળમાંથી ૩૦ ટકા કે તેનાથી વધારે રકમ ફાળવવામાં આવે છે. સાતમી યોજનામાં પણ આ ટકાવારી ૩૬.૫ ટકા જેટલી હતી. ખર્ચનું પ્રમાણ પણ ૮૦ ટકા કરતાં વધુ હતું. આદિવાસી વિસ્તારો પર અસરકારક અમલીકરણ માટે વિભાગીય કક્ષાએ વડોદરા ખાતે વિભાગીય સંયુક્ત પશુપાલન નિયામકની કચેરી અને વિસ્તરણ કામગીરી માટે પ્રદર્શન એકમની સ્થાપના કરવામાં આવેલ છે.

૩.૨ ભૌતિક કાર્યક્રમો:

૩.૨.૧ પશુ આરોગ્ય :

આદિજાતી વિસ્તારોમાં પશુ આરોગ્ય સેવાઓ પૂરી પાડવામાટે ૪ વેટરનરી પોલીકલીનીક, ૯૦ પશુ દવાખાનાં, ૧૮૩ પ્રાથમિક પશુ સારવાર કેન્દ્રો તથા ૨૪ ફરતાં એકમો સ્થાપવામાં આવેલ છે. રોગોના નિદાન અંગેની સેવાઓ પૂરી પાડવા ૪ રોગ સંશોધન પ્રયોગશાળાઓ કામગીરી બજાવી રહેલ છે. આ પ્રયોગશાળાઓ ખાતે ગાય, ભેંસ, ઘેટાં, બકરાં અને મરઘાં-બતકાંમાં થતા રોગ માટે લોહી, સીરપ, પેશાબ, મળ વગેરેના પૃથક્કરણ દ્વારા નિદાન કરવાની સુવિધા છે.

૩.૨.૨ ગાય અને ભેંસ વિકાસ :

રાજ્યના દુધાળાં પશુઓની ઉત્પાદન ક્ષમતા સુધારવા માટે મુખ્ય બે કાર્યક્રમો અમલમાં મૂકવામાં આવેલ છે. (૧) વિદેશી સાંઢના બીજ દ્વારા

રાજ્યની નીચી ઉત્પાદનક્ષમતા વાળી ગાયોમાં કૃત્રિમ બીજદાનનો સંકર સંવર્ધન કાર્યક્રમ અને (૨) રાજ્યના ઊંચી ઉત્પાદનક્ષમતા ધરાવતા સાંઢના બીજ વડે પસંદગી લક્ષીસંવર્ધન કાર્યક્રમ દ્વારા દુધાળાં પશુઓની ઉત્પાદન-ક્ષમતા સુધારવાનો કાર્યક્રમ. આ કાર્યક્રમો માટે ૩૦ સંકર સંવર્ધન પેટા-કેન્દ્રો સ્થાપવામાં આવેલ છે. જ્યાં કૃત્રિમ બીજદાન શક્ય નથી તેવા વિસ્તારોમાં કુદરતી સેવા માટે ૨૪ સંકર સાંઢ રાખવામાં આવેલ છે, અને ૯ પશુધન ઉત્પાદન કેન્દ્રો સ્થાપવામાં આવેલ છે. સને ૧૯૯૦-૯૧ સુધીમાં ૬,૨૭૨ તાલીમાર્થીઓને આધુનિક અને વૈજ્ઞાનિક રીતે પશુપાલન તાલીમ આપવામાં આવેલ છે. એક સસલા સંવર્ધન ફાર્મની સ્થાપના કરવામાં આવેલ છે. ભવિષ્યમાં દેશી સસલા સાથે રશિયન વ્હાઈટ જાઈન્ટ જાતનું સંકરણ કરી નવી સ્થાનિક પરિસ્થિતિને અનુરુપ જાત વિકસાવવામાં આવશે.

૩.૨.૩. મરઘાં વિકાસ :

આદિજાતી વિસ્તારમાં ૬ ઘનિષ્ઠ મરઘાં વિકાસ પરિયોજનાઓ, ૨ જિલ્લા મરઘાં વિસ્તરણ કેન્દ્રો, ૧ બતક ઉછેર કેન્દ્ર અને ૧ બ્રોઈલર ઉત્પાદન ફાર્મની સ્થાપના દ્વારા મરઘાં વિકાસ અંગેની બધી પૂર્વશક્યતાઓ પૂરી પાડવામાં આવે છે. રાજ્યના બે ઘનિષ્ઠ મરઘાં વિકાસ ઘટકોપર લાવરી (બેટર) નો ઉછેર ચાલુ કરવામાં આવેલ છે. બતક ઉછેરકેન્દ્ર પરવર્ષે ૧૦,૦૦૦ હજાર જટલા બતક ઉછેરવામાં આવે છે.

૩.૨.૪ ઘેટાં અને ઉન વિકાસ :

રાજ્યના સ્થળાંતર કરતા ઘેટાંના ટોળાને તેમના માર્ગપર આરોગ્ય અને અન્ય સેવાઓ પ્રાપ્ય બને તે માટે સાબરકાંઠા જિલ્લાના કોડાસા ગામ ખાતે એક સેવા કેન્દ્ર સ્થાપવામાં આવેલછે.

૩.૨.૫ વધુ પોષણક્ષમ મૂલ્ય અને ઊંચી ઉત્પાદન ક્ષમતા ધરાવતા ઘાસચારાનુ બિયારણ પૂરું પાડવા માટે માંડવી(સુરત જિલ્લા) ખાતે એક ઘાસચારા બિયારણ ઉત્પાદનની ફાર્મની સ્થાપના કરવામાં આવેલ છે. ઉપરાંત આદિવાસી પશુ માલિકોને તેમના પશુધન માટે વધુ પોષણ ક્ષમમૂલ્ય વાળો ઘાસચારો મળી શકે તે માટે આદિવાસી વિસ્તારમાં ૬ ગ્રામ ઘાસચારા ઉત્પાદન ફાર્મની સ્થાપના કરવામાં આવેલ છે. આદિવાસી ખેડૂતો પણ વધુ પોષણક્ષમ મૂલ્યવાળા ઘાસચારાનું વાવેતર કરવા તથા આધુનિક

રીતે ઘાસચારા સંગ્રહ અને કાપણી માટે આકર્ષાય તે માટે તેમને આર્થિક સહાય આપવાના કાર્યક્રમ હેઠળ ૫,૫૩૫ ઘાસચારા ઉત્પાદન નિદર્શન પ્લો ૬૯૯ સાયલોપીટ અને ૨,૦૮૮ ચાફટર માટે સહાયઆપવામાં આવેલછે.

૩.૨.૬ રોજગારલક્ષી કાર્યક્રમ :

પશુપાલન અને ડેરી વિકાસ કાર્યક્રમોનું અંતિમ ધ્યેય તો આદિવાસી વિસ્તારોમાં દૂધ તથા ઈંડાનું ઉત્પાદન વધે અને સાથોસાથ આદિવાસી લોકો પશુધન પેદાશો ધ્વારા પૂરક આવક મેળવી શકે તે માટે ''નાબાર્ડ'' ધ્વારા સમયાંતરે નકકી થતી કિંમતના ૫૦ ટકા ધોરણે દુધાળાં પશુઓની ખરીદી તથા મરઘાં એકમોની સ્થાપના માટે આર્થિક સહાય આપવાનો કાર્યક્રમ અમલમાં છે. દૂધ ઉત્પાદન વધારવા આદિજાતિ વિકાસ નિગમ તરફથી ધીરાણ ઉપલબ્ધ કરી દુધાળાં જાનવરોની ખરીદી કરવામાં આવે છે. જાનવરોની ખરીદી, ખાણદાણ અને વીમાસહાય માટે સહાય આપવામાં આવે છે. ભવિષ્યમાં બાંગરા સાંઢની ખસી કરાવવાની હાલની નાના પાયે પર ચાલતી યોજનાનુ વિસ્તૃતીકરણ કરવામાં આવનાર છે. ૧૯૯૦-૯૧ ના વર્ષ સુધીમાં ૬૬,૮૮૦ લાભાર્થીઓને દુધાળાં પશુઓ માટે અને ૧૫,૮૦૭ લાભાર્થીઓને મરઘાં એકમની સ્થાપના માટે સહાય આપવામાં આવેલ છે.

૪. <u>આઠમી યોજના ૧૯૯૨-૯૭ની વ્યૂહનીતિ</u> :

મહદંશે અગાઉ દર્શાવેલ વ્યૂહનીતિ ધ્વારા જ આદિવાસી લોકોના માટે આર્થિક વિકાસનો અભિગમ આઠમી યોજના માટે પણ અપનાવવામાં આવેલ છે જેના મુખ્ય અંશો નીચેમુજબ છે.

(૧) રોજગાર લક્ષી કાર્યક્રમ હેઠળ આદિવાસી લોકોને દુધાળાં પશુઓ (બકરાં સહિત)ની ખરીદી તથા મરઘાં એકમોની સ્થાપના માટે નાણાંકીય સહાય, જેમાં સાથો સાથઆદિવાસી વિસ્તારમાં દૂધ તથા ઈંડાનું ઉત્પાદન વધારવાનો કાર્યક્રમ.

(૨) શકય હોય ત્યાં વિદેશી સાંઢનાં બીજ ધ્વારા કૃત્રિમ બીજદાનથી સંકર સંવર્ધન.

(૩) ઉપરોકત (૨) શકય ન હોય ત્યાં ઉંચી ઉત્પાદન ક્ષમતા ધરાવતા સાંઢ વડે કુદરતી સેવા ધ્વારા સંવર્ધન કાર્યક્રમ.

(૪) પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ઉત્પાદન કાર્યક્રમની સાથે જ સહકારી ખરીદ-વેચાણ કાર્યક્રમનું જોડાણ.

(૫) આદિવાસી વિસ્તારમાં આરોગ્ય સેવા પૂરી પાડતી સંસ્થાઓનું કાર્યક્ષેત્ર ઘટાડીને આરોગ્ય સેવાને વધુ અસરકારક બનાવવા નવી આરોગ્ય સેવા સંસ્થાઓની સ્થાપના.

(૬) વર્તમાન વિવિધ કાર્યક્રમો હેઠળનાં પેટા કેન્દ્રોને બધા પ્રકારની સેવા આપતા બનાવવા માટે તેમને વિવિધલક્ષી સેવા કેન્દ્રો બનાવવાં.

(૭) ઘાસચારા વિકાસ માટે આદિવાસી વિસ્તારમાં વધુ ગ્રામ ઘાસચારા ઉત્પાદન કેન્દ્રોની સ્થાપના તથા વર્તમાન સહાય યોજનાઓ ચાલુ રાખવી.

(૮) આદિવાસી વિસ્તારમાં વધુ સંખ્યામાં દૂધ ઉત્પાદક સહકારી મંડળીઓની સ્થાપના.

(૯) રાજ્યના બીનઆદિવાસી વિસ્તારમાં ચાલતા કાર્યક્રમોમાંથી શકયતઃ લાભ આદિવાસી વિસ્તારના કાર્યક્રમોને પણ આપવો, જેમ કે, સંકર સંવર્ધન કાર્યક્રમ હેઠળ બીનઆદિવાસી સ્થપાયેલ બીજ ઉત્પાદન કેન્દ્રો, ઘાસચારા બેંક, ઘાસચારા બીજ ઉત્પાદન ફાર્મ, પોષણક્ષમ આહાર ઉત્પાદન વગેરે.

(૧૦) સમગ્ર આદિવાસી વિકાસ કાર્યક્રમ છેક નીચલા સ્તરેથી (ગ્રાસરૂટ કક્ષાએથી) તૈયાર કરીને અપનાવવો. તેમ જ અસરકારક અમલીકરણ માટે એક વધુ વિભાગીય કચેરીની સ્થાપનાનું આયોજન.

રાજ્યની કુ
આદિવાસીઓ મત્સ્
હુતુ શિકારી છ
આધુનીક માર્કેટ
સુરત સુર
અને ડાંગ જિલ્લા
ચાલે છે. જે જળ
આવે છે. વળી આ
જળાશયો પણ
મત્સ્યબીજ છોડે
આદિવાસી
૧. આદિજાતિ
મત્સ્યોની
૨. આદિવાસી
૩. આદિવા
૪. આદિવાસ
૫. આદિવાસી
સાતમી પંચવર્ષીય
થયેલ અને આઠમી
સમાવેશ કરેલ છે
કીય બાબતોનું
રાજ્યમાં
આવેલી છે. ૪ મોટા
અને લગભગ ૧૧૦
રાજ્યમાં
છે. આ મંડળીઓ
તાંત્રીક જ્ઞાન આપ
એક અધ્યતન પ્રકાર
અદ્યતન ટેકનોલોજીનુ

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૩૮૦૦ ૧૪

આદિવાસી વિકાસ : ભૂતકાળ અને ભવિષ્ય
આઠમી યોજનામાં વ્યૂહ નીતિઓ
પરિસંવાદ ૪-૫ માર્ચ-૧૯૯૨
પૂર્વ ગુજરાત : આદિવાસી વિકાસના પ્રશ્નો

આદિવાસી વિકાસ ભૂતકાળ અને ભવિષ્ય
આઠમી યોજનાની વ્યૂહનીતિઓ ( મત્સ્ય ઉદ્યોગના પ્રશ્નો)
કમિશનરશ્રી, મત્સ્ય ઉદ્યોગ કચેરી, ગુજરાત રાજ્ય
ગાંધીનગર.

રાજ્યની કુલ વસ્તીના ૧૫% આદિવાસી લોકો છે. જેમાંના ૧૬,૦૦૦ આદિવાસીઓ મત્સ્યોદ્યોગ વ્યવસાય સાથે સંકળાયેલા છે. આદિવાસીઓ મુળભુત શિકારી હતા અને તેઓને મત્સ્યોદ્યોગને લગતા વિકાસ કાર્યક્રમને અનુલક્ષીને આધુનિક માર્કેટીંગ વ્યવસ્થા અને જાળવણી માં સમાવેશ કરેલ છે.

સુરત - ભરૂચ, વલસાડ, પંચમહાલ, વડોદરા, બનાસકાંઠા, સાબરકાંઠા અને ડાંગ જિલ્લાના આદિવાસી વિસ્તારમાં બે લાખ હેક્ટર જેટલો જળ વિસ્તાર આવેલ છે. આ જળ વિસ્તાર મત્સ્યોદ્યોગના વિકાસ અર્થે ઉપયોગમાં લેવામાં આવે છે. વળી આદિવાસી વિસ્તાર માં તળાવો, નાના તળાવો તેમજ મોટા જળાશયો પણ આવેલા છે. આ જળાશયો ટેન્કો તળાવોમાં મત્સ્યબીજ ઉત્પાદન મત્સ્યબીજ ઉછેર છે. તેમજ સંગ્રહનો કાર્યક્રમ હાથ ધરવામાં આવે છે.

આદિવાસી વિસ્તાર પેટા યોજનાના મુખ્ય ઉદ્દેશો :

૧. આદિજાતિ વિસ્તારમાં જળાશયો અને જળ સંગ્રહિત વિસ્તારને મત્સ્યો.ના વિકાસ અર્થે ઉપયોગમાં લેવો.
૨. આદિવાસીઓને રોજગારીની તકો પુરી પાડવી
૩. આદિવાસીઓને રાહતદરે પોષણક્ષમ આહાર પુરો પાડવો.
૪. આદિવાસી યુવાનોને તાલીમ આપવી.
૫. આદિવાસીઓને સહકારી મંડળીઓને સંગીન બનાવવી.

સાતમી પંચવર્ષીય યોજનામાં ઉપરોક્ત ઉદ્દેશોને લગતી યોજનાનું અમલીકરણ થયેલ અને આઠમી પંચવર્ષીય યોજનામાં પણ આ ઉદ્દેશને લગતી યોજનાઓનો સમાવેશ કરેલ છે તેમજ મત્સ્યોદ્યોગ ને લગતા વિકાસ કાર્યક્રમોની નવી યોજના-કીય બાબતોનું પણ અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે.

રાજ્યમાં અંદાજે ૨ લાખ હેક્ટર જળ વિસ્તાર આદિજાતિ વિસ્તારમાં આવેલો છે. ૪ મોટા જળાશયો જેવા કે ઉકાઈ, કડાણા, પાનમ અને મધુબન છે અને લગભગ ૧૧૦ મધ્યમથી નાની કક્ષાના જળાશયોનો સમાવેશ થાય છે.

રાજ્યમાં ૧૨૧ આદિવાસી મંડળી અસ્તિત્વમાં છે. જેમાં ૧૪૧૪૮ સભાસદો છે. આ મંડળીઓના સભાસદોને ખાતાના કર્મચારીઓ દ્વારા મત્સ્યોદ્યોગને લગતું તાંત્રિક જ્ઞાન આપવામાં આવે છે. આ બધી પ્રવૃત્તિને કારણે આદિવાસીઓ એક સઘન પ્રકારના તાલીમ પામેલા માછીમાર થઈ શકે. આ આદિવાસીઓને સઘન ટેકનોલોજીનું માર્ગદર્શન આપી તેઓને વધુને વધુ લાભ અપાવવા સરકારશ્રી

તરફથી વિકાસશીલ યોજનાનું અમલીકરણ કરવામાં આવે છે.

આદિવાસી ઝોન મત્સ્યોદ્યોગની અદ્યતન ટેકનોલોજી માટે રાજ્યની સહકારી સંસ્થા જેવી કે જી.એસ.એફ.સી./જી.એફ.ડી.સી. સહાય કરે છે.

આદિવાસી વિસ્તારમાં કુટુંબલક્ષી કાર્યક્રમોના અમલીકરણ અર્થે તેમજ મત્સ્ય બીજ પેદા કરવા તેમજ ઉછેરવા માટે તરફથી જુદા જુદા વિસ્તારમાં હેચરીઓ બનાવવામાં આવેલા છે.

આદિવાસીઓને મત્સ્યોદ્યોગ તાલીમ આપવા રાજ્યમાં આદિવાસી વિસ્તારમાં કુલ-૪ તાલીમ સંકુલ ઉભા કરવામાં આવેલા છે જેમાં પ્રતિવર્ષે ૩૨૦ આદિવાસીઓને તાલીમ આપવામાં આવે છે.

આદિવાસી માટે નીચે જણાવેલા લાભદાયક કાર્યક્રમો હાથ ધરાયેલ છે/ ધરવામાં આવનાર છે.

૧. રોયરીંગ અને કોસ્ટલ પોન્ડ બનાવવાની યોજના.
૨. વ્યવસાયલક્ષી તાલીમ.
૩. આદિવાસી મત્સ્યો.સહકારી મંડળીને સંગીન બનાવવા માટે સહાય.
૪. આદિવાસી મત્સ્યો.સહકારી મંડળીઓ માટે માર્કેટીંગ યુનીટની સવલતો ઉભી કરવા માટે જી.એફ.સી.સી.એ./જી.એફ.ડી.સી.ને ૫૦ ટકા સહાય.
૫. માતાકીય ફીશ એક્સ્ટેન્શન સેન્ટર ઉભા કરવા.
૬. મચ્છી વેચાણ માટે આદિવાસીઓને માર્કેટીંગ પ્રોત્સાહન.

આ ઉપરાંત સાતમી પંચવર્ષીય યોજનાથી અમલીકરણ થયેલ અને આઠમી પંચવર્ષીય યોજનામાં અમલમાં હોવેલ આદિવાસીઓના ઉત્કર્ષ અંગેના જુદા જુદા કુટુંબલક્ષી કાર્યક્રમોની વિગત નીચે મુજબ છે.

૧. આદિવાસી લાભાર્થીઓને કાયમી ફીંગરલીંગ મત્સ્યબીજ ઉછેર માટે મહેનતાણું
૨. આદિવાસી મંડળીઓને લીઝીંગ/સ્ટોકીંગ સહાય.
૩. માછીમારોના સાધનોની ખરીદી પર ૫૦% રાહત.
૪. મત્સ્ય વેચાણ અર્થે વ્યક્તિઓને સાયકલ બોકસ સહાય.
૫. વ્યક્તિ સિવાયના આદિવાસીઓ મત્સ્ય વેચાણ કરી શકે તે માટે સાયકલ બોકસ જાળના બનેલા યુનીટ માટે સહાય

૦-૦-૦-૦-૦-૦

આદિવાસી સંશોધન અને તાલીમકેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૩૮૦૦૧૪

આદિવાસી વિકાસ : ભૂતકાળ અને ભવિષ્ય
આઠમી યોજનામાં વ્યૂહ નિતિઓ
પરિસંવાદ -૪-૫- માર્ચ- ૧૯૯૨

# પૂર્વ ગુજરાત - આદિવાસી વિકાસના પ્રશ્નો

- વિદ્યુત જોષી.

## પ્રસ્તાવના :-

છેલ્લા કેટલાક સમયથી ગુજરાતની પુર્વ પટ્ટીના આદિવાસી વિસ્તારમાં નકસલવાદ ફેલાઈ રહયો છે. તેવો બુમરાણ મચાવવામાં આવે છે. જે લોકો આવી બુમ મચાવે છે તેમને નકસલવાદનો કે આદિવાસીઓની સ્થિતિની ખબર નથી. તેમ છતા સવાલ એ ઉભો થાય છે કે એકવાર તદ્દન શાંત આદિવાસી વિસ્તારમાં અને અશાંકિત આદિવાસી લોકોમાં આ વમળો કેમ પેદા થવા લાગ્યા છે. તો આ પરિસ્થિતિને સમજીને તેમના પ્રશ્નો હલ કરવા અંગેના યોગ્ય પગલાં લઈએ તો ભવિષ્યમાં ઉભા થનારા તનાવો કદાચ નિવારી શકાય.

## આદિવાસી : વિભાવનાના સવાલો :-

સર્વપ્રથમ તો આદિવાસીઓ વિષેનો આપણો ખ્યાલ ફરી તપાસી જવો જેવો છે. બ્રિટીશરો આફ્રિકા, અમેરિકા અને ઓસ્ટ્રેલીયા ગયા અને ત્યાં તેમણે પોતાના કરતાં જુદા અને ઓછા વિકસિત લોકો જોયા. તેમણે માની લીધું કે સમગ્ર જગતમાં યુરોપ સુસંસ્કૃત (સીવીલાઈજડ) છે અને બીજા બધા આદીમ (પ્રીમીટીવ) છે. જે લોકો આદીમ છે તે ટોળી (ટ્રાઇબ)માં રહે છે અને જે લોકો સુસંસ્કૃત છે તે રાષ્ટ્ર (નેશન)માં રહે છે. વળી તેમણે એમ પણ માન્યુ કે આવા આદીમ લોકો જો સુસંસ્કૃત લોકોના પરિચયમાં આવે તો તેમનો વિકાસ થાય. બ્રિટીશરોનો આ ખયાલ આપણે સ્વીકાર્યો છે. અને આદિવાસીઓ પછાત છે, અજ્ઞાત છે, અભણ છે, વહેમી છે, અને આપણે બીન-આદિવાસીઓએ તેમનો વિકાસ કરવાનો છે તેવો ખ્યાલ તમામ સ્તરે પ્રવર્તે છે. હકીકતમાં ગુજરાતનો ઈતિહાસ એમ બતાવે છે કે આ આદિવાસીઓ એકવાર પ્રમાણમાં મેદાની વિસ્તારોમાં વસતા હતા. ૧૦મી થી ૧૬ સદી વચ્ચે રાજપુતાનાથી આવેલા રજપૂતો સાથે તેમને યુધ્ધો થયા અને તેમને જંગલોમાં હાંકી કાઢ્યા. જંગલોમાં ગયેલા લોકોનું જીવન આર્થિક રીતે નબળું બનવા માંડ્યું એટલે પહેલેથી આ લોકો આદીમ હતા અને આપણે તેમનામાં જઈશું તો તેમનો વિકાસ જ કરીશું. આ માન્યતા ભૂલ ભરેલી છે. હકીકતે સદ્દગત પંડિત જવાહર લાલ નહેરુએ આદિવાસી પંચશીલના જે સિધ્ધાંતો આપ્યા હતા તે આદિ.વાસી વિકાસ કાર્યક્રમોમાં આજે તદ્દન ભૂલાઈ ગયા છે. અને આદિવાસી વિકાસને નામે આપણે સરકારી તંત્ર વધારતા જઈએ છીએ. પંડિત જવાહરલાલ નહેરું આની તદ્દન ખિલાફ હતા અને તેઓ માનતા કે આદિવાસીઓનો વિકાસ આદિવાસી સંસ્થાઓ મારફતે જ થવો જોઈએ.

## (૧) જંગલ અને જમીનના હકકોની સમસ્યા :-

૧૦મી ૧૬ મી સદી વચ્ચે આવી રીતે જંગલોમાં હાંકી કઢાયેલા ભીલો અને કોળી લોકો જંગલ વિસ્તારમાં જઈ જંગલ સાફ કરી ખેતી કરવા લાગ્યા. આદિવાસી શબ્દ બ્રિટીશરોએ આપ્યો છે. એ પહેલા આ પ્રજાને આપણે ભીલ, કોળી કે અન્ય -

સ્થાનિક નામોથી ઓળખતા હતા. કોઈ કેન્દ્રિય માલીકોના અભાવે જમીન માલીકીના દસ્તાવેજોનો સવાલ જ ઉપસ્થિત થતો નહોતો. જે માણસને પોતાના કુટુંબનું પૂરું કરવા કરવા માટે જેટલી જમીનની જરુર પડે તેટલી તે ખેડતો હતો. જમીન પુષ્કળ હતી. વસ્તી ઓછી હતી. આ સ્થિતિની અંદર ૧૮૫૪ માં રેલ્વેના સ્લીપર્સ માટે ઠેકેદારો જયારે જંગલમાં સાગ કાપવા ગયા ત્યારે આદિવાસીઓએ વિરોધ કર્યો. નાના પ્રમાણમાં મારામારીઓ થઈ. અને બ્રિટીશ સરકારને લાગ્યુ કે જંગલો તો રાજય પાસે જ હોવા જોઈએ. તેથી ઈ.સ. ૧૮૬૪માં પ્રથમવાર ફોરેસ્ટ એકટ પસાર કરીને જંગલોની તમામ જમીનોનો કબજો બ્રિટીશ સરકારે લઈ લીધો. અને તેમા વસનારા આદિવાસી ગેરકાયદે રહેનારા છે તેવું જાહેર કર્યુ. આથી સર્વપ્રથમ સવાલ તો આવી જમીન ખેડનારાઓનો ખેડહકક આપવાનો છે. વગડે કબજો હોય તેને તે જમીનનો ખેડહકક મળે તેવું કરવુ જરુરી છે.

અત્યારે પર્યાવરણ અને વન ઉછેર ને નામે પ્રવાહ ઉલટો ચાલ્યો છે. તેને નામે આદિવાસીઓના જંગલ પરના હકકો પર તરાપ પડતી જાય છે. વંશપરંપરાગત રીતે જંગલની જમીન ખેડનારને ગેરકાયદે ખેડનાર ગણીને દંડ વધાર્યો દેવામાં આવ્યો છે. પર્યાવરણવાદીઓના ... દબાણ પછી સરદાર સરોવરે રીંછનું અભ્યારણ બનાવવા માટે સુરપાણેશ્વરના નજીકના આદિવાસી ગામડાઓ આજુબાજુ દિવાલ રચવાની વાત કરીને ટ્રાયબલ રીઝર્વેસ બનાવી દીધા. શહેરના ઝૂમાં જેમ પ્રાણીઓને પીંજરામાં રખાય તેમ જંગલના ઝુ (અભ્યારણ્ય) માં માનવીઓને દિવાલમાં બાંધી દીધા.

પર્યાવરણને નામે આવો જુલમ કર્યા વિના પર્યાવરણ જાળવી શકાય. તેવી જ રીતે આદિવાસીઓને જંગલ પર અધિકારો આપીને વનીકરણ કરી શકાય. આ માટે આપણે પશ્ચિમના જંગલના ખ્યાલો પ્રમાણે ચાલવાની જરુર નથી. અમેરિકામાં માનવવિહિન જંગલ હોઈ શકે. એશિયામાં એ શકય નથી. અહીં માનવ સહિતના અને માનવને પણ રીંછ જેટલા જ હકક મળે તેવા જંગલો હોવા જોઈએ. શહેરના માણસો માટે જંગલ એ લાકડું પ્રાપ્ત કરવાનું ભયંકર પ્રાણીઓ વસતા હોય તેવુ સ્થળ છે. જયારે આદિવાસીઓ માટે જંગલ તેમનું પર્યાવરણ છે. તેમની રોજી-રોટી છે. તેમને અલગ ન પાડી શકાય.

૧.૧ કેટલાંક જંગલના ગામોમાં લેન્ડ સેટલમેન્ટ થયું છે, પરંતુ તેને આજે ૭૦થી ૮૦ વર્ષ વીતી ચૂકયાં છે. ફરીવાર સેટલમેન્ટ થયું નથી. એટલે આદિવાસીઓની જમીનના પ્રશ્નો માટે એક સેટલમેન્ટ રીવીઝન કરવું જરુરી છે.

૧.૨ આદિવાસી વિસ્તારમાં તલાટી ગામડાઓમાં રહેતા નથી. દફતરમાં આધુનિક નોંધ થતી નથી. ખાતા-ફોડ થતી નથી. તેથી ઘણાં પ્રશ્નો ઉભા થાય છે. આથી એક રેવન્યું ટ્રિબ્યુનલ નીમીને આવી તમામ ફરિયાદો સાંભળીને તત્કાળ નિકાલ કરે તેવી વ્યવસ્થા ઉભી કરવી જરુરી છે.

૧.૩ આપણાં જમીન સુધારણા કાનૂન હેઠળ ખેડે તેની જ જમીન હોવી જોઈએ. ૮ કિ.મી.ની અંદર રહીને પોતે જમીન ખેડતાં હોય તેને જ જમીન હકક પ્રાપ્ત થાય, એ જોવામાં આવે. તો એક બાજુ સુપરવાઈઝરી ફાર્મર અને બીજી બાજુ જમીન વિહોણા ખેતમજૂર એમ બન્ને કેટેગરી નાબૂદ થઈ જાય. આને માટે આદિવાસી સંગઠનો ઉભા કરીને ઝુંબેશ ઉપાડવી જરુરી છે.

૧.૪ કેટલીક જગ્યાએ આદિવાસીઓની જમીનો બિન આદિવાસીઓએ લઈ લીધી છે. અલબત્ત, આ તો ઐતિહાસિક પ્રક્રિયા છે. પણ હાલ દફતરે પ્રાપ્ત થાય તેવી માહિતીમાં જો આવા કિસ્સાઓ જોવા મળે તો તે જમીનને આદિવાસીઓ

ને પરત કરવાની વ્યવસ્થા કરવી પડે અને તેને માટે આદિવાસીઓની જમીન પરત કરવાનો કાયદો મહારાષ્ટ્ર સરકારની પેટર્ન પર લાવવો પડે.

૧.૫ બંધો, રસ્તાઓ, ઔદ્યોગિક વસાહતો, પાર્ક વગેરે માટે આદિવાસીઓની જમીન લઈ લેવામાં આવે છે. હાલ જમીન સંપાદન ધારા હેઠળ માત્ર નાણાકીય વળતર આપવાની જોગવાઈ છે. આવું વળતર વપરાઈ જાય છે. અને એક વખતનો જમીધારક કંગાળ બની જાય છે. આથી જે આદિવાસી વિસ્તારમાં આવા કોઈ પ્રોજેક્ટ કરવામાં આવે ત્યાં વિસ્થાપિતોનો પુર્નસવાટ એ પ્રોજેક્ટના જ એક ભાગરૂપ હોવો જોઈએ. જો આમ હોય તો જ પ્રોજેક્ટને મંજૂરી મળવી જોઈએ. પ્રોજેક્ટ લાભીતોને જેટલો લાભ થાય તેટલો જ લાભ વિસ્થાપિતોને થાય તેવું સાબિત થાય તે જ પ્રોજેક્ટને મંજૂરી મળવી જોઈએ. આપણા સિંચાઈ ધારામાં લાભીત ખેડૂતોની પાસેથી વિકાસ માટે ૧/૩ જમીન લઈ લેવાની જોગવાઈ છે. પરંતુ વિસ્થાપિતોના પુર્વસવાટ માટે આ જોગવાઈનો અમલ કોઈ દિવસ થયો નથી. તેવી જ રીતે જમીન ટોચમર્યાદા ધારા હેઠળ પણ જમીન મેળવી શકાય છે, તેનો અમલ પણ કોઈ દિવસ થયો નથી. એટલે આ બધાં કાનૂની જોગવાઈઓનો અમલ કરવો અને હવેથી એક પણ આદિવાસી જમીન ન ગુમાવે તે જોવું.

૧.૬ આદિવાસી વિસ્તારમાં ગણોતીયાઓનું પ્રમાણ ઘણું મોટું છે. બિનઆદિવાસીઓના હાથમાં જમીન હોય અને આદિવાસી ગણોતિયાઓ હોય પણ ગણોતિયા તરીકે નામ ન નોંધાય એટલા માટે તેને વાર્ષિક કોન્ટ્રાક્ટ ગણવામાં આવે છે. આવા છુપા ગણોતિયાઓનો એક અભ્યાસ રાજ્ય સરકારે તત્કાળ કરાવવો જરુરી છે.

૧.૭ આદિવાસીઓના સંદર્ભમાં જમીન અને જંગલ સાથે જ જાય છે. જંગલો પરંપરાગત રીતે આદિવાસીઓના છે. એથી જંગલો ઉછેરવાનું કામ જો જંગલખાતા મારફતે કરવાનું આવે તો મોંઘું પડે છે. અને વૃક્ષ ઉછેર મંડળીઓ દ્વારા કરવામાં આવે તો સસ્તુ પડે છે. આથી તમામ જંગલ ઉછેરનું કામ આદિવાસીની જંગલ મંડળીઓ પાસે જ કરાવવું. જંગલ ખાતાનું કામ માત્ર દેખરેખનું રાખવું વાસ્તવમાં આદિવાસીઓની વૃક્ષ ઉછેર મંડળીને જમીન આપવાની જોગવાઈ છે, પરંતુ આ વૈધાનિક જોગવાઈઓનો અમલ થવો જરુરી છે.

**(૨) પાણીની સમસ્યા :-**

જ્યારે જંગલો ગાઢ હતા ત્યારે વરસાદનું પાણી જમીનમાં પચીને ટકી રહેતું હતું. આથી ચોમાસામા વરસાદના પાણીથી અનાજની ખેતી થતી, જ્યારે શિયાળામાં ભેજથી બીજો પાક લઈ શકાતો. જંગલો કપાતાં તળના પાણીનો ભેજ નાશ પામ્યો. તેથી મોટાભાગના આદિવાસી ખેડૂતો હવે એક જ પાક લઈ શકે છે. કેટલીક જગ્યાએ તો પીવાનું પાણી લેવા પાંચ કિલોમીટર સુધી જવું પડે તેવી સ્થિતિ સર્જાતાં એક સ્ત્રી-પુત્રી સતત પીવાના પાણીના કામમાં રહે તેવી સ્થિતિ સર્જાય છે. પાણીની અછત ચોમાસાના ચાર માસ સિવાયના સમયમાં આદિવાસીઓને ભટકતા મજૂરો બનાવી દીધા છે. આથી જળને જીવન ગણી આદિવાસી વિસ્તારના પાણીના સ્ત્રોતો પુનર્જિવીત થાય તેવું આયોજન કરવું જરુરી છે.

૨.૧. એક વાર જમીન મળ્યા પછી વર્ષમાં એક પાક લેતો આદિવાસી પાણીની સગવડ મળે ત્રણ પાક લેતો થાય. આને માટે પહેલું તો અત્યાર સુધી આપણે જે બંધો બાંધ્યા તે ખોટી જગ્યાએ બંધાય છે. ઉકાઈનો બંધ બાંધવાનો બારડોલીના પાણીવાળા મેદાનો વિસ્તારને આપણે નહેર આપી અને ઉચ્છલ તથા નિઝરના આદિવાસી વિસ્તારોને બેહાલી પ્રાપ્ત થઈ. આવું જ આપણી ઘણી બધી સિંચાઈ યોજનાઓ અંગે કહી શકાય.

૨.૨ પરંતુ ઉપરોક્ત ભૂલ સુધારવાનો હવે કોઈ અર્થ નથી. હવે માત્ર આદિવાસી વિસ્તાર ને પાણીની સગવડ પૂરી પાડવી જરુરી છે. ઉદ્વહન સિંચાઈ આદિવાસી વિસ્તાર ને સૌથી વધુ અનૂકુળ થાય તેવી સિંચાઈ પધ્ધતિ છે. આ માટે અનેક નાના નાના બંધારા તથા ગામ તળાવ કરીને ઉદ્વહન સિંચાઈ યોજનાથી આદિવાસી વિસ્તારોને પાણી પુર પાડી શકાય.

૨.૩ સરકારે કેટલીક ઉદ્વહન સિંચાઈ યોજનાઓ આદિવાસી વિસ્તારોમાં કરી છે. પરંતુ તેમાંના મોટાભાગની બેદરકારીભર્યા સંચાલનને કારણે બંધ પડી છે. તેની સામે પ્રજાકીય સંસ્થાઓ, ધ્વારા આદિવાસીઓની સહકારી મંડળીઓ ધ્વારા ચલાવાતી સિંચાઈ યોજનાઓ ખૂબ જ સફળતાપૂર્વક ચાલે છે. આથી આદિવાસી વિસ્તારની તમામ ઉદ્વહન સિંચાઈ યોજનાઓ પ્રજાકીય સંસ્થાઓ મારફતે કરાવવી.

૨.૪ દાહોદમાં સદ્ગુરુ વોટર એન્ડ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન તરફથી ચલાવાતી યોજનાઓનો એક અભ્યાસ રાજ્ય સરકારે કરાવવો. તેની ભલામણને આધારે ઉદ્વહન સિંચાઈ યોજનાઓનું માળખું ઉભું કરવું. આવી સિંચાઈ યોજના ઘડનાર અને ચલાવનારને યોગ્ય તાલીમ આપવી.

(૩) વેચાણ વ્યવસ્થા :-

જમીન અને પાણી મળી રહયાં બાદ ઉત્પાદન વધે ત્યારે યોગ્ય વેચાણ વ્યવસ્થા પણ ઉભી કરવી જરુરી છે. અત્યાર સુધી એવું બન્યું છે કે આદિવાસીઓ મહેનત કરીને ઉત્પાદન કરે અને વહેપારીઓ કમાય અથવા જંગલખાતું કમાય. આથી વહેપારી અને જંગલ ખાતું બન્ને એ માળખાં નાબુદ કરવા જરુરી છે.

૩.૧ આદિવાસી વિસ્તારમાં વેચાણ વ્યવસ્થા ઉભી કરવા માટે મોટાપાયા પર સહકારી મંડળી ઉભી કરવી જરુરી છે. આમ તો ઘણી બધી સહકારી મંડળીઓ છે. પરંતુ વહેપારીઓ અને જંગલ ખાતું તથા અન્ય માળખાઓ હોવાથી તેમની સ્પર્ધામાં ટકી શકતી નથી. એટલે વેચાણ વ્યવસ્થા માત્ર મંડળીઓ ધ્વારા થાય તે જરુરી છે.

૩.૨ સહકારી મંડળી ઉભી કરવા માટે માત્ર માળખું ઉભું કરવું જરુરી નથી. જો તેમાં પ્રાણ ન હોય તો મંડળીઓ ચાલશે નહીં. આથી મોટા પાયા પર સહકારી મંડળીઓ ઉભી કરવા માટે તાલીમનું આયોજન કરવું જરુરી છે. આ તાલીમ ગાંધીજીજી નહી આપી શકાય. પાઉલો ફાયરે 'ડાયોલોજીકલ કોન્સન્ટાઈઝેશન'ની પધ્ધતિ વિકસાવી હતી. તેનો ઉપયોગ કરીને આદિવાસી શિબિરોનું આયોજન કરવું જરુરી છે. આનાથી જાગૃતિ પેદા થશે અને આવાં જાગૃત આદિવાસીઓ પોતે જ સંગઠન બનાવશે. એટલે સંગઠન ઉપરથી લાદવાને બદલે અંદરથી સંગઠન ઉભું થાય તે વધુ મહત્વનું છે.

૩.૩ ઉદ્‌વહન સિંચાઇ યોજનાઓ ચલાવવા માટે પણ ઉદ્‌વહન સિંચાઇ સહકારી મંડળી ઉભી કરવી જરુરી છે. આ મંડળીઓમાં પાણી ન મળનારને પણ ફેરફાળો મળે તેવી વ્યવસ્થા કરવી જરુરી છે.

૩.૪ જંગલની ગૌણપેદાશો એકત્ર કરવાનું કામ આજે જંગલખાતું કરે છે. તેને બદલે આ ગૌણ પેદાશો એકત્ર કરીને વેચાણ કરવાનું કામ તે માટેનો સહકારી સંઘ કરે તેવી વ્યવસ્થા કરવી જરુરી છે. જરુર પડે જંગલખાતું તેના નિષ્ણાતો દ્વારા સંઘને સેવા આપી શકે. પરંતુ જંગલખાતું આ કામ કરે છે. તેથી આદિવાસીઓને ઓછી મજૂરી ગણવાના અને ખાતાના ખર્ચ ગયાના અનેક મુદ્દાઓ ઉભા થાય છે. તેથી તકે આ વ્યવસ્થા ઉભી કરવી.

૩.૫ વૃક્ષા ઉછેરનું કામ કરવા માટે વૃક્ષા ઉછેર સહકારી મંડળીઓ ઉભી કરવી. દક્ષિણ ગુજરાતમાં કામ કરતી જંગલ કામદાર મંડળીઓ પણ આ કામ કરી શકે છે. આ કામદાર મંડળીઓ એક વૃક્ષા કાપે અને તે પહેલાં બે વૃક્ષા વાવે તેવી વ્યવસ્થા થવી જરુરી છે.

૪) લાકડાંની અછત :-

પહેલાં આદિવાસીઓને આ જંગલોમાંથી પોતાના ઉપયોગ માટે મફતમાં લાકડું મળી રહેતું અને તેમનું સમગ્ર જીવન જંગલના વૃક્ષો થકી જ ચાલતું હતું. લીલા વાંસનું અથાણું થાય, મહુડાના રોટલા થાય અને શીરો થાય. આ બધું હવે સ્વપ્નવત્ બની ચૂક્યું છે. મકાન માટે, બળતણ માટે કે અન્ય કોઇપણ જરુરીયાત માટે લાકડું મેળવાની મુશ્કેલી સર્જાઇ છે અને બળતણનું લાકડું પ્રાપ્ત કરવા માટે પણ આદિવાસી કિશોરીને લગભગ આખો દિવસ ભટકવું પડે છે. પીવાનું પાણી મેળવવા માટે પણ આ રીતે ભટકવું પડે છે. આ રીતે જીવન જરુરીયાતની ચીજો મેળવવા માટે ભટકવું પડતું હોવાથી શિક્ષણ પર એની અસર પડે છે. જે લોકો સહેલાઇથી બળતણ, પાણી મેળવી શકે છે તેઓના બાળકો ભણી શકે છે અને વિકાસના ફળો મેળવી શકે છે. જીવન જીવવા માટે આ વસ્તુઓ મેળવવા માટે જેને મથામણ કરવી પડે છે તેમના બાળકો ભણી શકતા નથી. આ પરિસ્થિતિમાં માત્ર આશ્રમશાળા કરવાથી માત્ર મોડ્ડે મોકલ કરવાથી કે માત્ર મફત શિક્ષણ આપવાથી સવાલ પૂરો થતો નથી.

૪.૧ પ્રથમ તો આદિવાસીઓને બળતણ માટે સતત લાકડું મળતું રહે તે માટેનું આયોજન કરવું પડે. ઝડપથી ઉગી શકે તેવી જાતો તેમના ઝુંપડા નજીક વવાય અને આ જાતો કાપવાની તેમને છૂટ આપવામાં આવે. આવું થશે તો સાગ કે સીસમ જેવું મોંઘું લાકડું બળતણમાં જતું બચાવી શકાશે.

૪.૨ આદિવાસીઓની કોલસા પાડનારા મંડળી બનાવી સ્થાનિક રાહે કોલસા પાડીને આદિવાસીઓને મળે તેવી વ્યવસ્થા કરવાથી આદિવાસીઓ દ્વારા અને આદિવાસીઓના નામે થતી લાકડાંની ચોરી અટકાવી શકાશે.

૪.૩ જે આદિવાસીઓ મકાનની જરુરિયાત પર હજી સ્થપતિઓએ જોઇએ તેટલું ધ્યાન આપ્યું નથી. સ્થાનિક સોઇલો! માટી, પત્થર વગેરેના ઉપયોગ તરફ તેમને વાળીને જો મકાનો બાંધવામાં આવે તો લાકડાનો ઉપયોગ ઓછો કરી શકાય.

૪.૪ જે આદિવાસીઓ વ્યવસ્થીત રીતે વાડામાં ઢોર ઉછેરે છે તેમને બાયોગેસ તરફ વાળી શકાય.

(૫) કામના અધિકારનો પ્રશ્ન :-

પહેલાં આદિવાસી વિસ્તારમાં જંગલની પેદાશો મળી રહેતી હતી. શિકાર મળી રહેતો હતો. પાણી અને લાકડું સહેલાઈથી મળી રહેતા હતાં. આજે આદિવાસીઓને પુછીએ તો કહેશે કે કામ નથી અને તાણ પડે છે. કમનસીબે કામના અધિકારનો અર્થ આપણા અર્થશાસ્ત્રીઓએ રોજગારનો કર્યો છે. અને વિવિધ સરકારી યોજનાઓ દ્વારા રોજગારી પર મજૂરી આપવામાં આવે છે. આનાથી પહેલાની કામની પરિસ્થિતિનું વળતર તો મળતું નથી, પરંતુ તે સરકારી તંત્રનો આશ્રિત બની જાય છે. વિકાસનો અર્થ બરાબર આનાથી ઉંધો થાય છે. વ્યક્તિ જ્યારે વધુને વધુ સ્વાયત્તતા પ્રાપ્ત કરે છે ત્યારે તે વિકાસ કરી શકે છે.

૫.૧ જે કંઈ રોજી મળે છે તેમાં પણ લઘુતમ વેતનના તથા અન્ય સવાલો ઘણા જ મોટા પ્રમાણમાં થાય છે. જંગલ ખાતું જાહેર બાંધકામ ખાતું વગેરે જે રોજી આપે છે તે પીસ રેટ પર આપે છે અને આ દરો એટલા ઓછા હોય છે કે તેમને લઘુતમ વેતન પણ મળતું નથી. જેમને લઘુતમ વેતન મળતું નથી તેમને શરીર ટકાવી રાખવા પૂરતું ખાવાનું પણ મળતું નથી. આથી જો કોઈ સરકારી કે ખાનગી રોજીદાતા લઘુતમ વેતન ન આપતું હોય તો તેને ફોજદારી ગુનો ગણવો જોઈએ. તેમ છતાં, વટહુકમના બહાને લઘુતમ વેતનથી જોગવાઈને સસ્પેન્ડ કરવામાં આવે છે. આ વખતે કોન્ટ્રાક્ટરોનો નફો કે સરકારી અધિકારીઓના ભથ્થા સસ્પેન્ડ થતાં નથી.

૫.૨ આદિવાસી વિસ્તારમાં અનેક પ્રકારના રોજી આપવાના કાર્યક્રમોને બહાને જાતજાતનાં સરકારી કાર્યાલયો અને અધિકારીઓ મુકી દીધા છે તે પાછા ખેંચી લેવાં. આપણે જઈને તેમને રોજી આપવું તે સમજણથી બહાર નીકળી જઈશું તો જ સાત વધતી જતી અમલદારશાહીને ઓછી કરી શકીશું.

૫.૩ આદિવાસી યુવકોનાં સ્થાનિક મંડળો (બહારની સ્વૈચ્છિક સંસ્થા નહીં) ઉભાં થાય તેવી પ્રક્રિયાને વેગ આપવો. સંકલિત ગ્રામ વિકાસ યોજના તથા એવા અન્ય કાર્યક્રમોમાં કાર્યક્રમના ઘડતર અને અમલમાં સ્થાનિક લોકોની સામેલગીરીની વાત છે જ, માત્ર આપણે તેનો અમલ કરતા નથી. તો આ અમલ શરુ કરી દઈ સ્થાનિક લોકોની ઈચ્છા મુજબ રોજગારીના કે વિકાસના કાર્યક્રમો ઘડાય અને તેમની જ નોંધાયેલી સંસ્થા દ્વારા તેનો અમલ થાય તે જોવું જરુરી છે. જવાહર રોજગાર યોજના પૈસા સરપંચને આપી દીધા પરંતુ સરપંચ એ ગ્રામ જનતાના હિતોના રખેવાળ નથી.

સમાપન :-

આદિવાસીઓના પ્રશ્નોની ઉપરોક્ત ચર્ચામાં ભલામણોનો સમાવેશ પણ થાય છે. અત્યાર સુધી આદિવાસીઓના પ્રશ્નોના અભ્યાસાર્થે જે વિવિધ સમિતિઓ નીમાઈ તે સમિતિઓ તથા અનુસૂચિત જાતિ અને જનજાતિના આયુક્તના વાર્ષિક અહેવાલોમાંથી ઉપરોક્ત ભલામણો લીધી છે. આ ઉપરાંત અન્ય ભલામણો પણ કરી શકાય. પરંતુ જો જંગલ, જમીન અને પાણીની પ્રાણ પાયાની બાબતો વિશે વિચારવામાં આવશે તો જાગૃત આદિવાસીઓ

જાતે જ પોતાના પ્રશ્નો હલ કરતા થઈ જશે. પરંતુ આવું કરવા માટે વહીવટી તંત્રને વધારવાને બદલે ઘટાડવું જરૂરી છે. કાંઈપણ વહીવટી કામની જરૂર ઉભી થાય તો તે આદિવાસીઓના સંગઠન કરી શકે. તેમ છતાં આવા માળખાકીય ફેરફારો કરવા માટે જો કોઈ નીતિવિષયક પ્રશ્નો ઉભા થાય તો રાજ્યપાલશ્રીને સલાહ આપવા માટે એક આદિવાસી સલાહકાર કાઉન્સીલની બંધારણમાં જોગવાઈ છે. બંધારણના પરિશિષ્ટ ૫ મુજબ આવી કાઉન્સીલ ઉભી કરી શકાય. જેમાં ૩/૪ આદિવાસી ધારાસભ્યો હોય તથા બાકીનાં વિષય નિષ્ણાતો, કર્મશીલો તથા પ્રજાના પ્રતિનિધિઓ હોય.

આદિવાસીઓનો પ્રશ્ન એટલે વિકાસ માટે કેટલીક યોજનો આપી દેવાનો પ્રશ્ન નહીં. આપણે આદિવાસી વિકાસ ઈચ્છતા હોઈએ (આદિવાસી ઓ ઈચ્છે છે કે નહી અને તેમની ઈચ્છાનું કેટલું જોર તે અલગ વાત છે) તો આદિવાસીઓના હાલ પ્રવર્તમાન જમીન અને જંગલો સંબંધો તથા આદિવાસી -બિન આદિવાસી સંબંધોમાં ધરમૂળથી પરિવર્તન લાવવું પડશે. એ નહીં થાય ત્યાં સુધી વિકાસ કાર્યક્રમો ઉપરચોટીયા રહેશે.

o-o-o-o-o-o-o

આદિવાસી વિકાસ : ભૂતકાળ અને ભવિષ્ય

આઠમી યોજનામાં વ્યૂહનીતિઓ

પરિસંવાદ ૪- ૫ માર્ચ ૧૯૯૨

## ગુજરાતના આદિવાસીઓમાં જમીનના પ્રશ્નો અને જમીન અપહરણ

ડૉ. ગૌરીશ પંડયા
શ્રી ભીખુભાઈ પટેલ

ગુજરાતમાં અનુસૂચિત જનજાતિઓનું પ્રમાણ કુલ વસ્તીમાં ૧૪ ટકા છે. ગુજરાતની અનુસૂચિત જનજાતિઓમાં કુલ કામ કરનારાઓ ૪૦.૫૫ ટકા છે. તેમાંથી ૪૫.૯૩ ટકા ખેતી અને ૪૪.૬૨ ટકા ખેતમજૂરો છે, એટલે કે ૯૦.૫૫ ટકા અનુસૂચિત જનજાતિના લોકો ખેતી અને ખેતમજૂરીમાં રોકાયેલા છે. જેમનો સંબંધ જમીન સાથે છે, જમીનના ઉત્પાદન સાથે છે, જમીનમાંથી મળતી મજૂરી પર છે. આટલો મોટો વર્ગ જમીન સાથે સંબંધ ધરાવતો હોય કે જમીન જ જેમના નિર્વાહનું સાધન હોય તો તે એક ગંભીર વિચારણા માંગી લે તેવી બાબત છે. કારણ કે આટલા મોટા વર્ગનો આધાર જમીન હોવા છતાં આદિવાસી વિસ્તારોની જમીન ખેતી કરનારાઓને પૂરતું ભરણપોષણ આપી શકતી નથી કે ખેતમજૂરી પોતાના વિસ્તારમાં પૂરતા પ્રમાણમાં મળતી નથી, જેને કારણે ખેતમજૂરી કરતો વર્ગ પોતાના કુટુંબો સાથે એક જગ્યાએથી બીજી જગ્યાએ મજૂરીની શોધમાં રખડતા હોય છે. ત્યાં પણ પૂરતી મજૂરી મેળવી શકતાં નથી. તેઓની આગવી અને ગંભીર સમસ્યાઓ છે તો બીજી બાજુ ખેતીની જમીન ધરાવતા અને ખેતી કરતા વર્ગની અનેક પ્રકારની સમસ્યાઓ છે.

ખેતીની સમસ્યાઓમાં કેટલીકનો પ્રથમ નજરે જ તરી આવે છે. જેવી કે પ્રાકૃતિક ભૂરચના, વધુમાં વધુ વરસાદ, કાનૂનોની છટકબારીઓને કારણે જમીનની ફેરબદલી, વિકાસ યોજનાઓમાં ચાલી જતી જમીનો, ઓછી જમીન ધારણ શક્તિ, આ ઉપરાંત ખેતી કરવા માટે પણ અનેક સમસ્યાઓ તેમની સામે છે. જેવી કે પરંપરાગત ખેતી કરવાની પધ્ધતિઓ, પરંપરાગત ખેતીનાં સાધનો, દેશી બિયારણો (સુધારેલાં બિયારણોનો વાપરવાનો ઓછો આગ્રહ) હલકી ઓલાદનાં પશુઓ, ખાતરનો નહિવત વપરાશ, સિંચાઈની અલ્પ વ્યવસ્થા, ધીરાણની અપૂરતી સગવડ તેમજ ગૂંચવણભરી સરકારી વિધિઓ, શાહુકારો દ્વારા થતું શોષણ, શિક્ષણનો અભાવ, વહીવટીતંત્ર અને આદિવાસી વચ્ચેનું વધતું જતું અંતર, આમ અનેક સમસ્યાઓને કારણે તેની જમીન અને જમીનમાંથી લેવાતું ઉત્પાદન ગૂંચવાયેલ પરિસ્થિતિમાં દેખાય છે.

ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જનજાતિના કુલ ખાતેદારોમાં ૫૨.૬ ટકા તો પ એકર કરતાં ઓછી જમીન ધારણ કરવાવાળા હતા, જ્યારે ૧૦ એકર કરતાં ઓછી જમીન ધારણ કરવાવાળા ખાતેદારો ૭૦ ટકા જેટલા હતા. તેમાંય પેઢીઓ સુધી ખાતાઓની વારસાઈ થતી નથી, ગૂંચવણ ભરેલી પધ્ધતિમાં ગરીબ આદિવાસી અટવા અને પિતા કે દાદા હયાત ન હોય તોય તેમના ખાતે જમીન ચાલી આવતી હોય છે પરિણામે એ જમીનના નાના નાના ટૂકડા પાડી કુટુંબીજનો જમીન ખેડે છે, જેને પરિ નામે જમીન નહી હોવાથી સરકારી યોજનાઓનો લાભ મેળવી શકતા નથી, એટલે કે આટલી ઓછી જમીન ધારણ શક્તિ તેમાંય ઢોળાવવાળી, ખડકાળ અને પથ્થરોવાળી છે જેમાંથી કેટલું અને કેવું ઉત્પાદન લઈ શકાય.

૧૯૬૧થી ૧૯૮૧ સુધીના ગુજરાતની અનુસૂચિત જનજાતિઓમાં ખેતી કરનાર અને ખેત-મજૂરોના આંકડા જોઈશું તો સ્પષ્ટ થશે કે દિન-પ્રતિદિન અનેક રીતે આદિવાસીઓમાં ખેતી કરવાવાળો વર્ગ (જમીન ધરાવતો વર્ગ) ઓછો થતો જાય છે અને ખેતમજૂરોની સંખ્યા વધતી જાય છે.

ખેતી અને ખેતમજૂરી કરતા અનુસૂચિત જનજાતિના સભ્યોનું વર્ગીકરણ :-

| વર્ષ | ખેતી | ખેતમજૂરી | કુલ |
|---|---|---|---|
| ૧૯૬૧ | ૫૯.૧૮ | ૩૧.૦૯ | ૯૦.૨૭ |
| ૧૯૭૧ | ૪૮.૩૪ | ૪૨.૩૩ | ૯૦.૬૭ |
| ૧૯૮૧ | ૪૫.૯૩ | ૪૪.૬૨ | ૯૦.૫૫ |

આ રીતે ખેતીની જમીનો ઓછી થતી જાય છે અને આદિવાસીઓ ખેતમજૂરી તરફ ધકેલાતા જાય છે, આવી ઓછામાં ઓછી જમીન હોવા છતાં તેમાંથી પણ કેટલીક જમીનો વિકાસ યોજનાઓમાં ચાલી જાય છે, કારણ કે નદીઓના મુખ પ્રદેશો ડુંગરોમાં હોવાથી નહેરો માટે નદીઓને આજ વિસ્તારમાં નાથવામાં આવે છે. ગુજરાતની મોટાભાગની સિંચાઈ યોજનાઓ અનુસૂચિત જનજાતિઓના વિસ્તારમાં કરવામાં આવી છે. મેશ્વો, હાથમતી, કાકડાપાર, ઉકાઈ, પાટાડુંગરી, કડાણા, સુખી, મધુવન, નર્મદા વગેરે જલાગાર યોજનાઓમાં અનેક ગામો ડૂબમાં જતાં હોવાથી તેઓનો પુર્ન-વસવાટ અન્ય જગ્યાએ કરાવવો પડે છે. જેના પણ અનેક સામાજિક, આર્થિક પ્રશ્નો છે. પુર્નવસવાટમાં ખાતેદારને માત્ર ૪ એકર જ જમીન આપવામાં આવે છે અને બીજું વળતર રોકડમાં ચૂકવાય છે. જે રોકડ વળતર શાહુકારોના હાથમાં સહેલાઈથી ચાલ્યું જાય છે, આમાં પણ જમીનની વારસાઈ ન થઈ હોય અને જમીનમાં ડૂબમાં જાયતો અન્ય કુટુંબીઓને જમીન મળતી નથી જેને પરિણામે તેઓ અને ચાર એકરવાળા પણ ધીરે ધીરે ખેતમજૂરી તરફ જ જાય છે, કારણ કે બાકીના વારસો પણ તેમાં હક કરે જેને પરિણામે અનેક સંઘર્ષો પણ ઊભા થાય છે.

આ ઉપરાંત આદિવાસી વિસ્તારો ઉપર એક નજર નાખીએ તો નાના મોટા ઉદ્યોગો આદિવાસી વિસ્તારોમાં ખુલ્યા છે અને ખુલી રહયા છે, ઔદ્યોગિક વિસ્તારોને કારણે જમીનો આદિવાસીઓની ચાલી જાય છે અને તેના પ્રમાણમાં બહુ ઓછો વર્ગ મજૂરી મેળવી શકે છે. ઔદ્યોગિક મજૂરોની પણ અનેકવિધ સમસ્યાઓ ઉભી થવા માંડી છે.

આદિવાસીઓની જમીનો અંગેની અનેકવિધ સમસ્યામાં મુખ્ય સમસ્યા જમીન અપહરણની છે. આદિવાસી વિસ્તારોની જમીનો એક યા બીજી રીતે આજદિન સુધી આદિવાસીઓ પાસેથી બિનઆદિવાસીઓ પાસે ચાલી ગયેલી છે. જયારે આજની પરિસ્થિતિમાં જે રીતે બિનઆદિવાસીઓ પાસે જમીન ચાલી જતી તેવી જ રીતે ગરીબ આદિવાસીઓની જમીનો આજે સુખી અને સારી ખેતીની જમીન ધરાવતા આદિવાસીઓ 'ગીરો' રાખે છે. એટલે ઘણા કિસ્સાઓમાં જમીન નામે બોલતી હોવા છતાં સાચો ખેડૂત તો બીજો જ હોય છે, કારણ કે ખેતીની જમીન ઓછી હોય તો તે કુટુંબનું ભરણ-પોષણ કરવા સક્ષમ નહીં હોવાથી જીવનનિર્વાહ કરવા માટે કે સામાજિક ખર્ચાઓ કાઢવા દેવું કરવું પડે છે અને દેવામાંજ તે જમીનો ગીરો કે ખાનગી રાહે માત્ર મૌખિક કરારોથી આપવામાં આવે છે. '૭૩ ડબલ એ'ને કારણે જમીન વેચી શકાતી નથી પણ મૌખિક કરારોથી કે ઘરખાનગી લખાણો કરી જમીનો આપવામાં આવે છે. આદિવાસી સંશોધન કેન્દ્ર દ્વારા વાગડિયા (દાંતા), કલમકૂઈ (ચાલોડ), ગજેલાવાંટ (છોટાઉદેપુર) અને ડગેરિયા (ઝાલોદ) ગામમાં જમીન અપહરણ અંગેના કરેલા અભ્યાસમાં જાણવા મળ્યું હતું કે કુલ ખાતેદારોમાં ૩૩.૪ ટકા ખાતેદારોએ પોતાની વધતી-ઓછી જમીન ગીરો મૂકી હતી. ગીરો રાખનારાઓમાં આદિવાસીઓની જમીન ૬૭ ટકા આદિવાસી ખેડૂતોએ જ રાખી હતી. ૨૭ ટકા બિનઆદિવાસી ખેડૂત, શાહુકાર અને વ્યાપારીઓએ રાખી હતી.

આદિવાસી ગામોમાં જમીનનું માળખું જોવાથી પણ ખ્યાલ આવે છે કે જમીનનું અસમાન પ્રમાણ જયાં આદિવાસીઓ અને બિનઆદિવાસીઓ સાથે રહે છે ત્યાં દેખાય છે. સાનોજ કારણે જમીનની સમસ્યાઓનું વાતાવરણ જોવા મળે છે જેનું ઉદાહરણ વાલિયા તાલુકો છે.

વાલિયા તાલુકામાં આદિવાસી ખેડૂતોની અન્યને તબદિલ થયેલી જમીનો અંગેનો અભ્યાસ કરવામાં આવ્યો હતો કારણ કે આજે ગુજરાતમાં વાલિયા તાલુકાની પરિસ્થિતિ ઘણી સ્ફોટક લાગે છે. જેના મૂળમાં જમીનો છે કે નહીં તે તપાસવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. અભ્યાસ માટે પસંદ કરેલ ગામોની જમીનનું માળખું આ પ્રમાણે જોવા મળ્યું હતું.

**અભ્યાસ માટે પસંદ કરેલ ગામોમાં કુલ ખાતેદારો અને ધારણ કરેલ જમીનનું પ્રમાણ :-**

| ક્ર | ગામનું નામ | કુલ ખાતેદાર | કુલ જમીન એકરમાં | બિનઆદિવાસી ખાતેદારો | બિનઆદિવાસી ખાતેદારો પાસે જમીન | આદિવાસી ખાતેદારો | આદિવાસી ખાતેદારો પાસેની જમીન |
|---|---|---|---|---|---|---|---|
| ૧. | ચીખલી | ૮૯ | ૧૧૩૯.૭ | ૩૬ | ૭૧૮.૮ | ૫૩ | ૪૨૦.૯ |
| | | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૪૦.૪) | (૬૩.૧) | (૫૯.૬) | (૩૬.૯) |
| ૨. | ગુંદિયા | ૧૧૭ | ૧૧૬૩.૮ | ૨૭ | ૩૩૧.૮ | ૯૦ | ૮૩૨.૦ |
| | | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૨૩.૧) | (૨૮.૫) | (૭૬.૯) | (૭૧.૫) |
| ૩. | દોલતપુર | ૧૨૩ | ૩૪૨૭.૬ | ૭૧ | ૧૧૭૧.૬ | ૫૪ | ૨૫૫૫.૭ |
| | | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૫૮.૮) | (૮૨.૧) | (૪૧.૨) | (૧૭.૯) |
| ૪. | વટારિયા | ૧૪૭ | ૧૮૦૧.૮ | ૮૩ | ૯૬૪.૪ | ૬૪ | ૮૩૭.૪ |
| | | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૫૬.૫) | (૫૩.૫) | (૪૩.૫) | (૪૬.૫) |
| ૫. | થવા | ૬૪ | ૫૨૯.૪ | ૨૧ | ૩૦૦.૭ | ૩૩ | ૨૨૮.૭ |
| | | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૩૨.૯) | (૫૭.૯) | (૬૭.૧) | (૪૨.૧) |
| ૬. | ધાણીખૂંટ | ૬૬ | ૪૫૭.૬ | ૧૨ | ૧૫૦.૭ | ૫૪ | ૩૦૬.૯ |
| | | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૧૮.૨) | (૩૨.૯) | (૮૧.૮) | (૬૭.૧) |
| | કુલ | ૬૪૪ | ૬૫૩૯.૯ | ૨૬૬ | ૩૬૯૮.૩ | ૩૭૮ | ૨૮૪૧.૬ |
| | | (૧૦૦.૦) | (૧૦૦.૦) | (૪૧.૩) | (૫૬.૬) | (૫૮.૭) | (૪૩.૪) |

નોંધ :- કૌંસમાં દર્શાવેલ આંકડા ટકાવારી દર્શાવે છે.

ઉપરના કોઠા પરથી સ્પષ્ટ ખ્યાલ આવે છે કે અભ્યાસ માટે પસંદ કરેલ ગામોમાં ૪૧.૩ ટકા બિનઆદિવાસીઓ પાસે ૫૬.૬ ટકા જમીનો છે જ્યારે ૫૮.૭ ટકા આદિવાસી ખાતેદારો પાસે ૪૩.૪ ટકા જમીનો છે. કેટલાક ગામોમાં તો ૫૮.૮ ટકા બિન-આદિવાસી ખાતેદારો પાસે ૮૨.૧ ટકા અને ૪૧.૨ ટકા આદિવાસી ખાતેદારો પાસે ૧૭.૯ ટકા જ જમીનો છે તેમજ જમીનવિહોણા ઘણા કુટુંબો માત્ર ખેતમજૂરી કરનાર હોય છે. આ અસમાન માલિકી આજે મોટામાં મોટા અસંતોષનું કારણ બન્યું છે, આ જમીનો તો કાનૂની રીતે દરેકને ખાતે છે તેટલી જમીનો છે પણ ૭૩ ડબલ એના કાનૂનને કારણે આજે આદિવાસીઓ જમીન વેચી કે અન્યને ગીરો આપી શકતા નથી પણ ગેરકાનૂની રીતે ઘણી જમીનો મૌખિક કે ખાનગી લેખિત કરારો દ્વારા ગીરો અપાયેલી જોવા મળે છે. જમીનો ઓછી છે તેમાંથી જમીન ધારણ શક્તિ પણ એટલી જ ઓછી છે કે જેને પરિણામે ખેતીની સિઝન સિવાયના સમયમાં બિનઆદિવાસીઓને ત્યાં કે અન્ય વિસ્તારોમાં કુટુંબ સાથે ખેતમજૂરી માટે નીકળી પડે છે.

વાલિયા તાલુકામાં અભ્યાસ માટે પસંદ કરેલ કુટુંબોમાં જમીન ધારણ શક્તિ નીચે પ્રમાણે જોવા મળી હતી.

પસંદ કરવામાં આવેલ કુલ ૧૨૫ કુટુંબોમાં ૦ થી ૨.૨૦ એકર જમીન ધરાવતાં ૨૭.૨ ટકા કુટુંબો હતાં, ૨.૨૧ થી ૫.૦૦ એકર સુધીની જમીન ધરાવતાં ૩૬ ટકા કુટુંબો જોવા મળ્યાં હતાં, એટલે કે ૦ થી ૫ એકર સુધીની જમીન ધરાવતાં ૬૩ ટકા કુટુંબો હતાં. મોટાભાગનાં ખેડૂતો પોષાણક્ષમ જમીન ધારણ શકિત ધરાવતા નથી જેને પરિણામે જીવનનિર્વાહ માટે સતત સંઘર્ષ કરવો પડે છે. આટલી ઓછી જમીનો હોવાથી અને સિંચાઈની સગવડોના અભાવને કારણે તે જમીન તેના કુટુંબને બારમાસનો રોટલો આપી શકવાને શકિતમાન નથી હોતી. જેને કારણે દિન-પ્રતિદિન અસંતોષ ઊભો થતો જોવા મળે છે, તેમાંય આટલી ઓછી જમીનમાં તેને ખેતીનાં સાધનો કે બળદો રાખવા પણ પોષાતા નથી. અનિયમિત વરસાદને કારણે પાક ઘણીવાર નિષ્ફળ જાય છે જેને પરિણામે જીવનનિર્વાહ માટે પણ દેવું કરવું પડે છે અને દેવું કરવા માટે કોઈ વસ્તુ કે જમીન આધાર તરીકે આપવી પડે છે. જમીનનો ટૂકડો આપી લીધેલા પૈસા તે કયારેય ભરી શકતો નથી અને વ્યાજ ચડતું જાય છે અને તે જમીનો કયારેય પરત મેળવી શકતો નથી. આવા ઘણા કિસ્સાઓ ક્ષેત્રકાર્યમાં જોવા મળ્યા છે.

વાલિયા તાલુકામાં જમીન અપહરણના મોટાભાગના કિસ્સાઓ ૧૦ વર્ષ પહેલાંના બહુ પ્રમાણમાં જોવા મળે છે. તેમાંય ૧૭૩ ડબ્બલ એના કાનૂન પહેલાં અને આઝાદી પહેલાંથી પણ મોટાભાગની જમીનો બિનઆદિવાસીઓ પાસે ચાલી ગઈ છે. અત્યારે હાલના સંજોગોમાં જમીનોની તબદિલી થતી ભાગ્યે જ જોવા મળે છે કારણ કે કાનૂની રાહે તો કલેકટરશ્રીની પરવાનગી વગર થઈ શકતી નથી. ખાનગી રાહે અંદરોઅંદર મૌખિક કરારોથી બહુ ઓછા પ્રમાણમાં થાય છે. અત્યારે અસંતોષનું કારણ જમીનનું અસમાન પ્રમાણ તેમજ આદિવાસી વિસ્તારોમાં જમીન ધરાવતા બિનઆદિવાસીઓ ગામ બહાર રહેતા હોય કે પરદેશ રહેતા હોય જેને પરિણામે તેમની દૃષ્ટિ તે જમીનો તરફ હોય છે. આદિવાસીઓની અંદરોઅંદર પણ ગેરકાનૂની રીતે જમીન ખાનગી રાહે તબદિલ થાય છે, ભલે ઓછા પ્રમાણમાં ની હોય પણ આવા કિસ્સાઓ ભાગ્યે જ બહાર આવે છે.

આ રીતે આદિવાસીઓની જમીનની અનેકવિધ સમસ્યાઓ છે, તેને અનેક સમસ્યાઓએ ઘેરી લીધો છે કે તે પોતે જ તેમાં ગૂંચવાયેલ છે. જેમ કે ગણોતે ખેડતા આદિવાસીઓને જમીનો આપી છે. ગણોતે ખેડતા હોય તેવા આદિવાસીઓના નામે ખાતેદાર તરીકે જમીનો ચડાવી હોવા છતાં મૂળ માલિકો તેમના કબજા છોડતા નથી. ઘણા કેસો આજે કોર્ટમાં ચાલે છે, વર્ષોના વર્ષો વિતી જાય છે અને ગણોતીયાની તરફેણમાં ચૂકાદો આવે તો પણ માથાભારે તત્વો તેને તે જમીનનો કબજો સ્થળ પર આપતા નથી, તે પોતે જ કબજો લેવા જતાં ડરે છે, તેમજ આ કોર્ટોની બાબતમાં અનેક ધક્કા ખાવાના, વકીલો પાછળ ખર્ચા પણ તે કરી શકવાને શકિતમાન હોતો નથી જેના પરિણામે ચિંતાની સ્થિતિમાં જીવે છે.

આદિવાસી વિસ્તારોમાં વિકાસ અર્થે કે આ ગરીબ અને ઓછી જમીન ધરાવતા આદિવાસીઓને જમીનો આપી પગભર કરવાના પ્રયત્નો કરવામાં આવે છે તે પ્રયત્નો પણ ઘણા ખામીભર્યા જણાય છે. કારણ કે આદિવાસી વિસ્તારોની આવી ડુંગરાળ, ઢોળાવવાળી જમીનો ઓછામાં ઓછી એક કુટુંબને ૭ થી ૧૦ એકર હોય તો પોષાણક્ષમ બની શકે, કેટલીકવાર માત્ર સંખ્યાની દ્રષ્ટિએ કુટુંબોને જમીનો આપી તેમ દર્શાવવા માટે આંકડાઓજ ઉપસાવવા માટેના પ્રયત્નો થાય છે તેમાં આદિવાસી કુટુંબને ફાયદા કરતાં નુકસાન ઘણું વધારે થાય છે. જેમ કે સરકારને ટોચમર્યાદામાં મળેલી જમીનોનો એક અભ્યાસ ઉમરગામ તાલુકામાં કરવામાં આવ્યો હતો તે જમીનોની વહેંચણીનું પ્રમાણ જોતાં જ સ્પષ્ટ ખ્યાલ આવશે કે આવી રીતે વહેંચવામાં આવેલી જમીનો કેટલી પોષાણક્ષમ છે.

ઉમરગામ તાલુકાના ચાર ગામોમાં અભ્યાસ કરવામાં આવ્યો હતો જેમાં ટોચ-મર્યાદા, રાજીનામાથી પ્રાપ્ત થયેલ અને ગૌચરની પ્રાપ્ત થયેલ ૧૯૮.૭૬ એકર જમીનો પ્રાપ્ત થઈ હતી જે ૧૭૨ કુટુંબોને વહેંચવામાં આવી હતી. વહેંચવામાં આવેલી જમીનમાં ઓછામાં ઓછી ૫ ગૂંઠા સુધીની અને વધુમાં વધુ ૩ થી ૪ એકર સુધીમાં કુટુંબોને જમીન આપવામાં આવી હતી. જેમાં ૨ એકરથી ઉપરની જમીન મેળવનાર કુટુંબો ૧૦ ટકા જ હતાં જ્યારે એક એકર કરતાં ઓછી જમીનો પ્રાપ્ત કરનાર કુટુંબોનું પ્રમાણ ૪૧.૩ ટકા હતું અને તેમાંય ૦ થી ૨૦ ગૂંઠા સુધીની એટલે અડધા એકર સુધીની જમીન મળી હોય એવા કુટુંબોનું પ્રમાણ ૨૬ ટકાનું હતું જ્યારે એકથી દોઢ એકર સુધીમાં ૩૨ ટકા કુટુંબોને જમીન આપવામાં આવી હતી. જે મોટાભાગની ઘાસીયા જમીનો હતી, ખાડા ટેકરાવાળી, ઢોળાવવાળી અને પથરાળ હતી. આવી હલકા પ્રકારની જમીન પ્રાપ્ત થાય અને તેમાં પણ ખૂબ ઓછી જમીન મળે તેના કારણે અડધા એકરના ટૂકડા માટે તેને પોતાની મજૂરી ખોઈને જમીન પાછળ સમય વિતાવવો પડે, જેમાંથી એને ભાગ્યે જ તેમાં કરેલ મહેનતનું વળતર મળતું હોય, આટલી ઓછી જમીનમાં તેને ખેતીનાં સાધનો, તેમજ બળદ રાખવા પણ પોષાતા નથી, જેને કારણે આવી પ્રાપ્ત થયેલ જમીનો એક યા બીજા કારણોસર પાછી મૂળ જમીનમાલિકને ત્યાં કે અન્ય ખેડૂત પાસે ચાલી જાય છે.

આ રીતે આવી પ્રાપ્ત થયેલી જમીનો ભવિષ્યમાં આપવામાં આવે તો જે તે વિસ્તાર પૂરતી પોષાણક્ષમ જમીન હોવી જોઈએ. વધુ કુટુંબોને લાભ આપવાની વૃત્તિને બદલે ઓછા કુટુંબોને આપી તે કુટુંબોને જીવન નિર્વાહનું પૂરેપૂરું સાધન આ જમીન બને તે રીતે આપવી જોઈએ અને જમીન સુધારણા, ખેતીનાં સાધનો તેમજ રોકડ સહાય આપી તે કુટુંબોને પગભર કરવાનો પ્રયત્ન થાય તોજ તે જમીનો પાછળનો અર્થ સરે.

અત્યારે હાલના સંજોગોમાં આદિવાસીઓની જમીનો અંગેની સમસ્યાએ મુખ્ય છે. કારણ કે પોતાના જ વિસ્તારમાં અને ઘેર જ રહીને પોતાના કુટુંબનું ભરણપોષણ કરી શકે તો તે ધીરે ધીરે પગભર થઈ આર્થિક વિકાસ કરી શકે પણ તેની મૂળભૂત આવશ્યકતા જ અત્યારે એટલી સમસ્યાઓના વમળમાં છે કે જેને પરિણામે તેને સતત અસંતોષ અને અવિશ્વાસ પેદા થતો જાય છે જેનું પરિણામ ભવિષ્ય માટે ખતરારૂપ નિવડી શકે તેમ છે, તો આવી પાયામાં રહેલ સમસ્યાઓ વિષે વિકાસમાં રસ લેનાર સૌએ ગંભીર વિચારણા કરી સમસ્યાઓ હલ કરવી હોય તો ખાસ કરીને નીચેના વિષયો પર સમગ્ર, સંપૂર્ણ પ્રદેશ વ્યાપી અગ્રીમતા આપવી આવશ્યક બને છે.

(૧) ગુજરાતના આદિવાસીઓની જમીન ધારણ શકિત અને તેની ઉત્પાદકતા,

(૨) કાયદો હોવા છતાં જમીનનું થતું હસ્તાનતરણ અને તેનાં વિવિધ પાસાં

(૩) ખેડૂતોનું ખેતમજૂરોમાં થતું જતું પરિવર્તન અને તેના આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક પ્રશ્નો.

(૪) વિકાસ યોજનાઓથી ઉત્પન્ન થતા જમીન ધારણના પ્રશ્નો.

(૫) જમીન ટોચમર્યાદાની આદિવાસી ઉપર થયેલી અસર

-૦-૦-૦

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર

ગુજરાત વિદ્યાપીઠ અમદાવાદ-૩૮૦૦ ૧૪

આદિવાસી વિકાસ : ભૂતકાળ અને ભવિષ્ય.

આઠમી યોજનામાં વ્યૂહાત્મકો

પરિસંવાદ : ૪-૫ માર્ચ ૧૯૯૨.

# સ્વૈચ્છિક સંસ્થાઓ અને આદિવાસી વિકાસ
## પ્રદાન અને પ્રશ્નો

દિલીપ શાહ.

**પ્રાસ્તાવિક :-**

"સાંસ્કૃતિક પરિબળો અને ગ્રામ વિકાસ" વિષય એક અભ્યાસ કરવાની તક મળેલી (૧) આ દરમિયાન આદિવાસીઓમાં કામ કરતી સંસ્થાઓ, કાર્યકરો, આદિવાસી વિસ્તારના લોકો ને આશ્રમશાળાઓ વિગેરે વારંવાર મુલાકાત લેવાનો પણ લાભ મળેલ. આ અનુભવના આધારે વિકાસ સંદર્ભમાં પ્રસ્તુત નોંધ તૈયાર કરવામાં આવી છે. પ્રસ્તુત નોંધમાં નીચેના મુદ્દાઓની વિચારણા કરવા પ્રયત્ન થયો છે.

૧. સ્વૈચ્છિક સંસ્થાઓ ને આદિવાસી વિકાસ.

૨. દક્ષિણ ગુજરાતમાં આદિવાસી વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓની કામગીરીનું વિહંગાવલોકન.

૩. આદિવાસી વિકાસના અનુસંધાનમાં સ્વૈચ્છિક સંસ્થાની સમસ્યાઓ ને સૂચનો.

૪. ઉપસંહાર.

(૧)

## સ્વૈચ્છિક સંસ્થાઓ અને આદિવાસી વિકાસ

સ્વૈચ્છિક સંસ્થાઓ વિકાસમાં ઉત્તમ કાર્ય કરી શકે તે વિશે ઘણું જ કહેવાયેલું છે જ. આમ છતાં એમ કહી શકાય કે સ્વૈચ્છિક સંસ્થાઓને તેના કાર્યકરો મૂળે સાત વિશિષ્ટ ગુણોની અપેક્ષા હોય છે. આ સાત વિશિષ્ટતાઓ એટલે કે સિદ્ધાંત, નિષ્ઠા, સેવાવૃત્તિ, સમજદારી, સંપર્કસહકાર, સાતત્ય, સરળતા અને સાદગી. સરકારી સંસ્થાઓની તે આને કારણે ભાત પાડે છે. ને સરકારી સંસ્થાઓ કરતાં વધુ અસરકારક રીતે કામગીરી કરી શકે છે. આદિવાસી વિકાસના સંદર્ભમાં આદિવાસી વિકાસના પ્રશ્નો એવા આગવા અને વિપરીત હોય છે કે એના કારણે આ પ્રકારની સંસ્થાઓ ને લોકોની સ્થાનિક સ્તરની કામગીરીનું મહત્વ અત્યંત વધી જાય છે. સ્વૈચ્છિક સંસ્થાઓની

(1) Cultural factors in Rural Development - Seven narratives from South Gujarat. A study prepared and presented at International workshop on cultural factor in Rural development at East-West Centre, Honolulu, May-June-1991.

(2) D.L. Sheth, Glass-roots Initiatives in India. EPW, Feb. 11, 1989

I. Satyasundram - Voluntary Agencies and rural development Financial Express, Jan. 4, 1991.


આ લેખ ઇ.સી.એસ.એસ.આર. (Western Region) મુંબઇ અને આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર, ગુજરાત વિદ્યાપીઠના સહયોગથી યનારા આદિવાસી વિકાસ: ભૂતકાળ અને ભવિષ્ય આ વિષય પરના સેમિનારમાં રજૂ કરવા માટે તૈયાર કર્યો છે.

સોનીયર ફેલો, ૧૩૨, પ્રાધ્યાપક, સેન્ટર ફોર સોશ્યલ સ્ટડીઝ, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત - ૩૯૫૦૦૭.

પ્રશ્નોને સ્થિતિમાં સમન્વય કરવાની અપૂર્વ શક્તિ હોય છે. આ શક્તિ સતત જનસંપર્કના સંબંધથી પ્રાપ્ત થયેલી હોય છે. આવી વિરોધાભાસી વિકાસ કોયડા જેવા કે આદિવાસી પ્રાચીન સંસ્કૃતિ ને આધુનિક સંસ્કૃતિ, પર્યાવરણ ને વિકાસ, ગ્રામીણ-શહેરી વિકાસ વગેરે. જેવા પ્રશ્નોમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો સમજ અત્યંત વ્યવહારું ને વાસ્તવિક હોય છે. આમ, આદિવાસી વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓ આદિવાસીઓ અને સરકારી સંસ્થા વચ્ચે કડી રૂપ બનીને પોતાની વિશિષ્ટ ભૂમિકા ભજવી શકે છે.

ગુજરાતમાં સ્વૈચ્છિક સેવાઓની કામગીરી અંગે જે અભ્યાસ થાય છે તેના આધારે એમ કહી શકાય કે આ વિકાસ સંસ્થાઓના ઉદ્‌ભવ, વૃદ્ધિ ને ઘટાડાની ઘટમાળનો ઇતિહાસ જોતાં આ પ્રકારની સંસ્થાઓના મૂળ ઘણાં જ મજબૂત અને ઊંડા છે.

(3) જેમ કે મિશનરી સેવાકાર્યનો આરંભ ૧૮૨૩માં થયો જોવાના પ્રમાણ છે. તે બાદ દેવી આંદોલન જેવા ધાર્મિક આંદોલનને પણ તેના ઘડતરમાં મોટો ફાળો આપ્યો છે. પરંતુ ખરેખર સાચા અર્થમાં સ્વૈચ્છિક સંસ્થા દ્વારા વિકાસની પ્રવૃત્તિમાં ઝુંબેશ આવ્યો

(4) ૧૯૨૦ પછીના ગાળામાં જે દરમિયાન ગાંધીવાદી કાર્યકર્તાઓ આ પ્રવૃત્તિનું નેતૃત્વ લઇને તેને જીવન દિશાને ગમ આપવામાં આ. જુગતરામ દવે જેવા મુઠી ઊંચેરા માનવીઓના વ્યક્તિત્વની ઘટાને છાયામાં મજબૂત રીતે ઘડાયેલા કાર્યકર્તાઓના આ રિતને ત્યાગ કે બળથી આદિવાસીઓના જીવન સુધાર વાની પ્રવૃત્તિને સિધ્ધના સોપાન હાંસલ કર્યા. સ્વાતંત્ર્ય આંદોલન પછી પણ સ્વતંત્ર ભારતમાં આ ગાંધીવાદી નેતાઓને સંસ્થાઓએ પાડેલો મહાન પ્રણાલિકાઓને સંસ્કારના પગે પગે ઘણા યુવાનો, યુવકો, ઉદ્યોગપતિ કે

રાજકીય કાર્યકરો પોત પોતાની રીતથી આ પ્રવૃત્તિમાં જોડાયા. જો કે ... વેરા કાયદામાં થયેલા સુધારા તથા આયોજનપંચ ના પ્રચાર ... ને કારણે એ જે સંખ્યાત્મક જોમ ઘટયો પણ તુલનામાં તેનું પ્રમાણ હજી ... હતું તેનું અનુસરણ રહ્યુ છે.

સમગ્ર ગુજરાતની સ્વૈચ્છિક સંસ્થાઓમાંથી લગભગ ૬૫% સ્વૈચ્છિક સંસ્થાઓ ... ગુજરાત ને મધ્ય ગુજરાતમાં કાર્ય કરે છે. આમાંની ૭૨% સંસ્થાઓ તો ... સુરત અને વલસાડ જિલ્લામાં જ કાર્ય કરતી જોવા મળે છે.

1) Gujarat Chambers of Commerce, Dynamics of Rural Development in Gujarat 1982.

2) ડૉ. લાલ સિધ્ધરાજ સોલંકી — આદિવાસી વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો ફાળો

ADIVASI GUJARAT Vol. 2, No. 1 1979 pp. 89-96.

તાજેતરમાં સેન્ટર ફોર સોસીયલ સ્ટડીઝ ના એક સર્વેના જણાવ્યા મુજબ ... ચ્છિક પ્રવૃત્તિ દ્વારા વિકાસનો અગ્રિમ આ સંસ્થાઓ નો મહદ અંશે ... તો જોવા મળે છે. જેમ કે દક્ષિણ ગુજરાતની ૬૮ સંસ્થાઓમાંથી ૨૫ ... ર્થિક કાર્યક્રમો ૧૫ આરોગ્યક્ષેત્રે તથા ૭ કેળવણી દ્વારા વિકાસની ... કામગીરીમાં જોતરાયેલી છે.

3) "આમ એક વાત ખાસ ઉલ્લેખનીય છે કે દક્ષિણ ગુજરાત એ ગુજરાતનો ... થી મોટો આદિવાસી વિસ્તાર ને મધ્ય પ્રદેશના જાણીતા વિસ્તારો જેવો ... અંત ગરીબને પછાત ડાંગ વિસ્તાર સહિત મોટે ભાગે ગરીબાઈ, ... પણાને વંચિતતાનું પ્રમાણ પણ જાય એ કદરે સૌથી વધુ છે. ત્યારે તેજ ... વિસ્તારમાં સૌથી વધુ પ્રમાણમાં સ્વૈચ્છિક વિકાસની કામગીરી થઈ રહી છે. ... એક નોખો વિરોધાભાસ નથી?"

4) Ghanshyam Shah and Biswaroop Das
Voluntary Organisations in Gujarat
Centre for Social Studies, Surat, 1988 (Unpublished)

(૨)

## દક્ષિણ ગુજરાતમાં આદિવાસી વિકાસમાં સ્વૈચ્છિક સંસ્થાઓની કામગીરી નું વિહંગાવલોકન.

સાંસ્કૃતિક પાસાઓ ને ગ્રામ વિકાસ અંગેની અમારી સંશોધન મુલાકાતો ... પરિણામે આદિવાસી સંસ્થાઓ ના કાર્યકરો, તથા લાભાર્થીઓ વગેરે ને ... નું થયું તે મુલાકાત દરમ્યાન જે નિરિક્ષણો કરવાની તક મળી તેના ... રે તથા તે દરમ્યાન જે સામગ્રી તૈયાર કરી તેની પ્રક્રિયામાંથી જે નિપજેલું ... પરિણામે દક્ષિણ ગુજરાતમાં આદિવાસી વિસ્તારમાં સ્વૈચ્છિક સંસ્થાઓ ... પ્રકાર ની આદિવાસી વિકાસની કામગીરી કરે છે તેનું વિહંગાવલોકન ... વાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. લગભગ બે અઠવાડીયાની કાર્યક્ષેત્રોની ... ત દરમિયાન સાત જુદા જુદા ગામમાં પાંચ વિકાસની સ્વૈચ્છિક સંસ્થાઓ ... જુદા જુદા અભિગમથી જે જુદા જુદા પ્રકાર ના આદિવાસીઓ જુદા ... સમયથી કાર્ય કરે છે તેમને મળવાનો લાભ થયો તેઓ નીચે પ્રમાણે છે.

(૧) ભારતીય એગ્રો ઇન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન (બાયફ) જે વાંસદા તાલુકાના ૪૦ ગામમાં લાછકડી નામના ગામેથી વાઘર્ઈ-ડાંગી, કોંકણા અને કોલચા અને કોટવાળિયા આદિવાસીમાં વિકાસની કામગીરી કરે છે.

(૨) વેડછી વિદ્યાપીઠ, તથા વાલોડ પ્રદેશસેવા કેન્દ્રને વાલોડ-વેડછી પ્રદેશમાં તથા વ્યારા તાલુકાના બીજા ગામોમાં ચૌધરી અને ગામીત આદિવાસીઓમાં કાર્ય કરે છે.

(૩) આદિવાસી મહિલા સરકારી દૂધ ઉત્પાદક સોસાયટી જે મહુવા તાલુકાના મહુવાથી ૧૦૦ કિલોમીટર દૂર ના ગામમાં મોટે ભાગે કોટવાળિયા આદિવાસીઓમાં કાર્ય લેવું.

(૪) આદિવાસી વિકાસ કેન્દ્ર તે વ્યારા તાલુકાના પાછત ૭ ગામોમાં મુખ્યત્વે ગામીત આદિવાસીઓ કાર્ય કરે છે.

(૫) સેવા-રૂરલ (Social, Education and Welfare Action) ભરુચ જિલ્લા ઝગડીયા વિસ્તારમાં ભીલ લોકો વચ્ચે કાર્ય કરે છે.

પ્રસ્તુત નોંધમાં ઉપરોક્ત સંસ્થાઓની કામગીરીનું ઊંડાણપૂર્વક આંકડાકીય મૂલ્યાંકન કરવાને બદલે આ સંસ્થાઓનું વિકાસના સમગ્ર પ્રવાહ ને પ્રયત્નમાં કેવી રીતે આગવું પ્રદાન ને દિશાસૂચક પ્રયત્ન રહ્યો છે તેના પર જ પ્રકાશ પાડવાનો અત્યંત મર્યાદિત રીતે પ્રયત્ન થયો છે.

૧. બાયફ(ધરમપુર) વાંસદા જે ગુજરાતનો સૌથી મોવડુ વિસ્તાર સૌથી વધુ પછાત ગણાય તેમાંનો એક વિસ્તાર છે. ભારતીય એગ્રો ઇન્ડસ્ટ્રીઝ ફાઉન્ડેશન એ ભારત ભરમાં અત્યંત જાણીતા ગાંધીવાદી વિકાસ નેતાશ્રી મણીભાઇ દેસાઇના નેતૃત્વ નીચે કાર્ય કરે છે. સદ્ગુણ સેવા કેન્દ્ર જે મફતલાલ ઉદ્યોગવાળા અરવિંદ ભાઇ અહીંયા કાર્ય કરતા હતા. એમના આમંત્રણથી પ્રેરાઇને તથા પોતાના વિસ્તારમાં કાર્ય કરવાની અભિપ્સાથી તેઓએ અહિંયાં વાંસદા વિસ્તારમાં કાર્ય કરવાનું વિચાર્યું ને વાંસદાથી લાછકડી જેવા ગામમાં પોતાનું કેન્દ્ર નાંખ્યું ને આમ અભિગમની વિશેષતા આ નિર્ણયમાં જ જોવા મળી. એમના આ સમગ્ર સફળ પ્રયાસ નો વૈજ્ઞાનિક ઢબે ઊંચો ને ઊંડો અભ્યાસ થયો છે. અહીંના વનવર્ઈ-ડાંગી, કોલચા ને કોટવાળિયા આદિવાસી લોકોની દારુણ ગરીબાઇ નો ખ્યાલ એ વાત પરથી આવી શકે કે સામાન્ય રીતે ગરીબાઇની રેખા પરથી ઊંચો આવવા માટે જરુરી આવક ના ૧/૫ ભાગની આવક પણ આ લોકોને પ્રાપ્ત થતી નથી. દારુની લત જ એમની દારુણ ગરીબાઇનું મૂળભુત કારણ છે કે કેમ ? તે એક વિવાદાસ્પદ બાબત છે પણ તે વાત નિ:શંક રીતે હવે પુરવાર થઇ ગઇ છે - દારુના વ્યસનમાંથી મુક્તિ મળે તો ! નવો આદિવાસી વિકાસની પ્રક્રિયામાં જલ્દી સામેલ થઇ શકે છે. આ વાતની પ્રતિતી આપણને બાયફની કામગીરીને સફળતામાં જોવા મળે છે. વાંસદા સેવાકાર્ય પ્રોજેક્ટની એક ખાસ વિશિષ્ટતા એ છે કે પ્રોજેક્ટમાં લાભાર્થીને લાભ હોય તો મદ્યનિષેધમાં ફરજીયાત અપનાવવો પડે છે. આ પ્રવેશનો પ્રારંભમાં પડઘો સ્વાભાવિક રીતે જ અનુકૂળ પડ્યો ને કેવળ ૪૨ કુટુંબો તૈયાર થયાં પરંતુ જેમ જેમ સેવા કાર્યના પરિણામો જોવા મળ્યા કે ઘણા બધા આ લોકો પ્રોજેક્ટમાં જોડાવવા માટે તૈયાર થયા. આજે ૩૦ ગામના ૫૦૦૦ કુટુંબો આ પ્રોજેક્ટનો લાભ લે છે અને ૧૮૦૦૦ આદિવાસી આ પ્રોજેક્ટ માં પ્રવેશ માટે ઇચ્છા વ્યક્ત કરી રહ્યા છે. આ સુંદર પણ આગવો વિકાસ નુસખો ને અભિગમ સફળ કેવી રીતે થયો ? તેને સમજવાનો પ્રયત્ન કરીએ ત્યારે સ્વૈચ્છિક સંસ્થાની વિશિષ્ટતાઓ ના પુરાવા જોવા મળે છે.

આદિવાસી લોકોને તાત્કાલિક રોજગારી મેળવવાનું થાય તે લાંબે ગાળે એમની ગરીબાઇ એમના દ્વારા જ એમના જ વિસ્તારના પ્રાપ્ત સાધનો ના સંવર્ધનથી થાય તેવી સુંદર 'વાડી યોજના' સરકાર સાથે એના કાર્યક્રમો ના સમન્વય સાથે કરવામાં આવી. 'વાડી' યોજના માટે જરૂરી જમીન 'વેસ્ટ લેન્ડ' બોર્ડને સરકાર દ્વારા પટો ભરાવાની જમીનમાંથી પ્રાપ્ત કરી.

(6) Anil Bhatt Poverty, Tribals and Development - A Rehabilation Approach Manohol Publishers, Delhi, 1990.

ખાઇ વિભાગના સાધનો ને ટેકનોલોજી લાગે લગાડી ને વહી જતાં પાણીને નાળબંધી' ને ચેકડેમ દ્વારા નાથ્યા જયાં જરૂરી રોજગારી ના પ્રોજેક્ટ તરીકે ના કાર્યનો સમાવેશ કરાવી ને જવાહર યોજના જેવી રોજગારીની યોજનાના માં એમના લાભાર્થી માટે પ્રાપ્ત બનાવ્યા. આજે ૪૦૦ એકર જમીનના વિસ્તારમાં ૧૫૦૦૦ ફળઝાડ અને ૫૦ લાખ વન્યવૃક્ષો એ એક એવી શકયતા ઉભી કરી છે કે આવતા સાત વર્ષમાં કાયમી રીતે લાભાર્થીઓ ગરીબાઇની રેખા ની પર આવી જશે. આ નવીન કાર્યની સફળતાએ આદિવાસી અંધકાર ભર્યા જીવનમાં આશાના કિરણોનો પ્રકાશ એવો રેલાવ્યો છે કે એક તાલુકે આ વર્ગ ના વિકાસ માટે સંપૂર્ણ જાગૃત થઇને સ્વપ્રયત્ને જ આગળ વધવા પ્રયત્ન કરશે એવી આશા ઉભી થઇ છે. 'બાએફ' ની રચનાત્મક અને સૂઝમાં દર્શન એવા બીજા લાક વિકાસ પ્રોજેક્ટમાં પણ જોવા મળે છે જેમાં પરંપરાગત સાંસ્કૃતિક પ્રણાલિકા પ્રણાલિકાગત હુન્નર ઉદ્યોગો ને નવો ઓપ આપીને 'વાવલી' પ્રોજેક્ટ દ્વારા આદિવાસી બહેનો અને પરંપરાગત ગૃહ ઉદ્યોગો પુન: વિકાસના પ્રોજેક્ટ દ્વારા ટવા ળિયા જેવી સૌથી પછાત અને લગભગ ભટકતી આદિવાસી પ્રજાને પુન:વસવાટ ના ઉમદા પ્રયત્નથયો છે. આમ આદિવાસી સમાજમાં સૌથી નબળા વર્ગના વિકાસ માટેના બારણાં ખૂલ્યાં છે.

સ્વ. જુગતરામ દવેના વ્યક્તિત્વના પ્રભાવમાં વાલોડ-વેડછી વિસ્તારના પ્રદેશમાં રહેતા 'રાનીપરજ' આદિવાસી પ્રજામાં શિક્ષણ દ્વારા વિકાસના કામ થયાં છે જે આ એક કાળ ને કાર્ય પ્રયત્ન ને 'વેડછીઆંદોલન'નું ઐતિહાસિક માહત્મ્ય પ્રાપ્ત થયું. (૭) વેડછી વિદ્યાલયમાં વિકસેલા કાર્યકરોના વાલોડ-પ્રદેશ સેવા સમિતિ અન્વયે સ્થપેલા કાર્યો ગાંધી ચિંધ્યા માર્ગે ગ્રામ વિકાસના નમુના ગણાયા અને તેના પર સ્વતંત્ર મૂલ્યાંકનો પણ થયાં છે. (૮)

જો કે પ્રસ્તુત નોંધમાં શિક્ષણ દ્વારા વિકાસ માટે આદિવાસીઓ કેવા તૈયાર થઇ શકે તે વિશે જે જોવા મળ્યું તેની જ વિગતોની રજૂઆત કરવી છે. મુળે ચૌધરી બોડિયા અને ગામીત તથા દૂબળા આદિવાસીઓ જ એક જમાનામાં 'કાલીપરજ' આદિવાસી ગણાતા ને 'ઢંગાટિયા- આદિવાસી' અહિંજ વધુ પ્રમાણમાં જોવા મળતા. ૧૦ મી સદીમાં ગાયકવાડે શિક્ષણ વિકાસના મૂળિયાં નાંખ્યા તેનો ગાંધીવાદી કાર્યકરો દ્વારા સ્વતંત્ર સંગ્રામ દરમ્યાન

---

(7) I.P. Desai Vedchhi Movement - Sociological study Centre for Social Studies, Surat, 1982.

(8) Ghanshyam Shah and H.R. Chaudhari - Gandhian Approach to Rural Development. The Valod Experiment Ajanta, 1983 Bombay.

વિકાસ થયો ગાંધીવાદી શિક્ષણ, બુનિયાદી તાલીમ વિગેરેના શિક્ષણથી આદિવાસી સ્વાવલંબી, વિકાસલક્ષી, 'માનવીય' દષ્ટિકોણવાળી વાળી પ્રજા બને તેવો સુંદર પ્રયત્ન પણ થયો. સ્વાતંત્ર સંગ્રામ પછી ના કાળમાં ભારતમાં પણ આ કામગીરી ચાલું રહી પણ તેમાં સરકારી નીતિનો ટેકો પ્રાપ્ત થયો જેથી એના વ્યાપ અને સઘનતામાં વૃદ્ધિ થઈ. એના પરિણામે શૈક્ષણિક સ્તર જેવું આવ્યું કે બીજા આદિવાસી વિસ્તારની સરખામણીમાં આ વિસ્તારમાં સાક્ષરતાનો દર પ્રમાણમાં ઉંચો રહ્યો. 'વિકાસ' માટેનો લેખના એ વાત થી પ્રતિપાદિત થાય છે કે કદાચ ભારતમાં 'વાલોડ'નો એક જ વિસ્તાર એવો છે જ્યાં ભારતીય યોજનાઓની સાથે સાથે 'વાલોડપ્રદેશ' માટે 'વિકેન્દ્રિત આયોજન' થતું જોવા મળ્યું હોય, સૌથી વધુ ઉલ્લેખનીય શિક્ષણનો પ્રભાવ 'સાંસ્કૃતિક ક્રાંતિ' માં પરિણમ્યો. શિક્ષણનો જેને લાભ મળ્યો તેમને આદિવાસી સંસ્કૃતિમાં 'સુધારા' ને કેટલેક અંશે 'ક્રાંતિકારી' પરિવર્તનો સ્વીકારી લીધા અને સમય જતાં આવા શિક્ષિત આદિવાસી નો એક નાનો પણ આગવો વર્ગ પ્રસ્થાપિત થયો આ સાંસ્કૃતિક પરિવર્તનોની પ્રક્રિયા, પ્રભાવ અને ગુણદોષ નો ઘણો અસરકારક પૃથ્થકરણ અને 'અભ્યાસ' પણ થયેલો જોવા મળે છે. (૯) શિક્ષણ પ્રસારના પરિણામે સાંસ્કૃતિક સુધારણ થતા જેના પરિણામે સામાજિક વિઘટન થઈને આદિવાસી સમાજમાં નવું વર્ગીકરણ થયું એનાથી સમગ્ર આદિવાસી 'વિકાસ'ની પ્રક્રિયા ને શો લાભ થયો ? આ એક વિવાદાસ્પદ મુદ્દો છે. કારણ કે શિક્ષિત આદિવાસી વર્ગ પોતાના પછાત આદિવાસી સમૂહનું નેતૃત્વ લઈને સમગ્ર વિકાસની પ્રક્રિયાને જવલંત બનાવે બદલે તેઓ એના 'શોષણ' માં સંડોવાઈને વિકાસની પ્રતિગામી પ્રક્રિયાને ઉત્તેજન આપે છે એમ લાગે છે, જો કે આ એક વિવાદાસ્પદ શકિત છે પણ તે વાત તદ્દન સર્વસામાન્ય છે કે આ સમાજનો એક વિશાળ વર્ગ શૈક્ષણિક વિકાસ દ્વારા વિકાસ લક્ષી થયો છે.

ગુજરાતના કેટલાક ખેડા-મહેસાણા જેવા વિસ્તારો દૂધ ઉત્પાદન સહકારી કારણ ને કારણે દૂધક્રાંતિ ની સાથે એક સફળ પ્રકારની સામાજિક ક્રાંતિ પણ થતી જોવા મળે છે. તે અંગેના ઘણા રસપ્રદ સમાજ શાસ્ત્રીય અભ્યાસ થયેલા છે. (૧૦) ખેડા જેવા પરંતુ મહુવા જેવા અત્યંત પછાત વિસ્તાર ના એનાથી એ ૧૦૦ માઈલના અંતરમાં 'કઠિન' ગામમાં દૂબળા આદિવાસીઓના ગ્રામજીવનમાં જે વિકાસ

(9) Ghanshyām Shah - Economic Differentiatives and Tribal Industry, Ajanta, Bombay, 1984.

(10) Geeta Somjee and A.H. Somjee, Reaching out to the Poor The unfinished Rural Revolution Mechmillan, 1989.

પરિવર્તન માટે પછાતમાંથી પછાત બહેનો દ્વારા જે પ્રયત્ન થયો છે તેનો ઉલ્લેખ માત્ર રોમાંચક લાગે છે. આ ગામમાં પુરુષો કરતાં દૂધ સહકારી મંડળી કરવામાં નિષ્ફળ નીવડ્યા ને સંસ્થા 'ખોટ' ભોગવતી હોવાથી બંધ થઈ પણ આદિવાસી બહેનોએ રમાબેન જેવી એક માત્ર શિક્ષિત કોળી પટેલ મહિલાની આગેવાની નીચે કેવળ મહિલાઓની દૂધ મંડળી સ્થાપીને સફળતાપૂર્વક સંચાલન કરી શકવાની ક્ષમતા બતાવે છે. દૂધ મંડળીની સભાસદના બધાજ વર્ગો માટે ખુલ્લી હોય છે. દરેક સભ્યો સરખો જ ન્યાય અને ભાવ અને દૂધ પરીક્ષા તથા બચત

પ્રવૃત્તિમાં કોઈ ભેદભાવ નથી અને તે ઉપરાંત આ મંડળની મંત્રી પણ બહેન છે. આ બધા પરિબળોને કારણે બહેનો આર્થિક ક્રાંતિની સાથે સાથે સામાજિક ક્રાંતિનું સર્જન પણ કરે છે. સામાન્ય નજરે સામાન્ય લાગતી બાબતો ઘણા સૂચિતાર્થો આદિવાસી વિકાસ માટે અગત્યતા ધરાવે છે. આદિવાસીઓને આર્થિક વિકલ્પ, બહેનોની આર્થિક-સામાજિક કાર્યમાં ભાગીદારી ને નેતૃત્વ અને દુનિયા સાથે નુતન વ્યવહાર ને સતત સંપર્કની તક જે પ્રાપ્ત થાય છે તેના કારણે આદિવાસી સમાજને નૂતન સમાજના પરિવર્તનોનો લાભ મળે છે. તેમના જીવન વ્યવહારમાં અને જે અપેક્ષાઓને ગતિ મળે છે. આ રીતે ટૂંકમાં, આદિવાસી પ્રજાને વિકાસના પ્રવાહમાં પલોટવાની જે ભૂમિકા તૈયાર થઈ રહી છે તે ખૂબ જ ઉલ્લેખનીય બાબત છે.

આદિવાસીના પ્રજાના જીવન વન સાથે સંકળાયેલા હોવાથી વસ્તી વૃદ્ધિ, આધુનિક ઉદ્યોગોને વ્યાપારીકરણના આક્રમણ વગેરેને કારણે સરકારની જંગલ સંરક્ષણ નીતિ વગેરેને કારણે આર્થિક કટોકટીમાં સપડાઈ ગયા. આ આર્થિક પ્રવૃત્તિનો વિકાસ આદિવાસી વિકાસ કેન્દ્ર જેવી સંસ્થાને શરૂઆતમાં શિંગોડાં ને બીડીવાડી વગેરે દ્વારા આદિવાસીને વૈકલ્પિક આય આપવાનો પ્રયત્ન નિષ્ફળ નીવડ્યો, ત્યારે ગુજરાતમાં જે શ્વેત ક્રાંતિ થઈ તેનાથી નાના ને સીમાંત ખેડૂતો ને થતા લાભ જોવા મળ્યા ત્યારે આદિવાસી કુટુંબો આ પ્રવૃત્તિનો લાભ લઈ શકે કે કેમ ? તેની વિચારણા થઈ પરંતુ પશુપાલનનો વ્યવસાય આદિવાસી માટે એક તદ્દન નવી જ આર્થિક પ્રવૃત્તિ હતી. કોઈ અનુભવ કે જ્ઞાન ન હતા તેથી આ વિસ્તારમાં ૧૯૭૨ માં આદિવાસી વિકાસ કેન્દ્રના અન્વયે બહાર કોરેલ ૧૯૭૨માં ૧૬ ભેંસ ને એક રબારીને આદિવાસી ગામમાં લાવીને વસાવ્યા જેથી આદિવાસીઓને ભેંસ ઉછેરની તાલીમ પ્રાપ્ત થાય. બાદ ૫૦ કુટુંબો ને રબારીના માર્ગદર્શનમાં સહકારી મંડળી બનાવવા ને તે મંડળી ગામમાં ગુજરાતની પ્રથમ આદિવાસી દૂધ ઉત્પાદક મંડળી થઈ. આ મંડળીએ એવી સફળતા પ્રાપ્ત કરી કે આજે દૂધ સહકારીકરણ કેન્દ્રના ગામમાં નહીં પણ સમગ્ર આદિવાસી જિલ્લાનાં ગ્રામીણ દર્શન થતું જોવા મળ્યું છે. જેનો અમે વિગતે મૂલ્યાંકન પણ કર્યો છે. (૧૧) આમ સ્વૈચ્છિક સંસ્થા આદિવાસી પ્રજાને આર્થિક વિકલ્પ ખોલવામાં સફળતા પ્રાપ્ત કરી છે. તેમાં એણે દાખવેલી દીર્ઘ સહકારી પ્રવૃત્તિ દ્વારા વિકાસ અભિગમના સ્વીકાર તથા તેના અમલ માટે દાખવેલી જહેમત ને ધીરજ અત્યંત પ્રશંસનીય છે.

વિદેશી તાલીમ પામેલા તબીબી વ્યવસાયની અમેરિકામાં ઉન્નતિ ઠુકરાવીને દેશના ગરીબ નાગરિકો માટે સમાજ સેવા, વૈજ્ઞાનિક અભિગમ આધ્યાત્મિક દૃષ્ટિકોણથી પ્રેરાઈને કાર્યશીલ ડૉ. અનિલ દેસાઈના જેવા યુવક વિચાર અને સ્વપ્નનું સાકાર સ્વરૂપ તે સેવા (રુરલ) જે ઝઘડીયાના આદિવાસીઓમાં સેવાની સુવાસ પ્રસરાવે છે. વિકાસના અભિગમમાં આ સંસ્થાએ સમાં આરોગ્ય ને વિકાસની ચાવી ગણી ને ગ્રામીણ તબીબી વ્યવસ્થા સંચાલનનું એવું સરસ મોડેલ આપ્યું કે જોતજોતામાં તે વિશ્વમાં વિખ્યાત થયું. અને ઓચિંતે રાજ્ય સરકારે પણ એની કદર કરીને જિલ્લાના આરોગ્યની જવાબદારી એને સોંપી ને ઉત્તેજનનો નવો જ પડઘો પાડ્યો. આદિવાસીઓ

ધાર્મિક રીતરિવાજો ને રુઢિઓ ને લીધા વિગેરેના ષડ્યંત્ર માં એવા ઝપટાઇ ગયેલા કે મરવાનું પસંદ કરે પણ ડોક્ટર પાસે ન જાય તેવો ભય વ્યાપ થઇ ગયેલો. આવા પ્રશ્ન માટે વર આગળે એમનો પોષાય એવી રીતે તબીબી સગવડો આ સંસ્થાએ પ્રાપ્ત બનાવી તેથી વધુ મહત્ત્વનું કાર્ય તો આ પ્રજાને ધાર્મિક વહેમ તા ભુવા-જાગરિયાની જંજાળમાંથી છોડવા, વ્યવસ્થિત પ્રયત્નો પ્રયોગો કર્યા જેના પરિણામે આજે સમગ્ર પ્રજા 'આરોગ્યલક્ષી' તો બની છે પણ આધુનિક તબીબી સારવાર લેવામાં સદાય તત્પર રહે છે. સંસ્થાએ જે રીતે ભુવા-જાગરિયાની નિષ્ફળતાનો નિર્દેશ ને અનુભવ કરાવ્યો ને જે આમૂલ પરિવર્તન થયા તેના પરિણામ અમારી મુલાકાત દરમ્યાન અમે નોંધનીય બાબત એ જોઇ એ આદિવાસીમાં એક નવું જોમ અને જાગૃતિ આવ્યાં છે. આરોગ્યની સ્થિતિનો એમનો પ્રારંભ અને

11. Dilip Shah - Dairy Co-operatives. As an Development of Rural change - A case of Surat district ICSSR project Rawat Publishers (In print), New Delhi, 1991.

આજની સ્થિતિને સરખાવતાં આંકડા જોઇએ ત્યારે ૧૯૬૧-૮૦ દરમ્યાન બાળમૃત્યુ માં ૧૭૨ થી ઘટીને ૮૦ નું પ્રમાણ મૃત્યુ દરમાં ૧૦૦૦ એ ૧૩ થી ઘટીને ૮ નું થયેલું પણ અને બાળજન્મની વૃદ્ધિમાં ૧૦૦૦ એ ૨૪ નું સ્થગિત થઇ ગયેલું જોવા મળે છે. આ પ્રમાણ પ્રજાના 'જીવન ધોરણ' માં એક રીતે ગુણવત્તા ના સુધારાનું પ્રતિક છે. જો કે કાળક્રમે 'સેવા' રુરલને અનુભવે એમ લાગ્યું કે, બિન આરોગ્યની સ્થિતિ, ગરીબાઇને શિક્ષણના અભાવનું પરિણામ હોવાને કારણે પ્રશ્નના મૂળભૂત ઉપાય તરીકે હવે આરોગ્ય શિક્ષણ ને આર્થિક પ્રવૃત્તિનું સંયોજન થાય તેવી સુગ્રથિત યોજનાનું સ્વરુપ આપવામાં સંસ્થા સફળ થઇ છે.

આમ, આંકડાઓની ઇન્દ્રજાળ અને મૂલ્યાંકનોના આટાપાટામાં ફસાયા વિના એ હકીકત ખૂબ જ સ્પષ્ટતા પુર્વક જોઇ શકાય છે કે દક્ષિણ ગુજરાતના આદિવાસી વિસ્તારમાં સ્વૈચ્છિક સંસ્થાઓ ઉલ્લેખનીય આગવી કામગીરી દ્વારા વિકાસના નુતન અભિગમોને વ્યૂહ ચિંધ્યા છે. આ હકીકત એટલી સબળ છે કે એના સ્વીકાર માત્રથી સ્વૈચ્છિક સંસ્થાઓનું આદિવાસી વિકાસ માં આગવું સ્થાન, મહત્વને ફાળો સહેલાઇથી પ્રસ્થાપિત થઇ જાય છે.

## (૩)
## સમસ્યાઓ અને સૂચનો.

સ્વૈચ્છિક સંસ્થાઓની મુલાકાત દરમ્યાન તથા એમની કામગીરીનું ક્ષેત્ર પર નિરીક્ષણ કર્યા પછી જે પૃથક્કરણ કર્યું તેના પરિણામે આ સંસ્થાઓ નીચે મુજબની સમસ્યાઓનો વત્તે ઓછે અંશે સામનો કરે છે. અહિંયાં કેવળ સમસ્યાઓનો ટૂંકમાં નિર્દેશ જ કરવામાં આવ્યો છે. 'સૂચનો' કેવળ એક પ્રયત્ન છે. કારણ કે સમસ્યાનો ઉપાય કેવળ સંસ્થાઓ, આદિવાસી કાર્યકરોને રાજ્ય જ કરી શકે.

૧. સૌ પ્રથમ આ પ્રકારની સંસ્થાઓ વિસ્તારને પ્રશ્નોના પ્રમાણમાં ઘણી અલ્પ સંખ્યા છે. એમાં પણ આ સંસ્થાઓ અમુક જ વિસ્તારમાં જ કેન્દ્રિત થયેલી છે. જેમકે સુરત જિલ્લામાં વાલોડ ને વલસાડ જિલ્લામાં વાંસદા-ધરમપુર વગેરે

આ સંસ્થાઓનો વ્યાપ પણ પ્રમાણ ઘણોજ ધીમી ગતિનો થઈ રહ્યો છે. નિર્દેશાત્મક અસરોને કાર્યમાં પલટો નાંખવા માટે જરુરી કાર્યકર્તાઓને કદાચ અભાવ જ આ પ્રકારની સ્થિતિ માટે જવાબદાર હશે.

૨. આ સંસ્થાઓ વચ્ચે કોઈપણ પ્રકારનો !સંયોજન! નો અભાવ છે. આદિવાસી ઉત્કર્ષ વિકાસ માટે કામ કરતી સંસ્થાઓના અભિગમો ને જુદા પડે તો તે સ્વાભાવિક છે પણ બધી સંસ્થા વચ્ચે સંકલન અને એક સુત્રતા હોવી જ જોઈએ. અનુભવોનું આદાન પ્રદાન, સામાન્ય સમસ્યાઓની છણાવટ તથા સરકાર કે લોકોની કક્ષાના પ્રશ્નો વિગેરેને ચર્ચા માટે પણ !સંયોજન! ખૂબ જરુરી છે. એનો અભાવ અહિંયા જોવા મળે છે. વિકેન્દ્રિત વિકાસ અને આયોજનમાં આ પ્રકારની સંસ્થાઓને ભાગીદાર બનાવવાની હોય તો એમના વચ્ચે સંયોજનની કડીઓ તદ્દન અનિવાર્ય બની જાય છે.

૩. લગભગ દરેક સંસ્થા રાજ્ય સરકાર પર વત્તા ઓછા અંશે નિર્ભર છે. આ સરકારી નિર્ભરતા બધી જ સંસ્થાઓ નહીં તો પણ ઘણી બધી જ સંસ્થાઓ નહી તો પણ ઘણીખરી સંસ્થાઓનું ચાલકબળ છે. એમાં જો ઘટાડો થાય કે જો તે લેવામાં આવે તો કદાચ સારી એવી સંસ્થાઓની કામગીરીમાં સ્થગિતતા તો આવે જ પણ કદાચ હાલે ગાજે અસ્તિત્વ પણ જોખમમાં આવી જાય. વળી, આજકાલ જે રંગઢંગથી સરકાર વિકાસના ને પ્રજા સેવાના કાર્યો કરે છે તેમાં !યાચકો! ની વાત તો સ્વ. રાજીવ ગાંધીએ સૌથી વધુ પ્રગટિત કરી છે. પણ આ સંસ્થાના કાર્યોમાં પણ સરકારે પાસે નાણાં લેવાના આવે ત્યારે લાંચ આપવી પડે તે એક !નવીન! પણ ચિંતાજનક અનુભવ ગણાય આશ્રમ શાળા કે ઉત્તર બુનિયાદી શાળા ખોલવા માટેની પરવાનગીના ભાવ તાજેતરમાં જ છાપામાં છપાયેલા છે. રોજગાર યોજનાઓના નાણાં મેળવવા આવેલી સંસ્થાને પણ કેવો ત્રાસ થાય છે તેની વિગતો જાણીએ ત્યારે સ્વૈચ્છિક સંસ્થાઓની ચેતના અને સરકારી સંસ્થાઓની !અચેતના! નો સંઘર્ષ જોવા મળે છે. સ્વૈચ્છિક સંસ્થાઓને આદિવાસી વિસ્તારમાં વિસ્તારવી હશે એમની કાર્યક્ષમતા વધારવી હશે અને એમની સુષુપ્ત ક્ષમતાઓ સંપૂર્ણ ઉપયોગમાં લેવી હશે તો સરકારનું રેઢિયાળ તંત્ર સવેળા જાગીને સંસ્થાઓ પ્રત્યેની એમની જવાબદારી પ્રત્યે સભાન બની બનીને ઉત્તેજનદાયક વર્તન કરે તે ખૂબ જરુરી છે.

૪. સરકાર પર !અવલંબન! ઘટાડવાનો ખરો ઉપાય તો પ્રજાનો ટેકો છે. સંસ્થાનું સાચું ચાલક બળ તેના કાર્યકરો છે. પરંતુ, કાર્યકરોને સંસ્થાનો સબંધ પણ વિચારણા માંગી લે છે. સારામાં સારી સંસ્થામાં પણ આદિવાસી કાર્યકરોની સંસ્થાની કામગીરીમાં સામેલગીરી નું પ્રમાણ અત્યંત નિરાશજનક જોવા મળે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ ને લાંબે ગાળે સરકાર વિના ટકી રહેવું હોય તો કાર્યકરોની સતત કામગીરી, જવાબદારીપૂર્વકનો ફાળો ને સંસ્થા માટેની સાચી ઝંખના હોવી જરુરી છે. એનો અભાવ અહિંયા વર્તાય છે. સ્વૈચ્છિક સંસ્થાઓના વિકાસમાં સૌથી મોટી નબળી બાજુ કદાચ અહિંયા જોવા મળે છે.

આદિવાસીઓની સંસ્થામાં સામેલગીરી એ અત્યંત કપરી બાબત છે. છતાં દુઃખની વાત એ છે કે કોઈ એક સ્તરે એનો પ્રારંભ પણ થતો જોવા નથી મળતો.

૫. સંસ્થાઓની કામગીરીનું ઊંડાણપુર્વક નિરીક્ષણ કરતાં બે ચિંતાજનક બાબત જણાઈ આવે છે. જાણે કે રાષ્ટ્રીય ને સામાજિક જીવન તરાહનો પડઘો પાડતો હોય તેમ સંસ્થાઓમાં બીજી હરોળની નેતાગીરી કે સામુહિક નેતાગીરીનો અભાવ ધ્યાન ખેંચે તેવો હોય છે. ઘણી ઉત્તમ સંસ્થાઓ જે આજે કાર્ય કરે છે. તેનું મુખ્ય ચાલક બળ વ્યક્તિગત નેતૃત્વ, પરિશ્રમ અને વ્યક્તિગત ગુણો પર આધારિત છે. આવી સંસ્થાઓમાંથી એવી પ્રભાવશાળી વ્યક્તિ, નહીં હોય ત્યારે કદાચ તાત્કાલિક સંસ્થાનું અસ્તિત્વ મહીં જોખમાય પણ જો દ્વિતીય કક્ષાનું નેતૃત્વ ને સામૂહિક નેતૃત્વની વૈકલ્પિક ચાલક શક્તિ પ્રાપ્ત નહીં થાય ત્યારે દિવસે દિવસે સંસ્થા એવું કૌતુક ગુમાવી બેસે ને અંતે વિરામ પામે તેમ બની શકે, વળી આજે જે રીતે ને પ્રમાણમાં સ્વૈચ્છિક સેવા ક્ષેત્રમાં !વ્યવસાયવાદ! વિકસી રહ્યો છે ને !ભાવશીલતા! ને કર્મઠતામાં ઘટાડો થઈ રહ્યો છે. તે જોતાં એમ બનવાનો સંભવ વધુ છે કે સ્વૈચ્છિક સંસ્થા કેવળ બંધાકોય સેવા એજન્સી બની જાય અને સેવાવૃત્તિ તથા સેવા માટેની નિપુણતા ધરતા વ્યવસાયવાદી બન્ને અને વચ્ચે જરુરી સુમેળ ને સમન્વય સાધી શકે તેવી સામૂહિક નેતૃત્વ જ આ પ્રકારની સંસ્થાઓને શક્તિનો પરો સ્રોત બની રહે.

૬. સ્વૈચ્છિક સંસ્થાઓ જે બાબ શિક્ષણ વિકાસની પ્રવૃત્તિ કરે કે તે શિક્ષણ વિકાસમાં પોતાના આગવા ધ્યેય લક્ષણોને જોડે વ્યવહારો કે બાંધછોડ કરીને પણ શિક્ષકનું કાર્ય તો કરે છે, જેનો પ્રભાવ આદિવાસી સંસ્કારમાં, સુધારાનો પ્રવાહ લાવે છે. પણ તે બાદ સમાજમાં જેઓ શિક્ષિત આદિવાસી વર્ગ પોતાની પછાત જાતિના વિકાસ માટેનો સાચાં અર્થમાં આગળ પડતો વર્ગ !લીડ કલાસ! !નેતાવર્ગ! બનવાનું ટાળે ને એક શોષક વર્ગ તરીકે પ્રસ્થાપિત થઈ જાય છે. સ્વૈચ્છિક સંસ્થાઓ આ પરિસ્થિતિ કેવળ લાચારીપુર્વક જોયા કરે છે. એનેપકડ તે આ શિક્ષિત વર્ગ પરથી ગુમાવી દે છે. સ્વૈચ્છિક સંસ્થાઓ સામે જો કોઈ મહાન પડકાર હોય તો આ વર્ગના લોકોને એમની કામગીરી પ્રત્યે આકર્ષવાનો છે આદિવાસી વિકાસ કાર્યમાં આગળ પડતો ભાગ લઈ શકે તેવા ઘણા શિક્ષિત યુવાનો હવે ગામડાઓમાં હોય છે પણ આગ ત્યાં, એમનો આ શક્તિઓનો લાભ તો લેવાનો નથી એવી કોઈ શક્તિ વિકાસનું અવરોધક બળ બની જાય છે, આ પણ એક વિચિત્ર વાસ્તવિક સ્થિતિ છે તે કેવી રીતે ઉકેલી શકાય તે મહત્વનો ચર્ચા મુદ્દો ગણાય.

૭. અંતમાં, સ્વૈચ્છિક સંસ્થાઓમાં બાસ તો બાએક જેવી સંસ્થાઓએ બતાવ્યુ છે કે સાંસ્કૃતિક પ્રણાલિઓને આદિવાસી ગ્રામીણ વિકાસ સફળતાપુર્વક જોતરી શકાય. આદિવાસી સાંસ્કૃતિક પ્રણાલિઓના માધ્યમ દ્વારા ત્વરિત વિકાસ થઈ શકે તે માટે આદિવાસી વિકાસ વ્યુહમાં આદિવાસી સાંસ્કૃતિક પ્રણાલિઓને મધ્યસ્થ સ્થાન અપાવું જોઈએ. ખરા અર્થમાં જોઈએ તો !આદિવાસી સંસ્કૃતિ! એ આદિવાસી વિકાસનું વ્યાકરણ છે. !આદિવાસી વિકાસ વ્યુહ! તૈયાર કરવા માટે સ્વૈચ્છિક સંસ્થાઓ આ વ્યાકરણને સાચો અર્થ કરીને એના આધારે એમની સંસ્કૃતિ સાથે સમન્વય સાધીને વિકાસ સાધી શકે. આ એક શાંત અને ધૈર્યશીલ પ્રક્રિયા છે એમાં પર્યાવરણના રક્ષણ નામે જુની નીતિ કે કાર્યક્રમ અપનાવે નહીં ચાલે એમાં તો આદિવાસી પ્રજા ગરીબ ને ગરીબ રહેશે ને એમની જીવન સંસ્કૃતિનો નકામો ભોગ લેવાઈ જશે. સરકારે પણ સ્વૈચ્છિક સંસ્થાઓ આવા હકારાત્મક અભિગમ સાથે આદિવાસી વિકાસના કાર્ય કરવા

ગણતી હોય તેવી સંસ્થાને કાર્ય કરીને મુક્ત રીતે સંપૂર્ણ સર્વ પ્રકારનો સાથ, સહકાર અને ઉત્તેજન આપવાં જોઈએ.

(૪)

## ઉપસંહાર

દક્ષિણ ગુજરાતમાં આદિવાસી વિસ્તારોમાં જુદી જુદી સ્વૈચ્છિક સંસ્થાઓ જુદા જુદા વિકાસ અભિગમ ને વ્યૂહ સાથે જે રીતે આદિવાસી વિકાસનો પ્રશંસનીય કાર્ય કરે છે તે વિશે સ્વૈચ્છિક સંસ્થાઓ ને તેમના વિકાસમાં લાભાર્થીઓના અનુભવોનાં આપણે જોયું, સાથે સાથે આપણે આ પ્રકારનું સંસ્થાઓ કેવા પ્રકારની સમસ્યાઓનો વત્તે ઓછે અંશે સામનો કરે છે તેની નોંધ લીધી ને કેટલાક પણ જોઈ ગયા આમ છતાં, સમગ્ર વિષય હજી વધુ પુખ્ત, ઊંડાણપૂર્વકનું દીર્ઘ સંશોધન માંગી લે છે. તે વાત પણ તેટલી જ સ્પષ્ટ છે.

ભવિષ્યમાં સ્વૈચ્છિક સંસ્થાઓની આદિવાસી વિકાસમાં કામગીરી થાય છે તેના વધુ વિશદ ને શાસ્ત્રીય અભ્યાસ થાય તો સમગ્ર વિષય પર વધુ સ્પષ્ટ પ્રકાશ પડશે ને યોજનાના સમાવિષ્ટ કરીને અમલમાં મૂકવા જેવા નીતિવિષયક નક્કર સૂચનો વધુ સ્પષ્ટતાપૂર્વક કરી શકાશે.

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

આદિવાસી વિકાસ : ભૂતકાળ અને ભવિષ્ય
આઠમી યોજના માટે વ્યૂહનીતિઓ
પરિસંવાદ તા.૪-૫ માર્ચ, ૧૯૯૨.

# આદિવાસીઓમાં સ્થળાંતર

આર.જે. શાહ
નાયબ નિયામક
અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્ર,
નિયામકની કચેરી,ગાંધીનગર

પૂર્વભૂમિકા :

આદિજાતિ લોકોના રોજગારી સાથે પંચમહાલ જિલ્લામાંથી ખેડા અને વડોદરા જિલ્લામાં તેમજ ડાંગ જિલ્લામાંથી વલસાડ અને સુરત જિલ્લામાં સ્થળાંતર થતું હોવાની બાબત સુવિદિત છે. સ્થળાંતર કરતા, સ્થળ, હેતુ, સ્થળાંતર દરમ્યાન મળતી આવક વગેરેનો અભ્યાસ કરવા પંચમહાલ અને ડાંગ જિલ્લાના પાંચ પાંચ ગામોમાં એક મોજણી જૂન, જુલાઈ-૧૯૮૯ દરમ્યાન હાથ ધરવામાં આવેલ હતી.

આ મોજણી માટે પંચમહાલ અને ડાંગ જિલ્લાના કલેકટરશ્રીઓ તથા સચિવશ્રી (આયોજન) સાથે પરામર્શ કરી, ગામોની પસંદગી કરવામાં આવી હતી. મોજણી માટે ગામોની પસંદગીમાં સ્થળાંતરનું પ્રમાણ, તાલુકા મુખ્ય મથકથી અંતર, ગામ પર પહોંચવાની સવલત વગેરે ધ્યાનમાં લેવામાં આવેલ છે.

મોજણી માટે પંચમહાલ જિલ્લાના લીમખેડા તાલુકાના ભાણપુર, મોટીમૂલ, નાનીમૂલ, કાકડખોલા અને કાંસેટા એ પાંચ ગામો પસંદ કરવામાં આવ્યા હતા જે મુખ્યમંત્રીશ્રી દત્તક ગામો પૈકીના હતા. જ્યારે ડાંગ જિલ્લામાંથી કોસંબિયા, બિલમાળ, લીંગા, અંજનકુંડ અને ગારમાળ એ પાંચ ગામો મોજણી હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

## ૨. મોજણી પધ્ધતિ :

૨.૧ આ મોજણી માટે નીચે દર્શાવેલ પત્રકોમાં ક્ષેત્ર કર્મચારીઓ ધ્વારા માહિતી એકત્ર કરવામાં આવી હતી.

૧. ગ્રામ પત્રક
૨. ઘરયાદી પત્રક
૩. કુટુંબ પત્રક.

૨.૨ ગ્રામ પત્રકમાં પસંદ થયેલ ગામની સામાન્ય માહિતી જેવી કે વસતિ, જમીન, ની સવલત, પ્રાથમિક સુવિધાઓની ઉપલબ્ધી, વાહન વ્યવહારની સગવડ, સ યોજનાઓ હેઠળ લાભની સવલતો વગેરે અંગેની માહિતી એકત્ર કરવામાં આવેલ

ઘરયાદી પત્રકમાં બધાજ ઘરોનો સંપર્ક સાધી રહેણાંક ઘરોમાં કુટુંબના સંખ્યા, છેલ્લા એક વર્ષના સમયગાળા દરમ્યાન કોઈ સભ્ય દ્વારા સ્થળાંતર છે કે કેમ તથા સ્થળાંતર થયેલ સભ્યોની સંખ્યાની વિગતો એકત્ર કરવામાં આ

ઘરયાદી પત્રક અનુસાર જે કુટુંબોમાંથી છેલ્લા એકવર્ષ દરમ્યાન કોઈ સભ્ય દ્વારા સ્થળાંતર કરવામાં આવ્યું હોય તેવા કુટુંબો માટે કુટુંબ પત્રકમાં મુજબ વિગતવાર માહિતી એકત્ર કરવામાં આવેલ.

બ્લોક-૧ : કુટુંબની સામાન્ય માહિતી

બ્લોક-૨ : કુટુંબના દેવાની વિગતો

બ્લોક-૩ : કુટુંબની અસકયામતોની વિગતો.

બ્લોક-૪ : કુટુંબના સભ્યોની વિગતો જેવી કે જાતિ, ઉંમર, વૈવાહિક તે શૈક્ષણિક દરજ્જો તથા આર્થિક પ્રવૃત્તિની વિગતો.

બ્લોક-૫ : કુટુંબના સભ્યોના સ્થળાંતરની વિગતો જેવી કે, કુટુંબના સભ્યો સ્થળાંતરનો સમયગાળો, સ્થળ, આર્થિક પ્રવૃત્તિમાં મળેલ આવક

૨.૩ આ મોજણી માટે કુટુંબને મોજણીનું એકમ ગણવામાં આવેલ, મોજણીના હેતુ અર્થે રહેણાંક ઘરમાં એક રસોડે જમતી, લોહીનો સંબંધ/સગપણ હોય કે ન હોય તેવી વ્યકિતઓનો સમાવેશ કુટુંબમાં કરવામાં આવેલ.

સામાન્ય રીતે કુટુંબ સાથે રહેલી કોઈપણ વ્યકિતને કોઈપણ કારણસર ગામ જવું પડયું હોય અને ત્યાં રોકાણ કરવું પડેલ હોય (ટૂંકાગાળા સિવાયનું) સ્થળાંતર તરીકે ગણવામાં આવેલ હતું અને સંદર્ભ હેઠળના વર્ષ દરમ્યાન કુટું કોઈપણ સભ્ય દ્વારા સ્થળાંતર થયું હોય તેવાં કુટુંબોને સ્થળાંતર કરનાર કુટું તરીકે ગણવામાં આવેલ હતા.

સંદર્ભ વર્ષ તરીકે મુલાકાતની તારીખના આગલા દિવસે પૂરું થતું એક લેવામાં આવેલ.

૨.૪ મોજણીનું ક્ષેત્રકાર્ય જિલ્લામાં ઉપલબ્ધ આંકડાકીય કામગીરી કરતા કર્મચારી મારફતે પંચમહાલ જિલ્લામાં મે-જુન ૧૯૮૯ અને ડાંગ જિલ્લામાં જૂન-જુલાઈ ૧૯ દરમ્યાન કરવામાં આવ્યું હતું.

૩. મોજણી હેઠળના ગામોમાં ઉપલબ્ધ સુવિધાઓ અને પરિસ્થિતિની વિગતો નીચે મુજબ છે.

૩.૧ <u>પંચમહાલ જિલ્લો</u> :

(૧) મોજણી હેઠળના ગામોનું તાલુકા મથક લીમખેડાથી અંતર ,૦ થી પર કિ.મી. જોવા મળેલ છે. આ ગામોની સૌથી નજીકનું શહેર અને રેલ્વે સ્ટેશન દાહોદ છે. જેનું અંતર ૩૫ થી ૪૩ કિ.મી. છે.

(૨) આ ગામો પૈકી કાકડખીલા ગામમાં ૭૩% વસ્તી અનુસૂચિત જનજાતિની છે. જયારે બાકીના ગામોમાં સંપૂર્ણ વસતિ અનુસૂચિત જનજાતિની છે.

(૩) આ ગામોમાં સમગ્ર રીતે જોતાં અક્ષરજ્ઞાન ધરાવતી વસ્તિનું પ્રમાણ લગભગ ૭% જેટલું જોવા મળેલ છે.

(૪) આ ગામોમાં કુલ ૭૩૬ ખાતેદારો પૈકી ૦.૫ હેક્ટરથી ઓછી, ૦૫-૧ હેક્ટર, ૧-૨ હેક્ટર, ૨-૩ હેક્ટર, જમીન ધરાવતા ખાતેદારોની સંખ્યા અનુક્રમે ૧૭%, ૩૯%, ૨૩% અને ૧૫% જેટલી છે. જયારે ૩ હેક્ટરથી વધુ જમીન ધરાવતા ખાતેદારોની સંખ્યા લગભગ ૫% છે. ખાતાદીઠ સરેરાશ જમીનનું પ્રમાણ ૧:૨ હેક્ટર જોવા મળ્યું છે.

(૫) ગામમાં પ્રવેશવા માટે ભાણપુર અને મોટીમલુમાં કાચો રસ્તો નાનીમલુ અને કાસેટામાં ડામરનો રસ્તો અને કાકડખીલામાં મેટલનો રસ્તો હોવાનું જણાયું છે

(૬) આ ગામોમાં ચોમાસા સિવાય બસની સેવા ઉપલબ્ધ થાય છે. આ બધા ગામોથી બસ સ્ટેન્ડનું અંતર લગભગ ૩ થી ૪ કિ.મી. દૂર છે. માત્ર નાની મલુ ગામમાં બસ સ્ટેન્ડ છે.

(૭) આ ગામોમાં પીવાના પાણીની જરુરીયાત સાદો કુવો, તળાવ તથા હેન્ડપંપ દ્વારા પૂર્ણ થાય છે.

(૮) બધા ગામોમાં વિજળીની સવલત સર્વ હેતુઓ માટે ઉપલબ્ધ હોવાનું પરંતુ ઘરગથ્થુ ઉપયોગ માટે વિજળીની સગવડ નહિવત હોવાનું જોવા મળેલ છે.

(૯) વિવિધ કાર્યકારી સહકારી મંડળી મારફતે આ ગામોમાં ખેતીની તથા અન્ય જરુરીયાતો ઉપલબ્ધ થઈ શકે તેમ છે. સહકારી મંડળીનું અંતર ગામથી લગભગ [illegible]

(૧૦) આ ગામોને બેંકની સગવડ લગભગ ૧૦ થી ૧૬ કિ.મી. ના અંતરે ઉપલબ્ધ થાય છે.

(૧૧) સસ્તા અનાજની દુકાન કાંસેટા ગામમાં છે. જ્યારે અન્ય ગામના લોકોને આ સગવડ લગભગ ૩ કિ.મી.ના અંતરે ઉપલબ્ધ થાય છે.

(૧૨) આ બધા ગામોમાં ૧ થી ૪ ધોરણની શાળા છે. શિક્ષકદીઠ ૫૦ વિદ્યાર્થી અને ઓરડાદીઠ સરેરાશ ૮૦ વિદ્યાર્થી હોવાનું જણાય છે. ઉપરાંત કાંસેટા સિવાયના બધા ગામોમાં આંગણવાડી છે.

(૧૩) મોજણી હેઠળના ગામો પૈકી કોઈપણ ગામમાં જાહેર રેડિયોની સગવડ ઉપલબ્ધ

(૧૪) મોજણી હેઠળના ગામોમાં ૩૦ કુટુંબો પૈકી ૧૩ કુટુંબો (૩૨%) ગ્રામ વિકાસ યોજનાઓની મોજણી પ્રમાણે ગરીબી રેખા નીચે જીવે છે.

મોજણી હેઠળના ગામોમાં ખુબ મર્યાદિત વાહન વ્યવહાર તથા પ્રાથમિક સુવિધાઓ સગવડ ઉપલબ્ધ છે. ધંધા રોજગારના સાધનમાં મહદ્અંશે ખેતી છે. પરંતુ ખેડૂતો ખુબ ઓછી જમીન ધરાવે છે. સિંચાઈની સગવડ નહિવત છે. ખેતી ચીલાચાલુ ઢબે થાય છે. ખેતરોમાં પત્થરો સારા પ્રમાણમાં હોય છે. પુરક ધંધા તરીકે પશુપાલન, ડેરી કે અન્ય ધંધાનો વિકાસ થયલો જણાતો નથી. કેટલાક કુટુંબો મરઘાં પાલન કરતા જોવા મળે છે.

3.3 <u>ડાંગ જિલ્લો</u> :

(૧) મોજણી હેઠળ ગામોનું તાલુકા મથકથી અંતર ૧૮ થી ૨૫ કિ.મી. છે. આ ગામોથી સૌથી નજીકનું શહેર વાસદા છે. જેનું અંતર ૬૩ થી ૭૨ કિ.મી.

(૨) બધા ગામોમાં લગભગ સંપૂર્ણ વસતિ અનુસૂચિત જાતિની છે.

(૩) મોજણી હેઠળ ગામોમાં ખ્રિસ્તી ધર્મ ધરાવતી વસતિનું પ્રમાણ લગભગ ૨૬%

(૪) આ ગામોમાં કુલ ૧૭૦ ખાતેદારો પૈકી ૧ હેક્ટરથી ઓછી, ૧ થી ૨ હેક્ટર, ૨ થી ૩ હેક્ટર, ૩ થી ૪ હેક્ટર, ૪ થી ૫ હેક્ટર, ૫ હેક્ટરથી વધુ જમીન ધરાવતા ખાતેદારોની સંખ્યા અનુક્રમે ૧૪%, ૩૪%, ૧૯%, ૫%, ૧૧% અને ૨૫% જેટલી છે. કુલ ૧૭૦ ખાતેદારો પૈકી પાંચ ખાતેદાર ૨૦ હેક્ટરથી વધુ જમીન ધરાવે છે. આ મોટા ખાતેદાર સિવાયના ખાતેદાર પાસે સરેરાશ ૩.૬૫ હેક્ટર જમીન છે.

(૫) ગામમાં પ્રવેશવા માટે એપ્રોચ રોડ છે. સિંચાઈના સાધન તરીકે આ ગામમાં કોઈ સગવડ ઉપલબ્ધ નથી. ખેતી વરસાદ પર આધારિત છે.

(૬) દરેક ગામથી લગભગ ૩ થી ૧૨ કિ.મી. ના અંતરે બસસ્ટેન્ડ છે. અને ચોમાસા સિવાયના દિવસોમાં બસની સગવડ ઉપલબ્ધ થાય છે.

(૭) આ ગામોથી નજીકનું રેલ્વેસ્ટેશન વઘઈ છે. જેનું અંતર ૪૭ થી ૬૩ કિ.મી. છે.

(૮) આ ગામોમાં પીવાના પાણીની જરૂરીયાત કુવા, નદી તથા જુથ પાણી પુરવઠા યોજના લીંગા દ્વારા પૂરૂ પાડવામાં આવે છે.

(૯) મોજણી હેઠળના બધા ગામોમાં વિજળી ઉપલબ્ધ નથી.

(૧૦) વિવિધ કાર્યકારી સહકારી મંડળી બોલમાળ ગામમાં જ છે. જેના મારફત ખેતી માટેની તથા અન્ય જરૂરીયાતો ઉપલબ્ધ થઈ શકે છે. અન્ય ગામોથી આ મંડળીનું અંદાજે અંતર ૫ કિ.મી. છે. બોલમાળ અને લીંગામાં જંગલ સહકારી મંડળીઓ આવેલી છે.

(૧૧) આ ગામોને બેંકની સગવડ લગભગ ૧૭ થી ૨૫ કિ.મી.ના અંતરે ઉપલબ્ધ થાય છે. ફક્ત આહવામાં બેંકની સગવડ ઉપલબ્ધ છે. જે લીંગાથી લગભગ ૧૭ કિ.મી. દૂર છે.

(૧૨) સસ્તા અનાજની દુકાન એકપણ ગામમાં નથી. લગભગ ૫ થી ૧૩ કિ.મી. ના અંતરે આ સગવડ ઉપલબ્ધ થાય છે.

(૧૩) આ બધા ગામોમાં ૧ થી ૪ ધોરણની શાળાઓ છે. કુલ પાંચ શાળાઓમાં નવ શિક્ષક અને પાંચ ઓરડાઓ છે. આમ શિક્ષક દીઠ સરેરાશ લગભગ ૨૨ વિદ્યાર્થી છે. અને લગભગ ઓરડાદીઠ સરેરાશ ૩૯ વિદ્યાર્થીઓ છે.

(૧૪) બધા ગામોમાં જાહેર રેડિઓની સગવડ ઉપલબ્ધ નથી.

(૧૫) મોજણી હેઠળના ગામોના કુલ ૨૭૩ કુટુંબો પૈકી ૨૫૫ કુટુંબો ગ્રામ્ય વિકાસ એજન્સીની મોજણી પ્રમાણે ગરીબી રેખા હેઠળ જીવે છે.

મોજણી હેઠળના ગામોમાં ખુબ મર્યાદિત વાહન વ્યવહાર તથા પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ છે. ધંધા રોજગારના સાધનોમાં મહદઅંશે ખેતી અને ખેતમજૂરી છે. પરંતુ ખેડૂતો ખુબ ઓછી જમીન ધરાવે છે. સિંચાઈની સગવડ નહિવત છે. ખેતી ચીલાચાલુ ઢબે થાય છે. જંગલોનો વિસ્તાર છે. પૂરક ધંધા તરીકે લોકો જંગલોમાંથી લાકડા કાપવાની પ્રવૃતિ કરે છે. પશુપાલન ડેરી કે અન્ય ધંધાનો વિકાસ થયેલો જણાતો નથી. કેટલાક કુટુંબો મરઘાં પાલન કરતાં જોવા મળેલ છે. એકંદરે આ ગામડાઓ અત્યંત પછાત અને લોકો ખૂબ ગરીબ માલુમ પડેલ છે.

# મોજણીના તારણો

## પંચમહાલ જિલ્લો :

પંચમહાલ જિલ્લાના નાનીમહુ, મોટીમહુ, ભાણપુર, કાકડખાલા અને કાસેટા ગામોમાં નોંધાયેલ કુલ ૬૩૮ કુટુંબો પૈકી ૪૮૭ (૭૬%) કુટુંબોના એક કે એકથી વધારે ગ સંદર્ભ હેઠળના વર્ષ દરમ્યાન સ્થળાંતર કર્યું હતું.

સ્થળાંતરિત ૪૮૭ કુટુંબોના ૩૬૪૭ વ્યકિતઓ પૈકી ૧૭૬૮ (૪૮%) વ્યકિતઓએ આઠેના એક વર્ષના સમયગાળા દરમ્યાન સ્થળાંતર કર્યું હતું. સ્થળાંતર કરનાર વ્યકિત પુરુષો અને સ્ત્રીઓનું પ્રમાણ ૫૨:૪૮ જોવા મળેલ છે.

મોજણીના ગામોમાં કુટુંબદીઠ સરેરાશ ૭ વ્યકિતઓની સંખ્યા હતી. જ્યારે સ્થળાંતર કરનાર કુટુંબોની સરેરાશ સભ્ય સંખ્યા ૭.૪૯ જોવા મળેલ છે.

સ્થળાંતરિત કુલ કુટુંબો પૈકી ૩૬૧ (૭૪%) કુટુંબના વડાનો મુખ્ય ધંધો ખેતી હતો જ્યારે ૧૧૨ (૨૩%) કુટુંબોમાં કુટુંબના વડાનો ધંધો મજૂરી હોવાનું જણાયું છે. જ્યારે લગભગ ૩% લોકો ખેતી કે મજૂરી સિવાયના અન્ય ધંધામાં રોકાયેલા હતા.

સ્થળાંતરિત કુટુંબો પૈકી ૪૭૭ (૯૮%) કુટુંબો જમીન ધરાવે છે. જેઓની સરેરાશ જમીન ૨.૧૭ એકર હોવાનું જણાયું છે.

સ્થળાંતરિત કુટુંબો પૈકી ૪૪૨ કુટુંબો (૯૧%) પશુધન ધરાવતા હતા. જેમાં ગાય ભેંસ વર્ગના જાનવરો અને બકરાંની સંખ્યા અનુક્રમે ૧૪૦૨, ૩૬૫ અને ૫૨૫ જોવા મળેલ છે.

કુલ ગાયોના ૩૫% જેટલી ગાયો અને ભેંસોના ૩૮% જેટલી ભેંસો દૂઝણી જોવા મ છે. આમ, પશુધન સંવર્ધન તથા તે ધ્વારા પૂરક આવક મેળવવા બાબતે જાગૃતિ જોવા મળ નથી.

સ્થળાંતરિત કુટુંબો પૈકી કુલ ૨૨૫ (૪૬%) કુટુંબો મરઘા રાખતા હોવાનું જણાયું મરઘા રાખનાર કુટુંબદીઠ સરેરાશ મરઘાની સંખ્યા ૪ જોવા મળેલ છે. આમ, મરઘા પા વ્યવસાય તરીકે ઉપયોગ જોવા મળેલ નથી.

સ્થળાંતર કરનાર કુટુંબો પૈકી ૯૦% કરતાં વધુ કુટુંબોએ મકાઈ, જુવાર મુખ્ય ખો હોવાનું અને સાથે સાથે ઘઉં અને ચોખા પણ મુખ્યત્વે વાપરતા હોવાનું જણાયેલ છે.

સ્થળાંતર કરનાર ૪૮૭ કુટુંબો પૈકી ૮ કુટુંબો પાસે સાયકલ, ૧૬ કુટુંબો પાસે ઘડિયાળ, ૯ કુટુંબો પાસે બળદગાડા, ૨૮૫ કુટુંબો પાસે હળ હોવાનું જણાયું છે. આમ, સ્થળાંતર કરનાર કુટુંબો પાસે ખૂબ ઓછા પ્રમાણમાં સાધન સામગ્રી અને અસ્કયામતો હો જણાયું છે.

મોજણી દરમ્યાન સ્થળાંતરની પ્રક્રિયાવાળા ૪૮૭ કુટુંબોમાં વ્યાજ સહિતના ચાલુ દેવાની માહિતી એકત્ર કરવામાં આવેલ છે. કુલ ૧૮૪ (૩૭.૭૮%) કુટુંબો દેવાયુક્ત જોવા મળ્યા છે. આ કુટુંબો પૈકી ૧૨૧ (૭૨%) કુટુંબોમાં સહકારી મંડળીનું દેવું બાકી હતું. જ્યારે શરાફ કે વેપારીના દેવાયુક્ત કુટુંબોની સંખ્યા માત્ર ૧૪ (૫%) હતી.

દેવાયુક્ત કુટુંબદીઠ સરેરાશ દેવું રૂા. ૧,૮૮૨/- હોવાનું જણાયું છે.

ઉપરોક્ત ૧૮૪ દેવાયુક્ત કુટુંબો પૈકી ૬૨ (૩૩.૭%) કુટુંબોએ વર્ષ દરમ્યાન દેવાની અંશતઃ પરત ચૂકવણી કરી હોવાનું જણાવેલ છે. વર્ષ દરમ્યાન આ કુટુંબોએ સરેરાશ રૂા. ૧,૩૭૦/- પરત ચુકવણી કરી છે. આ વિગતો જોતાં જણાય છે કે, સહકારી મંડળી પાસેથી ધિરાણ લેવાની પ્રથા વ્યાપક છે.

મોજણી હેઠળના નાનીમલુ, મોટીમલુ, ભાણપુર, કાકડખીલા અને કાસેટા ગામોમાં સ્થળાંતર કરનાર ૪૮૭ કુટુંબોમાં કુલ ૩૬૪૭ વ્યક્તિઓ પૈકી ૩૪૦૪ (૯૩.૪%) વ્યક્તિઓ અભણ, ૯૨ (૨.૫%) વ્યક્તિઓ ફક્ત અક્ષરજ્ઞાન ધરાવતી, ૧૩૨ (૩.૬%) વ્યક્તિઓ ૭ ધોરણ કરતાં ઓછું ભણેલી જ્યારે માત્ર ૧૯ (૦.૫%) વ્યક્તિઓ ૭ ધોરણથી વધુ ભણેલી હોવાનું જોવા મળ્યું છે. આમ, સ્થળાંતર કરનાર કુટુંબો પૈકી નિરક્ષરતાનું પ્રમાણ ઘણું ઊંચું જોવા મળેલ છે.

કુલ ૩૬૪૭ વ્યક્તિઓ પૈકી ૧૯૭૨ (૫૪%) વ્યક્તિઓ અપરણિત, ૧૬૦૪ (૪૪%) વ્યક્તિઓ પરણિત જ્યારે ૭૧ (૨%) વ્યક્તિઓ વિધવા/વિધુર કે છૂટાછેડા લીધેલ હોવાનું જોવા મળેલ છે.

કુલ ૩૬૪૭ વ્યક્તિઓ પૈકી ૧૭૮૪ (૪૯%) વ્યક્તિઓએ અગાઉના વર્ષ દરમ્યાન આર્થિક પ્રવૃતિ કરી હતી. આર્થિક પ્રવૃતિ કરનાર ૧૭૮૪ વ્યક્તિઓ પૈકી ૧૧૦૪ (૬૨%) વ્યક્તિઓએ ૬ માસ કરતાં વધુ સમય માટે આર્થિક પ્રવૃત્તિ કરી હતી. જ્યારે ૬૮૦ વ્યક્તિઓએ ૬ માસ કરતાં ઓછા સમય માટે આર્થિક પ્રવૃત્તિ કરેલ હોવાનું જણાવેલ છે.

કુલ ૩૬૪૭ વ્યક્તિઓ પૈકી ૭૭૨ (૨૧%) વ્યક્તિઓ કામની શોધમાં હતી.

મોજણી હેઠળના ગામોના કુલ ૬૩૮ કુટુંબો પૈકી ૪૮૭ (૭૬%) કુટુંબોના ૩૬૪૭ સભ્યો પૈકી ૧૭૬૮ (૪૮%) સભ્યોએ સ્થળાંતર કર્યુ હોવાનું જણાયું છે. આમ, સ્થળાંતર કરનાર કુટુંબદીઠ સરેરાશ ૩.૭ સભ્યોએ સ્થળાંતર કર્યું છે.

આ કુટુંબો પૈકી ૮૧ કુટુંબોએ કુટુંબના બધાજ સભ્યો સાથે સ્થળાંતર કર્યુ હોવાનું જણાવેલ છે.

સ્થળાંતર કરનાર ૧૭૬૮ વ્યકિતઓ પૈકી ૧૨૫૧ (૭૧%) વ્યકિતઓએ એકવાર, ૫૦૭ (૨૯%) વ્યકિતઓએ બે વાર, અને ૧૦ વ્યકિતઓએ ત્રણ વાર સ્થળાંતર કર્યાનું જણાવે છે. આમ, ૧૭૬૮ વ્યકિતઓના કુલ ૨૨૯૫ સ્થળાંતરની માહિતી સ્થળાંતર વાર એકત્ર કરવામાં આવેલ છે.

૨૨૯૫ સ્થળાંતર પૈકી ૧૯૨૧ (૮૪%) સ્થળાંતર કામની શોધ માટે, ૩૪૪ (૧૫%) સ્થળાંતર કુટુંબના વડાનાં સ્થળાંતરને કારણે તથા ૩૦ (૧%) સ્થળાંતર સામાજિક કે અન્ય કારણસર થયા હોવાનુ જોવા મળેલ છે.

કુલ ૨૨૯૫ સ્થળાંતરો પૈકી ૨૯૪ (૧૩%) કિસ્સામાં વ્યકિતઓએ ખેતી કે ખેતમજૂરી ૩૩૯ (૧૫%) કિસ્સામાં ઔદ્યોગિક પ્રવૃત્તિમાં મજૂરી અને ૧૩૩૯ (૫૮%) કિસ્સામાં સ્ટ્રક મજૂરી જેવી આર્થિક પ્રવૃત્તિ કરી હતી. જયારે ૨૯૮ (૧૩%) કિસ્સામાં વ્યકિતઓએ બિન આર્થિક પ્રવૃત્તિ કરી હતો. જેમાં મુખ્યત્વે બાળકો કે જે કુટુંબના વડાની સાથે સ્થળાંતરિ થયા હોય તેનો સમાવેશ થાય છે.

કુલ ૨૨૯૫ સ્થળાંતર પૈકી ૩૦૮ (૧૩.૪૨%) સ્થળાંતરનો સમયગાળો ૨ માસ કે તેથી ઓછો હોવાનુ જણાયું છે. સ્થળાંતરનો સમયગાળો ૨ થી ૪ માસ, ૪ થી ૬ માસ અને ૬ માસથી વધુ હોય તેવા સ્થળાંતરની સંખ્યા અનુક્રમે ૧૪૪૨ (૬૩%), ૩૪૮ (૧૫%), ૧૯૭ (૯ જોવા મળેલ છે. મહદ્અંશે સ્થળાંતર ૩ થી ૪ માસ માટે થતું હોવાનુ જણાય છે. કુલ સ્થળાંતર ના ૬૪% જેટલા સ્થળાંતર ઓકટોબર-નવેમ્બર માસ દરમ્યાન તથા ૨૭% જેટલા સ્થળાંતર માર્ચ-એપ્રિલ માસ દરમ્યાન થતા હોવાનું જણાયું છે. સામાન્ય રીતે એકજવાર સ્થળાંતર કરનાર વ્યકિતઓ ઓકટોબર-નવેમ્બર માસ દરમ્યાન સ્થળાંતર કરે છે. બે વાર સ્થળાંતર કરનાર વ્યકિતઓ ઘણુ ખરૂં ઓકટોબર-નવેમ્બર માસમા પ્રથમ સ્થળાંતર કરી ફેબ્રુઆરી-માર્ચ માસમા પરત આવી ફરીથી માર્ચ-એપ્રિલ માસમાં સ્થળાંતર કરતા હોવાનુ જણાયું છે.

પંચમહાલ જિલ્લામાંથી સૌથી વધુ સ્થળાંતર મધ્ય અને દક્ષિણ ગુજરાત તરફ થાય છે મોજણી હેઠળના ગામોમાંથી થયેલ સ્થળાંતર પૈકી ખેડા, વડોદરા, ભરુચ અને સુરત જિલ્લામાં અનુક્રમે ૨૯, ૨૪, ૭ અને ૨૫% જેટલુ સ્થળાંતર થયું હોવાનુ જણાયું છે. સૌરાષ્ટ્ર વિસ્તાર તરફ લગભગ ૫% અને મધ્યપ્રદેશ તરફ લગભગ ૧% જેટલુ સ્થળાંતર થયું હોવાનુ જણાયુ છે.

સ્થળાંતરના સ્થળે જવાનુ કઈ રીતે નિયત થયુ તે અંગેના પ્રશ્નોના પ્રત્યુત્તરમાં લગભગ ૭૪ % લોકોએ વ્યકિતગત રીતે સ્થળાંતર કર્યુ હોવાનુ જણાવ્યું છે. જયારે ૧૪% લોકોએ સગાસંબંધોનો મદદ કે ગોઠવણીથી માહિતી મળવાથી સ્થળાંતર કર્યાનુ જણાવેલ છે. કામે રાખનાર માલિક સાથે નિયત કરીને, મુકાદમ, સુપરવાઈઝર કે કોન્ટ્રાકટર મારફતે એ દરેક કિસ્સામા સ્થળાંતરનુ પ્રમાણ ૪% કે તે કરતા ઓછું જોવા મળ્યું છે.

સામાન્ય રીતે કામની શોધમાં લગભગ ૭૪% લોકોએ વ્યક્તિગત રીતે સ્થળાંતર કરતા હોવાનું જ્યારે ૨૪% લોકોએ પૂર્વ નિર્ધારિત સ્થળે મુકાદમ, સુપરવાઈઝર, કોન્ટ્રાક્ટર વિગેરે ધ્વારા નિયત થયા મુજબ સ્થળાંતર કર્યું હોવાનું જણાવેલ છે.

સ્થળાંતરના સ્થળે આર્થિક પ્રવૃત્તિ કરનાર વ્યકિતને સ્થળાંતર દીઠ સરેરાશ આવક રૂા. ૧,૦૮૮/- મળેલ હોવાનું જણાયું છે.

સ્થળાંતર કરનાર કુટુંબોમાંથી માત્ર ૧ વ્યકિતએ સુથારીકામ જાણતા હોવાનું અને બે વ્યકિતઓએ કડિયાકામના જાણકારી હોવાનું જણાવેલ છે.

ઉપરોક્ત હકીકતો જોતાં જણાય છે કે, મોજણી હેઠળના ગામો ઉંડાણના વિસ્તારમાં આવેલ છે. જેમાં વાહનવ્યવહાર, કે અન્ય પ્રાથમિક સગવડો ખૂબ મર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ છે. મોટાભાગે ખેતી વરસાદ આધારિત છે. સિંચાઈની સગવડ નહિવત છે. અને જમીન ટૂંકી છે. જેથી જીવનનિર્વાહ માટે જરુરી આવક ખેતીમાંથી ઉપલબ્ધ થઈ શકતી નથી. મહદ્અંશે વસ્તી અનુસૂચિત જનજાતિની છે જેમાં ૯૦% કરતાં વધુ વ્યક્તિઓ અભણ છે. આ વસ્તીમાં હસ્તકલા ઉદ્યોગ ધંધા કે વ્યવસાય અથવા કોઈપણ પ્રકારની કામગીરી કે તાંત્રિક જ્ઞાનનો અભાવ વર્તાય છે. પશુપાલન, મરઘાં ઉછેર કે ડેરી વિકાસ પણ જોવા મળતો નથી.

<u>ડાંગ જિલ્લો</u> :

ડાંગ જિલ્લાના બોલમાળ, ગારમાળ, કોસંબોયા, અંજનકૂંડ અને લીંગા ગામોમાં મોજણી દરમ્યાન નોંધાયેલ કુલ ૨૭૩ કુટુંબોમાંથી ૮૫ (૩૧%) કુટુંબોના એક કે એકથી વધારે સભ્યોએ સંદર્ભ હેઠળના વર્ષ દરમ્યાન સ્થળાંતર કર્યું હતું. સ્થળાંતર કરનાર તમામ કુટુંબો અનુસૂચિત જનજાતિના હતા.

ગારમાળમાં ૨૭ કુટુંબોમાંથી ૨૫ (૯૩%) કુટુંબોએ અંજનકુંડામાં ૩૬ કુટુંબોમાંથી ૧૮ (૬૦%) કુટુંબોએ, કોસંબોયામાં ૫૪ કુટુંબોમાંથી ૨૮ (૫૨%) કુટુંબોએ, લીંગામાં ૯૫ કુટુંબોમાંથી ૧૦ (૧૧%) કુટુંબોએ અને બોલમાળમાં ૬૭ કુટુંબોમાંથી ૪ (૬%) કુટુંબોએ સ્થળાંતર કર્યાનું જણાવેલ. આમ, મોજણી હેઠળના ગામો વચ્ચે સ્થળાંતરના પ્રમાણમાં ઘણો મોટો તફાવત જોવા મળે છે.

સ્થળાંતર કરનાર ૮૫ કુટુંબોના નોંધાયેલ કુલ ૪૨૪ વ્યકિતઓ પૈકી ૨૮૭ (૬૮%) વ્યકિતઓએ આગાઉના એક વર્ષના સમયગાળા દરમ્યાન સ્થળાંતર કર્યું હતું. સદર ગામોની કુલ વસ્તી ૧૩૪૭ સામે સ્થળાંતર કરનાર વ્યકિતઓની ટકાવારી ૨૧.૩૦% જેટલી જણાય છે. સ્થળાંતર કરનાર વ્યકિતઓ પૈકી પુરુષો અને સ્ત્રીઓનું પ્રમાણ ૫૫:૪૫ જોવા મળેલ છે.

સ્થળાંતરિત- કુલ ૮૫ કુટુંબો પૈકી ૪૦ (૪૭%) કુટુંબોમાં કુટુંબના વડાનો મુખ્ય ખેતી હતો જ્યારે ૩૬ (૪૨%) કુટુંબોમાં કુટુંબના વડાનો મુખ્ય ધંધો ખેતમજૂરી હોવાનું છે. જ્યારે બાકીના ૯ (૧૧%) કુટુંબો મજુરી કે અન્ય છૂટક કામોમા રોકાયેલા જ્ણા

સ્થળાંતર કરનાર ૮૫ કુટુંબો પૈકી ફક્ત ૪૩ (૫૧%) કુટુંબો જમીન ધરાવતા જ્યારે ૪૨ કુટુંબો જમીન વિહોણા હોવાનું જણાયું છે.

મોજણી માટે પસંદ થયેલ બોલમાળ, ગારમાળ, કોસંબીયા, અજનકુંડ અને લીંગ તમામ ગામોમાં સિંચાઈનો સગવડ નથી.

ટૂંકી જમીન ઉપરાંત જંગલો તેમજ જમીન પહાડો અને ખડકાળ હોવાથી તથા વરસાદ પર આધારિત હોવાના કારણે ખેતીમાંથી પૂરતો આવક ઉપલબ્ધ થતી નથી ખેતીનો ઋતુ સિવાયના સમયમાં સામાન્યરીતે લોકો મજૂરી કરી આવક મેળવવા માટે સ્થળાંતર કરતા હોવાનું જોવા મળેલ છે.

સ્થળાંતર કરનાર કુટુંબો પૈકી કુલ ૪૯ (૫૮%) કુટુંબો પશુધન ધરાવતા હતા. વર્ગના જાનવરો ખાસ કરીને ખેતી માટે બળદોની જરૂરીયાતને મહત્વ આપી ઉછેરવામાં આવતા હોવાનું જણાયું છે. ગાય વર્ગના કુલ જાનવરો પૈકી ફક્ત ૧૩% જેટલી ગાયો અ વર્ગના જાનવરો પૈકી ૨૯% જેટલી ભેંસો દૂઝણી જોવા મળેલ છે. આમ, પશુધનના સંવર્ધન તે દ્વારા પૂરક આવક મેળવવા બાબતે જાગૃતિ જોવા મળતી નથી.

સ્થળાંતર કરનાર કુટુંબો પૈકી ફક્ત ૬ કુટુંબો મરઘાં- બતકા રાખતા હતા. મરઘા - બતકા રાખનાર કુટુંબદીઠ સરેરાશ ૪ મરઘાં હોવાનું જણાયું છે. આમ, મરઘા પાલનનો પણ વ્યવસાયિક ધોરણે વિકાસ જોવા મળતો નથી.

સ્થળાંતર કરનાર કુટુંબો પૈકી ૯૯% કુટુંબોએ નાગલી, ભાટો, વરી વિગેરે મુખ્ય ખોરાકુ હોવાનું જણાવેલ જ્યારે ૧% કુટુંબોએ સાથે સાથે ચોખા પણ વાપરતા હોવાનું

ઉંડાણના ગામો હોવા છતાં સ્થળાંતર કરનાર ૮૫ કુટુંબો પૈકી એક પણ કુટુંબ પા વાહન વ્યવહારના સાધન તરીકે સાયકલ કે બળદગાડુ પણ જોવા મળ્યું નથી. અન્ય મિ ફક્ત ૫ કુટુંબો પાસે ઘડિયાળ અને ૬ કુટુંબો પાસે ખેતી માટેના હળ હોવાનું જણાયું છે. આમ, સ્થળાંતર કરનાર કુટુંબો પાસે ખુબ ઓછા પ્રમાણમાં સાધન સામગ્રી તથા અસ્કયામ હોવાનું જણાયેલ છે.

મોજણી દરમ્યાન સ્થળાંતરનો પ્રક્રીયાવાળા ૮૫ કુટુંબો પૈકી ૬ (૭%) કુટુંબો દેવાયુકત જોવા મળ્યા છે. દેવાયુકત કુટુંબ દીઠ વ્યાજ સહિતનું સરેરાશ દેવું રૂ।. ૧૯,૦૦૦/- જેટલું જણાયેલ છે. ઉપર્યુકત દેવાયુકત પૈકી એક પણ કુટુંબોએ વર્ષ દરમ્યાન દેવાની રકમ સામે પરત ભરપાઈ કર્યાનું જણાયું નથી.

સ્થળાંતર અંગેના તારણો :

મોજણી હેઠળના બોલમાળ, ગારમાળ, કોસંબીયા, અંજનકુંડ અને લીંગ ગામોમા સ્થળાંતર કરનાર ૮૫ કુટુંબોના કુલ ૨૨૪ પુરુષો અને ૨૦૦ સ્ત્રીઓ મળીને ૪૨૪ વ્યકિતઓ નોંધાયેલ જેઓ પૈકી ૮૩% અભણ ૧૧% વ્યકિતઓ ફકત અક્ષરજ્ઞાન ધરાવતા, ૫% વ્યકિતઓ ૭ ધોરણ કરતાં ઓછું ભણેલા જયારે માત્ર ૧% વ્યકિતઓ ૭ ધોરણથી વધુ ભણેલા હતા. આમ, સ્થળાંતર કરનાર કુટુંબોમાં નિરક્ષારતાનું પ્રમાણ ૮૩% જેટલું જોવા મળેલ છે. જે આ ગામોની કુલ વસ્તીના નિરક્ષારતાના પ્રમાણ ૭૪% કરતાં થોડું વધારે જોવા મળ્યું છે.

સ્થળાંતર કરનાર કુટુંબોની કુલ ૪૨૪ વ્યકિતઓ પૈકી ૨૧૩ વ્યકિતઓ આગાઉના વર્ષ દરમ્યાન આર્થિક પ્રવૃત્તિ કરેલ હોવાનું જણાવ્યું છે. આર્થિક પ્રવૃત્તિ કરનાર ૨૧૩ વ્યકિતઓ પૈકી ફકત ૬૫ (૩૧%) વ્યકિતઓએ ૬ માસ કરતાં વધુ સમય માટે આર્થિક પ્રવૃત્તિ કરી હતી જયારે બાકીના ૧૪૮ (૬૯%) વ્યકિતઓએ ૬ માસ કરતાં ઓછા સમય માટે આર્થિક પ્રવૃત્તિ કરી હોવાનું જણાવેલ. ઉપરોકત ૧૪૮ સીમાંત કામ કરનાર તથા ૨૧૧ બિન આર્થિક પ્રવૃત્તિ કરનાર મળીને કુલ ૩૫૯ વ્યકિતઓ પૈકી ૧૪૬ (૪૧%) વ્યકિતઓ કામની શોધમાં હતી.

સ્થળાંતર કરનાર ૮૫ કુટુંબોના ૪૨૪ વ્યકિતઓ પૈકી ૧૫% વ્યકિતઓ ૬ માસથી વધુ માટે અને ૩૫% વ્યકિતઓ ૬ માસથી ઓછા સમય માટે આર્થિક પ્રવૃત્તિમાં રોકાયેલા હતા. જયારે ૧૪૬ (૩૫%) વ્યકિતઓ કામની શોધમાં હોવાનું જણાયેલ છે.

સ્થળાંતરનો પ્રક્રીયાવાળા ૮૫ કુટુંબોના ૪૨૪ સભ્યો પૈકી ૨૮૭ (૬૮%) સભ્યોએ સ્થળાંતર કર્યું હોવાનું જણાયું છે. આમ, સ્થળાંતર કરનાર કુટુંબદીઠ સરેરાશ ૩.૪% સભ્યોએ છેલ્લા એક વર્ષમાં સ્થળાંતર કર્યું હોવાનું જણાયું છે.

સ્થળાંતર કરનાર ૮૫ કુટુંબો પૈકી ૪૭ (૫૫%) કુટુંબોએ કુટુંબના બધાજ સભ્યો સાથે સ્થળાંતર કર્યું હોવાનું જણાવ્યું છે.

સ્થળાંતર કરનાર ૨૮૭ વ્યકિતઓએ વર્ષ દરમ્યાન ફકત એકજ વાર સ્થળાંતર કર્યું હોવાનું જણાવ્યું છે. આમ, ૨૮૭ સ્થળાંતર પૈકી ૧૯૪ (૬૮%) સ્થળાંતર કામની શોધમાં,

૮૫ (૨૯%) સ્થળાંતર કુટુંબના વડાના સ્થળાંતરને કારણે તથા ૮ (૩%) સ્થળાંતર અભ્યાસ થયા હોવાનું જણાયેલ છે.

કુલ ૨૮૭ સ્થળાંતર પૈકી ૧૧૭ (૪૧%) કિસ્સામાં વ્યક્તિઓએ સ્થળાંતરના સ્થળે ખેતમજૂરી અને ૬૧ (૨૧%) કિસ્સામાં છૂટક મજૂરી અને ૨ વ્યક્તિઓએ અન્ય આર્થિક પ્રવૃત્તિ કરી હોવાનું જણાયેલ છે. આમ, સ્થળાંતર થયેલ વ્યક્તિઓ પૈકી ૩૭% જેટલા વ્યક્તિઓએ સ્થળાંતરના સ્થળે કોઈ આર્થિક પ્રવૃત્તિ કરેલ ન હતી. જેમાં મુખ્યત્વે બાળકો કે જે કુટુંબના વડા સાથે સ્થળાંતર થાય છે તેનો સમાવેશ થયેલ હોવાનું જણાયું છે.

કામની શોધમાં થયેલ સ્થળાંતર પૈકી ૯૦ વ્યક્તિઓએ કામ મળ્યું હોવાનું જ્યારે ૧૪ વ્યક્તિઓએ કામ ન મળ્યુ હોવાનું જણાયું છે.

સ્થળાંતરના સ્થળે સ્થળાંતર કરનાર વ્યક્તિઓએ પસાર કરેલો સમય ગાળો મહદ અંશે ૪ થી ૬ માસનો જણાયો છે.

કુલ સ્થળાંતરના ૭૫% જેટલા સ્થળાંતર નવેમ્બર માસ દરમ્યાન તથા ૧૧% જેટલા સ્થળાંતર મે માસ દરમ્યાન થયાં હોવાનું જોવા મળ્યુ છે.

આ વિસ્તારમાંથી સૌથી વધુ સ્થળાંતર વલસાડ જિલ્લા તરફ થાય છે. થોડા ઘણાં અંશે મહારાષ્ટ્રના ખેડૂતો, સુરત જિલ્લાના બારડોલી તથા વ્યારા તરફ થાય છે.

સ્થળાંતરના સ્થળે જવાનું કેવી રીતે નિયત થયું તે અંગેના પ્રશ્નોના પ્રત્યુત્તરમાં લગભગ ૯૫% લોકોએ મુકાદમ મારફતે, ૩% લોકોએ વ્યક્તિગત રીતે જ્યારે ૨% લોકોએ કોન્ટ્રાક્ટર કે દલાલની મદદ કે ગોઠવણથી સ્થળાંતર કર્યાનું જણાવેલ છે.

સ્થળાંતરના સ્થળે આર્થિક પ્રવૃતિ કરનાર વ્યક્તિઓને સ્થળાંતર દીઠ સરેરાશ આવક રૂા.૧,૦૬૬/- મળેલ હોવાનું જણાયું છે.

મોજણી હેઠળનાં ગામો ઉંડાણના વિસ્તારમાં, ડુંગરો તેમજ જંગલો વચ્ચે આવેલા છે, જેમાં વાહન વ્યવહાર કે પ્રાથમિક સગવડો ખૂબ મર્યાદિત પ્રમાણમાં ઉપલબ્ધ છે. સિંચાઈ સગવડ નહિવત છે. જેથી જીવનનિર્વાહ માટે જરુરી આવક ખેતીમાંથી ઉપલબ્ધ થઈ શકતી નથી. આ વિસ્તારમાં હસ્તકલા, ઉદ્યોગધંધા, વ્યવસાય, સંસ્થાકીય માળખાની કામગીરી કે તાંત્રિક જ્ઞાનનો મહદ અંશે અભાવ જણાયો છે.

-x-x-x-x-x-

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

**આદિવાસી વિકાસ : ભૂતકાળ અને ભવિષ્ય**
**આઠમી યોજના માટે વ્યૂહનીતિઓ**
**પરિસંવાદ તા.૪-૫- માર્ચ, ૧૯૯૨.**

# ગુજરાતના આદિમ જૂથોનો વિકાસ મહ્યાંકનો અને ભવિષ્યની નીતિ

ડૉ. મુસ્તાઅલી ઈ. મસવી
સંશોધન અધિકારી

ગુજરાતમાં આદિવાસીઓનો વસતિએ કુલ વસતિના ૧૪.૨૨ ટકા જેટલો છે. રાજ્યમાં આદિવાસીઓની કુલ ૨૯ જાતિઓ છે. આ જાતિઓ જુદા જુદા આર્થિક-સામાજિક અને શૈક્ષણિક સ્તર પર જીવન વ્યતિત કરે છે. આમ આદિમજાતિના વિવિધ જૂથોમાં પણ આર્થિક-સામાજિક પછાતપણામાં ઘણો તફાવત છે. આદિજાતિ લોકોમાં જુદી જુદી કોમો અને જુદા જુદા વિસ્તારોમાં વિકાસની જુદી જુદી કક્ષાઓ છે. જે આદિમજાતિઓ બીન આદિજાતિ લોકોના મુખ્ય પ્રવાહો સાથે ભળી ગયા છે, તેમનો આર્થિક દરજ્જો ઉંચો આવેલ છે, જયારે કેટલાક એવા જૂથો છે જે ડુંગરાળ અને જંગલના વિસ્તારમાં વસેલા છે અને જેઓ આંતરસ્તરીય સગવડતાને અભાવે વિકસતિ આદિજાતિ વસતિ કે બિનઆદિવાસી વસ્તી સાથે ઓછા સંપર્કમાં આવેલા છે અને તેઓ આર્થિક અને શૈક્ષણિક દ્રષ્ટિએ પછાત છે તેથી આયોજન પંચે આવી કોમોનો આર્થિક અને શૈક્ષણિક વિકાસ પર વધુ ભાર મૂકયો હતો અને જણાવ્યુ કે આ રીતે **પાછળ** રહી ગયેલ આદિજાતિ લોકોને વધુ સહાય આપી અગ્રતાના ધોરણે ખાસ કાર્યક્રમો હાથ ધરવા જોઈએ. ભારત સરકારે આવી પછાત જાતિઓને મુકરર કરવા માટે નીચે જણાવેલ માપદંડો સૂચવેલ છે.

(૧) ટેકનોલોજીનો પૂર્વ ખેતી કક્ષા
(૨) અક્ષરજ્ઞાનની ખૂબ નીચી કક્ષા
(૩) સ્થગિત વસ્તી

ઉપરોકત માપદંડોને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે આદિવાસીઓમાં નીચે જણાવેલ પાંચ આર્થિકરીતે પછાત જાતિઓને આદિમજૂથ " તરીકે માન્યતા આપવા ભલામણ કરી હતી જેને ભારત સરકારે ભારતના સંવિધાનની કલમ ૨૭૫(૧) નીચે માન્યતા આપેલ છે. (૧) કોટવાલીયા (૨) કાથોડી (૩) કોલધા (૪) પઢાર અને (૫) સીદ્દી. આ આદિમજાતિઓની વસતી અને વિસ્તાર નીચે દર્શાવેલ છે.

| આદિમજૂથ | વસ્તી (૧૯૮૧) | વિસ્તાર જિલ્લો | શિક્ષણનો દર ૧૯૮૧ | |
|---|---|---|---|---|
| ૧. કોટવાલીયા | ૧૭૭૫૦ | સુરત, વલસાડ, ડાંગ અને ભરૂચ | ૧૭.૧૮ | ૨૧.૨૭ |
| ૨. કાથોડી | ૨૪૫૬ | સુરત, ડાંગ અને સાબરકાંઠા | ૧૧.૧૨ | ૧૪.૮૯ |
| ૩. કોલઘા | ૬૨૨૩૨ | સુતર, વલસાડ | ૧૭.૪૧ | ૨૭.૬૪ |
| ૪. પઢાર | ૧૦૫૮૭ | અમદાવાદ, સુરેન્દ્રનગર | ૬.૫૭ | ૧૧.૩૮ |
| ૫. સીદ્દી | ૫૪૨૦ | જૂનાગઢ, ભાવનગર, રાજકોટ, અમરેલી, સુરેન્દ્રનગર, જામનગર. | ૨૩.૦૪ | ૩૫.૦૬ |

રાજ્યમાં આદિમજૂથની વસ્તીવાળા કુલ ૫૪૫ ગામો છે અને તેમની કુલ કુટુંબ સં ૨૪૪૭૬ (૮૭-૮૮) છે. જેમાંથી ૨૪૧૯૯ કુટુંબો ૯૮.૦૮ ટકા કુટુંબો હજુ પણ ગરીબોરેખા નીચે જીવન જીવે છે.

રાજયમાં આવેલ પાંચ આદિમજૂથોનો સામાજિક, આર્થિક દરજ્જો લાક્ષણિકતા વગેરે ભિન્ન ભિન્ન હોઈ તે નીચે પ્રમાણે છે.

કોટવાલીયા :

કોટવાલીયા જાતિનો મુખ્ય વસવાટ સુરત, ભરૂચ, વલસાડ અને ડાગ જિલ્લાઓ છે. તેમનો મુખ્ય વ્યવસાય મજૂરીનો છે. તેમની પાસે ખેતીની જમીન ઓછી છે. તેમનો મુખ્ય વ્યવસાય વાંસમાંથી ચીજવસ્તુઓ બનાવવાનો છે. તેઓ જીવનનિર્વાહ માટે જંગલની પેદાશો પણ એકત્ર કરે છે. તેમને વાંસ માટે જંગલો પર આધાર રાખવો પડે છે. વાંસના પુરવઠાની બાબતમાં વનની નીતિ સરકારે નિયત કરી છે અને કોટવાલીયાઓનું આ હેતુ માટે બે જૂથમાં વર્ગીકરણ કરવામાં આવ્યુ છે. (૧) વન ગ્રામ કોટવાલીયા (૨) વન બ કોટવાલીયા વનગ્રામ કોટવાલીયાને પરિવાર દીઠ વરસે ૮૦૦ વાંસ પૂરા પાડવામાં આવે છે. જયારે વન સિવાયના કોટવાલીયાને વન વિસ્તારથી ગામના અંતર પર આ રાખીને ઓછી સંખ્યામાં વાંસ પૂરા પાડવામાં આવે છે. તેમને રાહત દરે વાસ પૂરા પાડવામાં આવે છે. તેઓ વાંસમાંથી અનેક ચીજવસ્તુઓ બનાવે છે. અને તેમની વસ્તુઓને સરકારી મંડળીઓ દ્વારા ખરીદવામા તથા બજારમાં મૂકવામાં આવે છે.

તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું છે. તેઓ સસલાં, ખિસકોલી, તેતરનો શિકાર કરી આહારમાં લે છે. તેમના ઘરોની સ્થિતિ પણ ઘણીજ નબળી જોવા મળે છે તેઓ મદ્યપાન પણ વિશેષ પ્રમાણમાં કરે છે. મોટાભાગની વસતિ ગરીબી રેખા નીચે જીવે છે.

**કાથોડી :**

કાથોડીને કાત કરીના નામે પણ ઓળખવામાં આવે છે. કાથોડીની મુખ્યત્વે વસતી સાબરકાંઠા જિલ્લાના વિજયનગર તાલુકામાં ડાંગ અને સુરત જિલ્લાના ઉચ્છલ તાલુકામાં જોવા મળે છે. પહેલાં તેઓ ખેરના ઝાડમાંથી કાથો બનાવી ગુજરાન ચલાવતા અને તેના પરથી તેમનું નામ કાથોડી પડયું છે. તેમની વસતી રાજસ્થાનના કોટા જિલ્લામાં પણ જોવા મળે છે. ઝાડ ઓછા થઈ જવાથી તેમજ યંત્ર દ્વારા કાથાનું ઉત્પાદન થતું હોવાથી તેમનો પરંપરાગત વ્યવસાય હવે તેમના માટે રહયો નથી. તેઓ મુખ્યત્વે ખેતમજૂરી અને વનમાં મજૂરી કરી તેમજ વનપેદાશ એકઠી કરી ગુજરાત ચલાવે છે. કેટલાક લોકો જંગલમાં કોલસા પાડવાની પ્રવૃત્તિ પણ કરે છે. તેઓ આહારમાં હલકા ધાન્ય, કડવા કાંદા, જંગલીભાજીઓ, લે છે. તેઓ સસલા, વાંદરા, હરણ વગેરેનો શિકાર કરી ખાય છે. તેમનામાં શિક્ષણનું પ્રમાણ ઘણું જ ઓછું, સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ૭.૬૬ ટકા છે. સરકારની અનાજ સહાયની યોજનાને લીધે હવે તેમના બાળકો ભણવા જાય છે. વિજયનગર તાલુકામાં તેમને માટેની અલગ આશ્રમશાળાની પણ વ્યવસ્થા કરવામાં આવી છે.

**કોલઘા :**

કોલઘા આદિજાતિ સૌથી વધુ આર્થિક રીતે પછાત આદિજાતિઓની પૈકી એક છે. આ લોકો અત્યંત દારૂણ સ્થિતિમાં જીવે છે. તેઓ મુખ્યત્વે વલસાડ જિલ્લાના ધરમપુર અને વાંસદા અને ચીખલી તાલુકામાં તથા સુરત જિલ્લાના મહુવા તાલુકામાં વસે છે. તેમનામાં અક્ષરજ્ઞાનનો દર બીજા આદિમજૂથોના અક્ષરજ્ઞાનના દર કરતાં ઊંચો છે. તેઓ આહારમાં મુખ્યત્વે કોદારા, નાગલી, ભાત અને મકાઈ ખાય છે. તેઓ સસલાં, તેતર અને ખિસકોલી પણ આહારમાં લે છે. તેઓ મુખ્યત્વે ખેતમજૂરી પર આધાર રાખે છે. તેઓ દેડકાં પકડવાના વ્યવસાયમાં પણ રોકાયેલ છે. તેમનામાં કોઈ પરંપરાગત કૌશલ નથી. કેટલાંક રૂની ગાદલો બનાવવામાં હોશિયાર છે. તેમના બાળકો અન્ય આદિવાસીઓના ઢોર ચરાવવા જાય છે. જેમની પાસેથી અનાજના રૂપમાં થોડી ઘણી આવક મળે છે. આને પરિણામે તેઓ પ્રાથમિક શિક્ષણથી પણ વંચિત રહી જાય છે. તેમને માટે સરકારશ્રીએ અલગ આશ્રમશાળાની વ્યવસ્થા કરી છે.

**પઢાર :**

પઢાર આદિજાતિ સુરેન્દ્રનગર અને અમદાવાદ જિલ્લાના સૂકા પ્રદેશોના સૌથી વધુ ફળદ્રૂપ સ્થળ ભાલ વિસ્તારમાં નળ સરોવર નામે ઓળખાતા કુદરતી સરોવરની આસપાસ રહે છે. તેમને નળ સરોવરમાં માછીમારીનું કામ ગમે છે. કેટલાક

લોકો ખેતી કરે છે. પરંતુ તેઓ જે જમીન ધરાવે છે તે ખૂબજ ઉતરતી કક્ષાની છે. તેમના મોટાભાગના લોકો ખેતમજૂરી કરે છે. તેઓ માટીકામમાં નિષ્ણાત છે. તેઓ માટી કામ માટે ગુજરાતના જુદા જુદા જિલ્લાઓમાં સ્થળાંતર કરે છે. તેઓ આહાર ''કાંદા'' અને ''જીતેલા'' નામના મૂળ ખાય છે. જયારે ચોમાસુ નિષ્ફળ જાય છે ત્યારે તેઓ ''બીઠ'' નામે ઓળખાતા મૂળ ખોદવામાં રોકાયેલ રહે છે. પઢારો શહેરની આજુબાજુના વિસ્તારમાં રહેતા હોવાથી તેમનામાં અનેક રીતે પરિવર્તન આવે દેખાય છે. પઢારોએ લોકનૃત્યના રૂપમાં તેમનો સાંસ્કૃતિ વારસો જાળવી રાખ્યો છે. આ લોકનૃત્યો તેમના જીવનની લાક્ષણિકતાઓ રજૂ કરે છે. તેમની સ્ત્રીઓમાં શિક્ષણ પ્રમાણ માત્ર ૧.૫૧ ટકા છે.

સીદ્દી :

સીદ્દીએ નીગ્રો જાતિ જેવી સંપૂર્ણ મુખાકૃતિ ધરાવતી એક માત્ર અનુસૂચિત જાતિ છે. ભારતમાં તેમના આગમનની બાબતમાં વિવિધ મતમતાંતરો છે. કેટલાક નિષ્ણાતો એવું માને છે કે દરિયા પારના વેપારીઓ તેમને ગુલામો તરીકે પોતાની સાથે લાવ્યા હતા. બીજો મત એવો છે કે મધ્યકાલીન યુગમાં મધ્ય એશિયામાંથી ઘણી આદિમ જાતિઓ અને વંશો ભારતમાં ધૂસી આવ્યા હતા અને તેમની સાથે સીદ્દીઓને લઈને આવ્યા હતા. ત્રીજો મત એવો છે આફ્રિકામાં રહેતા ભારતના વેપારીઓ ભારત પાછા ફર્યા ત્યારે સીદ્દીઓને ગુલામો તરીકે સાથે લાવ્યા હતા. તેઓ અત્યંત પછાત છે. તેઓ મુસ્લિમ ધર્મ પાળે છે. તેઓ મુખ્યત્વે જૂનાગઢ જિલ્લાના તલાલા તાલુકામાં વસેલા છે. તેમની વસતી અમદાવાદ, ભાવનગર, સુરેન્દ્રનગર શહેરોમાં પણ જોવા મળે છે. મોટેભાગે તેઓ છૂટાછવાયા છે. તેમનામાં બીજા આદિમજૂથ કરતાં શિક્ષણનું પ્રમાણ વધુ છે. તેઓ મુખ્યત્વે નોકરી કરે છે. તેમની પાસે જમીન હતી પરંતુ મોટાભાગના લોકોની જમીન એક યા બીજા કારણસર અન્ય કોમોના હાથમાં સરકી ગઈ છે. તેઓ ખેતમજૂરી અને વન્ય મજૂરી અને જંગલમાંથી લાકડા કાપી લાવી ગુજરાન ચલાવે છે. તેઓ નૃત્યમાં શોખીન છે. તેમનામાં દારૂ પીવાનું પ્રમાણ ઓછું જોવા મળે છે.

વહીવટી માળખું :

આદિમજૂથોના માટે ખાસ કાર્યક્રમ તૈયાર કરી અમલમાં મૂકવા માટે રાજય સરકારે આદિજાતિ વિકાસ કમિશનરની કચેરીમાં નિયામક આદિમજૂથની જગ્યા મંજૂર કરેલ છે. નિયામક આદિમજૂથના તાબા હેઠળ એક પ્રાયોજના અધિકારી વર્ગ-૧ એક સંશોધન અધિકારી વર્ગ-૨ અને અન્ય કર્મચારીગણની જગ્યાઓ મંજૂર કરવામાં આવેલ છે. ક્ષેત્રીય કક્ષાએ સોનગઢ, વાંસદા અને તલાલા ખાતે પ્રાયોજના અધિકારી (વર્ગ-૧)ની

જગ્યાઓ અને તેઓને સહાયરૂપ થવા માટે ૬ વિસ્તરણ અધિકારીઓ અને ૨૦ ગ્રામ-સેવકની જગ્યા મંજૂર કરવામાં આવેલ છે.

આદિમજૂથ માટેની ૩૦,૦૦૦ સુધીની યોજનાઓ મંજૂર કરવાની નાણાંકીય સત્તા પ્રાયોજના વહીવટદારશ્રી તેમજ જિલ્લા અધિકારીશ્રીને આપવામાં આવેલ છે. જયારે ૫ લાખ સુધીની યોજનાઓ જિલ્લા માર્ગદર્શન તથા સલાહકાર સમિતિ મંજૂર કરે છે. આદિમજૂથોની આર્થિક સ્થિતિ નબળી હોવાથી તેમની પાસેથી આર્થિક ઉત્કર્ષની યોજના માટે ફકત ૧૦% જેટલો ફાળો લેવામાં આવે છે.

આદિમજૂથોની યોજનાઓના અમલીકરણમાં આદિમજૂથ લોકોનો સહયોગ મેળવવા આદિજાતિ પેટા યોજના વિસ્તારમાં તેમજ પેટા યોજના બહારના તાલુકાઓમાં આદિમજૂથ પરામર્શ સમિતિની રચના કરી તેમના સહકારથી યોજનાઓ અમલમાં મૂકવામાં આવે છે.

આમ સરકાર દ્વારા પાંચમી પંચવર્ષીય યોજનાથી આદિમજૂથોના ઉત્કર્ષ માટે વનિષ્ઠ પ્રયાસો હાથ ધરવામાં આવેલ છે અને પ્રયાસોને વધારે વેગવાન બનાવવામાં આવ્યા છે.

ઉપર જણાવેલ બધી આદિમજૂથોનો સવાંગી અભ્યાસ અને તેમના માટેનો સૂચિત વિકાસ કાર્યક્રમ આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્રે તૈયાર કર્યા હતા.

આદિજાતિ લોકો માટેની યોજનાઓમાં નીચે દર્શાવેલી યોજનાઓ ૧૯૭૬-૭૭થી અમલમાં મૂકવામાં આવી છે. આદિમજૂથના કુટુંબોને આર્થિક રીતે પગભર કરી શકાય એ હેતુથી કુટુંબલક્ષી આર્થિક કાર્યક્રમો પર વધુ ઝોક આપવામાં આવે છે.

જમીન ધરાવતાં કુટુંબોની ખેતી ઉત્પાદકતા વધે તે માટે સામુહીક કૂવાનું બાંધકામ, બંધપાળા, ખાતર બિયારણ પૂરા પાડવાં, બળદ, બળદગાડા, ઓઈલએન્જીન, શાકભાજીના બિયારણની કોથળીઓ વગેરે સહાયના ધોરણે પૂરા પાડવાના કાર્યક્રમો હાથ ધરવામાં આવ્યા છે. આ કાર્યક્રમને આધારે કેટલાક કુટુંબો ખેતીની જુની-પુરાણી પધ્ધતિઓ બદલીને નવી પધ્ધતિઓ અપનાવતાં થયા છે. આને લીધે તેમની ખેતીમાં આમૂલ પરિવર્તન આવ્યું છે અને તેમની ખેતી ઘણીજ સુધરેલી જોવા મળે છે.

કોટવાલિયા, કોલઘા અને પઢાર જાતિના કુટુંબોને સહાયતા ધોરણે બકરાં તેમજ મરઘાં આપવામાં આવેલ છે. દૂધાળાં ઢોર પણ તેજ રીતે આપવામાં આવેલ છે. માછીમારીની પ્રવૃત્તિ સાથે સંકળાયેલ પઢાર તેમજ ઉકઈની આજુબાજુ વસતાં કાથોડી કુટુંબોને જાળ અને હોડી પૂરા પાડવામાં આવેલ છે. શોષણથી બચાવવા તેમની સહકારી મત્સ્યઉદ્યોગ મંડળી પણ ઊભી કરવામાં આવી છે.

ઉપર આદિમજૂથોની જાતિવાર માહિતીમાં જોયું છે કે બધાંજ આદિમજૂથોમાં અક્ષરજ્ઞાનનો ટકાવારો ઓછો છે જેથી વિકાસ કાર્યક્રમોમાં શિક્ષણના કાર્યક્રમને પ્રાધાન્ય આપવું જરૂરી છે. આ માટે કેટલાક શિક્ષણના કાર્યક્રમો હાથ પર લેવામાં આવેલ છે. (૧) આદિમજૂથના બાળકો નિયમિત રીતે પ્રાથમિક શાળામાં હાજરી આપે તે માટે તેમના વાલીઓને દર માસે બાળક દીઠ રૂા.૨૫/- ના પ્રમાણમાં અનાજ આપવાની યોજના. (૨) બાળકો માટે બાલવાડીઓ (૩) બાળકોને દરવરસે બે જોડી ગણવેશ અને પાઠ્યપુસ્તકોની યોજના (૪) તેમને માટે અલગ આશ્રમશાળાની વ્યવસ્થા. આ યોજનાનાી ફલશ્રુતિરૂપે વધારે સંખ્યામાં બાળકો પ્રાથમિક શાળામાં જતાં થયા છે. આશ્રમશાળામાં ભણવા જતા બાળકોની સંખ્યામા પણ વધારો થયો છે, પરંતુ તાજેતરમાં કેટલાંક પઢાર ગામોની મુલાકાત દરમ્યાન જોવા મળ્યું હતું કે માસિક અનાજ આપવાની યોજનાને કારણે આશ્રમશાળામાં જતા બાળકોની સંખ્યા ઘટી છે. આમ શિક્ષણની વિવિધ યોજનાઓ દ્વારા આદિમજૂથના બાળકોમાં શિક્ષણ પ્રમાણ વધે તે માટેના પ્રયાસો કરવામાં આવ્યા છે.

આદિમજૂથોના આર્થિક વિકાસ માટે તેઓના પરંપરાગત કૌશલ્યને ધ્યાનમાં રાખીને કોટવાલીયા માટે વાંસમાંથી ચીજવસ્તુઓ બનાવી તે દ્વારા રોજી મળી રહે તે માટે સહાયતા દરે વાંસ આપવામાં આવે છે. તેમજ તેના ઉત્પન્ન થયેલ માલનું વેચાણ વાંસકામદાર સહકારી મંડળીઓ દ્વારા કરવામાં આવે છે. આ ઉપરાંત ડાંગમાં વસતાં કોટવાલિયા કુટુંબોને સસલા ઉછેર માટે આપવામાં આવેલ છે. આ ઉપરાંત તેમને આનુસંગીક ધંધાઓમાં વાળવા માટે તેમને માટે લુહારીકામ, સુથારીકામ, ઈંટ બનાવવાની તાલીમ, અંબરચરખા, ડ્રાઈવર વગેરે રોજગારલક્ષી તાલીમ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે.

તેમના ઘરોની સ્થિતિ સારી નથી તેથી તેમની વસાહતો સ્થાપવાની બાબતને મહત્વ આપવામાં આવે છે. કોટવાળીયા, કોલઘા, પઢાર, સીદ્દી અને કથોડી જાતિના લોકો માટે વસાહતો ઊભી કરવામાં આવી છે. જમીન વિહોણા ખેતમજૂરોને મફત પ્લોટ આપવાની યોજનાઓ નીચે ઘરથાળના પ્લોટો આપવામાં આવ્યા છે. આદિમજૂથના કુટુંબોને મકાન બાંધવા માટે વાંસ, વળી, નળીયા સહાયતા ધોરણે આપવામાં આવે છે. પીવાના પાણી માટે તેમના રહેણાંકના મકાનો પાસે કૂવાઓ કરવામાં આવ્યાં છે. શૈક્ષણિક આદિમજૂથના આર્થિક-સામાજિક અને ઉત્કર્ષ માટે સરકાર તરફથી અનેક પ્રયત્નો કરવામાં આવ્યા છે જે તેમના માટે થયેલ વાર્ષિકખર્ચના આંકડાઓ પરથી જોઈ શકાય છે.

કે બધાંજ આદિમજૂથોમાં
શિક્ષણના કાર્યક્રમને
કમો હાથ પર લેવામાં
ક શાળામાં હાજરી
ા.૨૫/- ના પ્રમાણમાં
(૩) બાળકોને દરવરસે
અલગ આશ્રમશાળાની
ો પ્રાથમિક શાળામાં
ા પણ વધારો થયો છે,
ોવા મળ્યું હતું કે
ા બાળકોની સંખ્યા
્યના બાળકોમાં શિક્ષ
ત કૌશલ્યને ધ્યાનમાં
દ્વારા રોજી મળી
ઉત્પન્ન થયેલ માલનું
છે. આ ઉપરાંત ડાંગમાં
લ છે. આ ઉપરાંત તેમને
સુથારીકામ, ઈંટ
તાલીમ યોજનાઓ
હતો સ્થાપવાની
ઢોર, ઝાડુ અને
છે. જમીન વિહોણા
પ્લોટો આપવામાં
ળી, નળીયા સહાયતા
ના મકાનો પાસે
થિક-સામાજિક અને
જે તેમના માટે થયેલ

## વર્ષાવાર ખર્ચના આંકડા

| | | (લાખમાં) |
|---|---|---|
| ૧૯૭૭-૭૮ | ... | ૨.૩૭ |
| ૧૯૭૮-૭૯ | ... | ૮.૩૧ |
| ૧૯૭૯-૮૦ | ... | ૧૫.૯૭ |
| ૧૯૮૦-૮૧ | ... | ૨૮.૬૨ |
| ૧૯૮૧-૮૨ | ... | ૩૨.૯૯ |
| ૧૯૮૨-૮૩ | ... | ૫૦.૪૫ |
| ૧૯૮૩-૮૪ | ... | ૪૫.૬૬ |
| ૧૯૮૪-૮૫ | ... | ૬૧.૦૮ |
| ૧૯૮૫-૮૬ | ... | ૬૪.૦૦ |
| ૧૯૮૬-૮૭ | ... | ૬૦.૮૮ |
| ૧૯૮૭-૮૮ | ... | ૬૨.૯૩ |
| ૧૯૮૮-૮૯ | ... | ૮૭.૨૮ |
| ૧૯૮૯-૯૦ | ... | ૨૮૦.૫૮ |
| ૧૯૯૦-૯૧ | ... | ૧૬૫.૯૮ |
| ૧૯૯૧-૯૨ (ડીસેમ્બરના અંત સુધી) | ... | ૬૮.૨૯ |
| | | ૧,૦૩૫.૩૯ |

પ્રાપ્તિસ્થાન: આદિજાતિ વિકાસ કમિશનર કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

ઉપરના આંકડાઓ જોતા જણાય છે કે આદિમજૂથના વિકાસ પાછળ ઘણી મોટી રકમ ખર્ચવામાં આવી છે અને ઉત્તરોત્તર ખર્ચમાં વધારો થતો જોવા મળે છે. ૧૯૭૭ થી ૧૯૮૨ સુધી આદિમજૂથ પાછળ માત્ર ન્યુક્લિઅસ બજેટમાંથી ખર્ચ કરવામાં આવતો હતો. ૧૯૮૨થી આદિમજૂથ પાછળ જુદો નાણાકીય ફાળવણી કરવાની શરૂઆત કરવામાં આવી છે. ૧૯૮૯ પછી આ જૂથના વિકાસ માટે સઘન પ્રયાસો હાથ ધરવામાં આવ્યા અને તેને માટે જુદું વહીવટી માળખું ઉભુ થયુ જેથી ખર્ચમાં વિશેષ વધારો જોવા મળે છે. ૧૯૮૯-૯૦ ની મહેકમ પાછળના ખર્ચનો સમાવેશ થાય છે.

આ રીતે રાજ્ય સરકાર દ્વારા વિકાસની વિવિધ યોજનાઓ દ્વારા આદિમજૂથના કુટુંબોને આદિવાસી અને બિનઆદિવાસી લોકોના પ્રવાહમાં તેમને એકરૂપ કરવાની પ્રક્રિયા શરૂ થઈ ચૂકી છે. આદિવાસી કેન્દ્ર દ્વારા થયેલ કેટલાક મૂલ્યાંકન

અભ્યાસોમાં પણ જોવા મળ્યું છે કે આ જૂથના ઘણાં કુટુંબો ગરીબી રેખાથી ઉપર આવી આત્મનિર્ભર બન્યા છે.

આમ છતાં તેમના વિકાસ માટે આઠમી યોજનામાં નીચેની કેટલીક બાબત પર ધ્યાન આપવું જોઈએ.

(૧) આ જૂથના મોટાભાગના કુટુંબોને એક યા બીજા પ્રકારે યોજનાના લાભ મળ્યા છે. કેટલાંક કુટુંબોએ તો એકથી વધુ યોજનાઓનો લાભ લીધો છે. આ જૂથમાં એવા કુટુંબો કે જેમને કોઈ લાભ ન મળ્યો હોય તેમને શોધી કાઢી લાભ આપવો જોઈએ અને આત્મનિર્ભર બનાવવા જોઈએ.

(૨) આ જૂથના જે કુટુંબો પાસે જમીન છે તેમની ખેતી ઉત્પાદકતા વધે તે માટે સઘન પ્રયાસો કરવા જોઈએ. જમીન ધરાવતા પઢાર કુટુંબોને ઓઈલ એન્જીન મળવાથી ખેતીની ઉત્પાદકતા વધી છે. તેમના વિસ્તારના બંધોનું સમારકામ અને નહેર બાંધકામ થાય તો તેમની ઉત્પાદકતામાં અનેકગણો વધારો થઈ શકે એમ છે. આ દિશામાં પ્રયાસો કરવા જોઈએ.

(૩) આદિમજૂથમાંથી પઢાર અને ઉકાઈ વિસ્તારમાં વસતા કાથોડી કુટુંબો મત્સ્ય ઉદ્યોગ સાથે સંકળાયેલા છે. તેઓ મત્સ્ય વ્યવસાયથી પોતાનું સામાજિક-આર્થિક જીવન સુધારી રહયા છે. આ ક્ષેત્રમાં વધુ રોજગારી મળે તે માટે વધુમાં વધુ આદિવાસી યુવાનોને મત્સ્ય વ્યવસાયની તાલીમ આપવાની વ્યવસ્થા કરવી જોઈએ. તેમને તેમના ઉત્પાદનના યોગ્ય ભાવો મળે તે માટે મત્સ્યઉદ્યોગ મંડળીઓની રચના કરી તે સારી રીતે કામ કરે તે માટે પ્રયત્ન કરવા જોઈએ.

(૪) આદિમજૂથના કેટલાંક કુટુંબો ભેંસ, અને બકરાં રાખે છે. પશુધનના ઉત્પાદન વધારવા માટે તેમને વૈજ્ઞાનિક ઢબે સુધારેલી આધુનિક પધ્ધતિઓની તાલીમ આપવી જોઈએ.

(૫) આદિમજૂથના લોકોમાં કોઈ ખાસ કૌશલ્ય જોવા મળતું નથી. વાંસએ કોટવાળિયા કુટુંબોનો આર્થિક કૌશલ્ય ધરાવે છે. સરકાર તરફથી જંગલ વિસ્તારમાં વસતા કોટવાળિયાને રાહત દરે વાંસ પૂરા પાડવામાં આવે છે. આ વાંસમાંથી બનાવેલ ચીજવસ્તુઓ સંરક્ષીત વનવિસ્તાર બહાર સહકારી મંડળીઓ દ્વારા ખરીદવામાં તથા બજારમાં મૂકવામાં આવે છે. જેથી વચ્ચે દલાલો દ્વારા થતું શોષણ અટકાવી શકાય. હાલમાં તેમને ઘણી ઓછી

સંખ્યામાં વનખાતા દ્વારા રાહતદરે વાંસ આપવામાં આવે છે. આ સંખ્યામાં વધારો કરવો જોઈએ.

(૬) ઉપર જોયુ તેમ તેમનામાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું છે. ખાસ કરીને છોકરીઓને શિક્ષણ અપાવાનું વલણ ઓછું દેખાય છે. કન્યાઓને નાનપણથીજ ~~ઘરકામ~~ ઘરકામ અને નાના ભાઈ-બહેનોને રાખવાના કામમાં રોકી લેવામાં આવે છે. છોકરીઓના શિક્ષણ માટે વધુ પ્રોત્સાહન આપવાનું વિચારવુ જોઈએ. વાસ્તવમાં વસતિને નિયંત્રણમાં રાખવામાં શિક્ષિત મહિલાઓ વિશેષ ફાળો આપી શકે છે. તેમના બાળકો આશ્રમશાળામાં ભણે તે માટે પણ વાલીઓને સમજાવવા જોઈએ.

(૭) આદિમજૂથના કુટુંબોના રહેણાંકની સ્થિતિ ઘણીજ કફોડી છે. આઠમી યોજનામાં ગૃહનિર્માણની પ્રવૃત્તિ હાથ ધરવી જોઈએ. તેમને માટે ઝૂપડા બાંધી નવી વસાહતો ઉભી કરવી જોઈએ. ઝુંપડાં બાંધવાનું કામ વનખાતા અને સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા કરાવવું જોઈએ.

આદિમજૂથના લોકો માટે થયેલ વિકાસના કાર્યક્રમોથી તેઓનું જીવનસ્તર સુધર્યું છે. એ હકીકત છે. જો તેમને માટે હજુ વ્યવસ્થિત રીતે સઘન પ્રયાસો કરવામાં આવશે તો તેમને અન્ય આદિવાસીઓની હરોળમાં લાવી શકાશે.

- X - X - X - X -

આદિવાસી સંશોધન અને તાલીમ કેન્દ્ર
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ.

આદિવાસી વિકાસ : ભૂતકાળ અને ભવિષ્ય
આઠમી યોજના માટે વ્યૂહનીતિઓ
પરિસંવાદ તા. ૪-૫ માર્ચ, ૧૯૯૨.

# છૂટાછવાયા આદિવાસીઓના પ્રશ્નો

ચંદ્રકાન્ત બી. ઉપાધ્યાય
સંશોધન અધિકારી
આદિવાસી સંશોધન અને
તાલીમ કેન્દ્ર.

બંધારણની કલમ ૪૬ મુજબ કેન્દ્ર અને રાજ્ય સરકારોને નબળાવર્ગોની શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષની ખાસ જવાબદારી સોંપવામાં આવી છે. આ અન્વયે ૧૯૫૨માં કોમ્યુનીટી ડેવલપમેન્ટ એન્ડ નેશનલ એક્સ્ટેન્શન પ્રોગ્રામ અમલમાં મૂક્યો અને ૧૯૫૫માં જ્યાં આદિજાતિઓનો વસવાટ છે તેના સંકલિત વિકાસ માટે બ્લોકની શરુઆત થઇ, પરંતુ આના ધાર્યાં ફળ મળ્યાં નહિ તેથી છઠ્ઠી પંચવર્ષીય યોજનામાં આ સમૂહ ઉપર વિશિષ્ટ ધ્યાન અપાય તે માટે વિસ્તાર અને જાતિને ધ્યાનમાં રાખી સમગ્ર આદિવાસીઓના વિકાસ માટે તેઓને ચાર વિભાગમાં વહેંચ્યા, કે જેથી વિકાસ કાર્યક્રમોનો સઘન ઉપયોગ અને અમલીકરણ થઇ શકે. આ ચાર વિભાગમાં (૧) પ્રાયોજના વિસ્તાર (૨) લઘુવિસ્તાર (૩) આદિમજૂથો અને (૪) છૂટાછવાયા આદિવાસીઓ.

ગુજરાત સરકારે પણ કેન્દ્ર સરકારના પગલે પગલે ઉપરોકત અભિગમ અપનાવ્યો કેમકે ગુજરાતમાં કુલ વસતિમાં આદિવાસી વસતિનું પ્રમાણ ૧૪.૨૨ ટકા (૧૯૮૧ પ્રમાણે) છે. આમ ગુજરાત માટે આ સમુદાય મહત્વનો છે.

રાજ્યમાં મુખ્યત્વે આદિવાસી વસતિ આઠ જિલ્લાઓના બત્રીસ તાલુકામાં છે. અહીં રાજ્યની કુલ આદિવાસી વસતિના ૮૦ ટકા (૩૯,૧૩,૮૨૦) છે. જેને ત્યાંની પ્રાયોજના કચેરી મારફતે લાભ અપાય છે. આ સિવાયની જે આદિવાસી વસતિ છે તે છૂટીછવાય વસતિ તરીકે ઓળખાય છે જેની સખ્યા ૯,૩૪,૭૬૬ (૨૦ટકા) છે.

રાજ્યમાં છૂટીછવાયી આદિવાસીઓની જિલ્લાવાર વસતિ આ મુજબ છે. (૧૯૮૧ પ્રમાણે)

| ક્રમ | જિલ્લો | વસતિ | ટકા |
|---|---|---|---|
| ૧. | જામનગર | ૪,૨૮૦ | ૦.૪૬ |
| ૨. | રાજકોટ | ૩,૮૩૯ | ૦.૪૧ |
| ૩. | સુરેન્દ્રનગર | ૫,૯૬૨ | ૦.૬૪ |
| ૪. | ભાવનગર | ૨,૪૩૧ | ૦.૨૬ |
| ૫. | અમરેલી | ૭૬૮ | ૦.૦૮ |
| ૬. | જૂનાગઢ | ૧૦,૭૩૮ | ૧.૧૫ |
| ૭. | કચ્છ | ૬૩,૩૦૧ | ૬.૭૭ |
| ૮. | બનાસકાંઠા | ૩૭,૮૬૪ | ૪.૦૫ |
| ૯. | સાબરકાંઠા | ૨૨,૨૦૮ | ૨.૩૮ |
| ૧૦. | મહેસાણા | ૮,૪૨૯ | ૦.૯૦ |
| ૧૧. | ગાંધીનગર | ૧,૬૭૨ | ૦.૧૮ |
| ૧૨. | અમદાવાદ | ૩૨,૫૦૧ | ૩.૪૮ |
| ૧૩. | ખેડા | ૪૪,૬૭૮ | ૪.૭૮ |
| ૧૪. | પંચમહાલ | ૭૧,૪૫૫ | ૭.૬૪ |
| ૧૫. | વડોદરા | ૨,૬૭,૧૫૧ | ૨૮.૫૮ |
| ૧૬. | ભરૂચ | ૧,૩૫,૭૪૭ | ૧૪.૫૨ |
| ૧૭. | સુરત | ૧,૨૫,૨૧૨ | ૧૩.૪૦ |
| ૧૮. | વલસાડ | ૯૬,૫૩૦ | ૧૦.૩૨ |
| | કુલ | ૯,૩૪,૭૬૬ | ૧૦૦.૦૦ |

ઉપરોક્ત આંકડાકિય ચિત્ર પરથી જોઇ શકાશે કે ડાંગ સિવાય રાજ્યના બધા જ જિલ્લામાં છૂટાછવાયા આદિવાસીઓની વસતિ વધતા-ઓછા પ્રમાણમાં જોઇ શકાય છે. આમ કુલ આદિવાસી વસતિમાં છૂટાછવાયા આદિવાસીની વસતિ પણ નોંધપાત્ર હોય તેની અવગણના હવે પાલવે તેમ નથી.

છૂટીછવાય વસતિમાં ભીલ, હળપતિ, રાઠવા, નાયકા અને ધાનકા જાતિની વસતિ મુખ્ય છે.

રાજ્ય સરકારે આ બાબતને ખ્યાલમાં રાખી ગુજરાતમાં વસતિ છૂટીછવાય આદિવાસી વસતિ વિષેનું ચિત્ર જાણવા રાજ્ય વ્યાપી સર્વેક્ષણ કરાવ્યુ અને તેમાં ૫૦ ટકા છૂટીછવાય વસતિને આવરી લીધી છે.

એવું દેખાયું કે છૂટાછવાયા આદિવાસીઓ અનેક પ્રકારના વ્યવસાયમાં છે ખેતી, ખેતમજૂરી, મજૂરી, જંગલ મજૂરી, મત્સ્યોદ્યોગ, વેપારધંધો, નોકરી વગેરે મોટાભાગના કુટુંબો એક કરતા વધુ વ્યવસાયમાં છે. આમછતાં તેમની આર્થિક સ્થિતિ સારી નથી, મોટાભાગના કુટુંબો ગરીબી રેખા નીચે જીવે છે. તેમાં પણ કૂનબી, પારધી, વારલી, સીદી વગેરેની સ્થિતિ ખૂબજ ખરાબ હતી. આર્થિક સ્થિતિ સાથે તેમની શૈક્ષણિક સ્થિતિ પણ સારી નથી. સર્વેક્ષિત કુલ વસતિમાં ૨૮.૩૦ ટકા સાક્ષર હતા. સ્ત્રીઓમાં સાક્ષરતાનું પ્રમાણ બહુ ઓછું જોવા મળ્યું. આ ઉપરાંત સર્વેક્ષણ દ્વારા તેઓના કેટલાક ખાસ પ્રશ્નો દેખાયા.

(૧) <u>રહેઠાણ</u> :

છૂટાછવાયા આદિવાસીઓ માટે રહેઠાણનો પ્રશ્ન અતિ વિકટ બન્યો છે. જેમની પાસે મકાન છે તે મકાન પણ સારી સ્થિતિમાં નથી. મકાનમાં બધાજ સભ્યો સારી રીતે રહી શકે તેવી સ્થિતિ નથી. કેટલાક પાસે ઝૂંપડા જ છે તો વળી એવા કુટુંબો છે કે જે માત્ર કંતાનની આડશ કરીને રહે છે.

કેટલેક સ્થળે આ લોકો માટે સરકારી યોજના દ્વારા મકાન થયા છે પરંતુ મકાનો ગામના વગદારોએ પચાવી પાડયા છે. ( દા.ત. ઉત્તરસંડા ) તો કોઇ સ્થળે તેમની મશ્કરી સમાન મકાન બનાવ્યા હોય તેવું દેખાયું. તેમના મકાન જોવાથી તેમની આર્થિક સ્થિતિનો ક્યાસ આવી જાય છે.

(૨) <u>ખેતી</u> :

૨૩,૦૩૯ કુટુંબો ખેતી કરતા હતા. પરંતુ તેમની પાસેની જમીન હલકા પ્રકારની છે, ખેતી માટેના પૂરતાં સાધનો નથી, સારુ બિયારણ કે જંતુનાશક દવાનો ઉપયોગ કરી શકતા નથી. સાથે સિંચાઇની સુવિધા નથી. કેટલાકની જમીન ઝાડામાં હોય તેવું દેખાયું. ખાસ કરીને જમીન માલિકીના પ્રશ્નો કચ્છમાં વિશેષ છે.

(૩) <u>મજૂરીના પ્રશ્નો</u> :

૭૦ ટકા કુટુંબો કોઇને કોઇ મજૂરી કામમાં રોકાયેલા હતા. મજૂરી કરનારને મજૂરીના દર ઓછા ચૂકવાય, વધુ સમય કામ કરાવે, કાયમી મજૂરીકામ ન મળવું વગેરે છે. કેટલાક કુટુંબો આજે પણ 'હાળી' તરીકે છે. આમ મજૂરી કામમાં સમગ્ર રીતે તેઓનું શોષણ થતું હોય તેવું જણાય છે.

(૪) **પાયાની સુવિધાઓ ઓછી :**

છૂટાછવાયાના વસવાટને પાણી, રસ્તા, વીજળી વગેરેની સુવિધા પૂરતી અને બધે સ્થળે નથી. પીવાનું પાણી ખૂબજ દૂરથી લાવવું પડતું હોય તેવું જાણ્યું. ગામમાં મહોલ્લે-મહોલ્લે વીજળીના થાંભલા, પરંતુ આ લોકોના વસવાટમાં નહિ, ઘર પર વીજળી જોડાણ તો બહુજ ઓછા કુટુંબોને હતું.

(૫) **શિક્ષણના પ્રશ્નો :**

વસવાટ પાસે બાલવાડી કે આંગણવાડી નહિ કે જે બાળકોને શિક્ષણ તરફ દોરે છે. પ્રાથમિકશાળા પણ દૂર હોય તેથી નાના બાળકો નિયમિત સ્કૂલે જતા નથી. વળી છૂટાછવાયા આદિવાસીઓ પણ કામ સંબંધી સ્થળાંતરિત થાય છે, તેથી અભ્યાસમાં પૂરતું ધ્યાન આપતા નથી.

(૬) **આરોગ્યના પ્રશ્નો :**

એમના વસવાટો ગામથી દૂર અને છેવાડે, ગામના ઉકરડા ત્યાં હોઇ, વળી વસવાટમાંથી પાણીના નિકાલની યોગ્ય સુવિધા નહિ. અસમતોલ ખોરાક અને અતિશય મહેનતનું કામ આ બધી બાબતોને લઇને તેમનું આરોગ્ય જોખમાતું દેખાયું, તેઓ હવે કેન્સર, દમ જેવા મહારોગથી પિડાય છે, જ્યારે તાવ, ચામડીના દર્દો વગેરે કાયમી જેવા થઇ ગયા છે. સાથે આરોગ્ય સુવિધાનો અભાવ અને આર્થિક સ્થિતિ સારી નહિ જેથી આરોગ્ય બાબતમાં ખર્ચ કરી શકે.

આ ઉપરાંત તેઓના સામાજિક, સાંસ્કૃતિક, અને હસ્તઉદ્યોગના પણ કેટલાક પ્રશ્નો છે.

રાજ્યના છૂટાછવાયા આદિવાસીઓના અભ્યાસ પરથી જે કેટલીક મુખ્ય બાબતો જાણવા મળી તે આ મુજબ છે.

(૧) આ લોકો અન્ય કોમો સાથે રહેતા હોવાથી તેમના જીવનમાં અનેક સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક અડચણો આવતી રહે છે. આથી એમ લાગે છે કે પ્રાયોજના વિસ્તારમાં કામ કરવું તેના કરતાં છૂટાછવાયા આદિવાસીઓમાં કામ કરવું ઘણું જ અઘરું છે.

(૨) સઘન આદિવાસી વિસ્તારની નજીકના વિસ્તારમાં છૂટાછવાયાની વસતિ વધુ છે જ્યારે જેમ દૂર જતા જાય તેમ તેમ વસતિ ઓછી થતી જાય છે. આને લઇને આ કુટુંબો વચ્ચે પ્રવાહ અટકી જાય છે અને તેથી કેટલાક આનુષાંગિક પ્રશ્નો થાય છે.

(૩) છૂટાછવાયાની વસતિ છે ત્યાંના ગામોમાં પ્રભાવીજાતિ સામાજિક, આર્થિક રીતે વર્ચસ્વ ધરાવે છે, આ બન્નેને લઇને તેઓનો રાજકીય પ્રભાવ પણ પડે છે. આ બધાને લઇને ત્યાં વસતા આદિવાસીઓને આર્થિક અને શૈક્ષણિક રીતે શોષાવાનો વારો આવે છે.

(૪) છૂટાછવાયા આદિવાસીઓમાં સરેરાશ કુટુંબકદ ૫.૦૩ હતું.

(૫) તેઓમાં ૭૧.૭૦ ટકા અભણ હતા, એટલે કે સાક્ષર માત્ર ૨૮.૩૦ ટકા હતા.

(૬) સાક્ષરમાંથી માત્ર ૨ ટકાજ ઉચ્ચશિક્ષણ લેનાર છે.

(૭) ગુજરાતની કામ કરતી વસતિના પ્રમાણમાં કામ કરતી આદિવાસી વસતિનું પ્રમાણ વધુ છે.

(૮) છેલ્લા ત્રણેક દાયકાનું ચિત્ર જોતા આદિવાસી કુટુંબોમાં દરેક દશકે ખેતી કરનારની સંખ્યા ઘટતી જાય છે આ સાથે.

(૯) ગૃહઉદ્યોગમાં કામ કરનારની સંખ્યા ક્રમે ક્રમે ઘટતી જાય છે પરંતુ,

(૧૦) વેપાર-ધંધામાં સંખ્યા વધે છે, જે બતાવે છે કે નવા ધંધા તરફનો ઝોક વધ્યો છે.

(૧૧) આ લોકો પાસે આવકના સ્ત્રોતો લઘુત્તમ છે.

(૧૨) બાળ મજૂરોની સંખ્યા સ:વિશેષ છે.

(૧૩) આ વિસ્તારમાં સિંચાઇ યોજનાનો લાભ બહુજ ઓછો મળ્યો છે.

(૧૪) પૂરક આવક મેળવવામાં પશુપાલન વ્યવસાય ઘણો ઉપકારક બન્યો છે.

(૧૫) સર્વેક્ષિતોમાંથી ૯૧ ટકા કુટુંબો ગરીબી રેખા નીચે (૪૮૦૦થી ઓછી આવક) જીવે છે અને

(૧૬) ૨૩.૯૧ ટકા કુટુંબો દેવાદાર છે.

છૂટાછવાયા આદિવાસીઓનું આ ચિત્ર છે. તેઓની સ્થિતિ ઘણીજ ખરાબ છે. એમના વિકાસ માટે સરકારી કાર્યક્રમો ચાલી રહ્યા છે. છેલ્લે સાતમી પંચવર્ષીય યોજનામાં તેઓના કુટુંબલક્ષી કાર્યક્રમો (વિકાસ) માટે ૯.૧૫ કરોડ રુપિયા ખર્ચાયા હતા. હવે આઠમી પંચવર્ષીય યોજના શરુ થાય છે, ત્યારે તેઓના વસવાટ સંબંધમાં, આર્થિક વિકાસ માટે, આરોગ્ય સંબંધમાં સમયબધ્ધ, આયોજન બધ્ધ અને તે લોકોનેજ પૂરેપૂરો લાભ મળે તે રીતે કાર્યક્રમોનું અમલીકરણ થાય તે જરૂરી છે, કે જેથી તેઓ પોતાનું બુનિયાદી માળખું બનાવી શકે.

છૂટાછવાયા આદિવાસીઓ માટે સમાજકલ્યાણ, લઘુઉદ્યોગ કચેરી, પશુપાલન, ખેતીવાડી અને ગ્રામવિકાસ દ્વારા જુદી જુદી યોજનાઓનું અમલીકરણ થાય છે. એવું નક્કી થયું છે કે તાલુકાની કુલ ગ્રાન્ટમાંથી ૪ ટકા ગ્રાન્ટ આ જૂથ પાછળ ખર્ચવા અને એ રીતે ૧૯૯૧-૯૨માં આ લોકો માટે રુા. ૧.૦૫ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવી હતી અને ૧૯૯૨-૯૩માં અંદાજે ૧.૫૦ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવશે તેવું જાણવા મળ્યું છે. આઠમી યોજનામાં છૂટાછવાયા માટે જે કાંઇ ખાસ કાર્યક્રમો કરવાના છે તે આ મુજબ વિચારવા જોઇએ.

<u>ભાવિ કાર્યક્રમો</u> :

(૧) જિલ્લામાં યોજનાઓ છે પરંતુ ગામડા સુધી પહોંચાડનાર નથી, તેથી અગ્રતા ક્રમે પ્રચાર થવો જોઇએ, ખાસ કરીને તાલુકા કક્ષાએ શિબિરો ગોઠવી પ્રચાર થવો જોઇએ.

(૨) ૨૦ મુદ્દાના કાર્યક્રમ નીચે ઘરથાળના પ્લોટની યોજના નીચે આ કુટુંબોને આવરી લેવા જોઇએ, સાથે જ તેમને પ્રાથમિક સુવિધાઓ સહિતના મકાનો બનાવવા મદદ કરવી જોઇએ.

(૩) કેટલેક સ્થળે કચ્છ, જૂનાગઢ અને અન્ય ગામોમાં જમીનના પ્રશ્નો છે તે પ્રશ્નો પતાવવા કંઇક થવું જોઇએ. જેથી નિર્ભય બની પોતાનો ધંધો કરી શકે.

(૪) જેઓ પાસે ખેતીની જમીન છે તેમને ખેતી માટે જરૂરી મદદ સમયસર કરવી જોઇએ.

(૫) પૂરક વ્યવસાય પશુપાલન સારી રીતે થાય છે તો વધુ દૂધાળા ઢોર આપવા જોઇએ. વધુ દૂધ કઇ રીતે મેળવી શકાય તે માટે જરૂરી તાલીમ આપવી જોઇએ. દૂધાળા ઢોર સાથે ઘાસ માટે ઘાસડીપો બનાવવો જોઇએ.

(૬) મજૂરીના દર પૂરતા મળે તે માટે વ્યવસ્થિત આયોજન થવું જોઇએ.

(૭) કેટલીક બહેનો ઘરકામ કરવા માટે જાય છે ત્યાં પણ તેનું શોષણ થાય છે બહેનોને પૂરતું વેતન મળે તેવા નિયમો હોવા જોઇએ.

(૮) આપણે ત્યાં ૬૦ ટકા મીઠું કચ્છમાં પાકે છે. મોટાભાગના અગરીયા આદિવાસીઓ છે. આ લોકોને પૂરતું વેતન મળે, તેઓ કાયમી બને સાથે પ્રાથમિક સુવિધા, મકાન, શિક્ષણ સંસ્થા થાય તે જરૂરી છે.

(૯) ગામડામાં રહી રોજગારી મેળવી શકે તે માટે દુકાન, ફલોરમીલ, શાકભાજીની લારી, કાપડની ફેરી, સુથારીકામ વગેરે ધંધા માટે જરૂરી લોન અને તાલીમ આપવા જોઇએ.

(૧૦) કોલસા બનાવવા (કચ્છમાં) શહેરમાં રીક્ષા, રેંકડી ફેરવી શક, બારદાન સિવવાનો ધંધો વગેરે માટે મદદ અને માર્ગદર્શન આપવા જોઇએ.

(૧૧) છૂટાછવાયા આદિવાસીની વસતિ છે તેવા કેટલાક વસવાટોની આસપાસ પથ્થરો છે તો તેવા સ્થળોએ કવોરી ઉદ્યોગ વિકસાવી અને તેમાં આ લોકોને લેવા જોઇએ.

(૧૨) પ્રિન્ટીંગ (કાપડમાં), કાગળના રમકડાં, ફુલદાની (કચ્છમાં) વગેરે કામ કરે છે તો તેમને પૂરતાં સાધનો, કાચી સામગ્રી મળે તેવું ખરીદ સહકારી મંડળી રચીને થાય તેમ કરવુ જોઇએ.

(૧૩) બહેનોને ભરત-ગૂંથણ, સિવણ, અગરબત્તી વગેરે કામોમાં પ્રોત્સાહન આપવું જોઇએ.

(૧૪) શિક્ષણ સુધારવા માટે બાળકો મજૂરીમાંથી જે કંઇ લાવે તેના કરતાં વાલીને વધુ કંઇ મળે તેવા સઘન પગલાં લેવા જોઇએ.

(૧૫) કન્યા કેળવણી માટે વધુ યોજના દાખલ કરવી જોઇએ.

(૧૬) આ વિસ્તારોમાં અભ્યાસ કરતા બાળકોને ધ્યાનમાં લઇ આશ્રમશાળા, છાત્રાવાસો વધુ ખોલવા જોઇએ. આજુબાજુ નવી આશ્રમશાળા ન ખુલે ત્યાં સુધી ચાલુ આશ્રમશાળામાં વધુ બાળકો લેવાની મંજૂરી આપવી જોઇએ.

(૧૭) આગળ અભ્યાસ માટે શહેરી વિસ્તારમાં બાળકોને રહેવા માટેની પૂરતી વ્યવસ્થા થવી જોઇએ.

(૧૮) આ લોકોના આરોગ્યની તપાસ આરોગ્ય ખાતા દ્વારા કે નજીકની મેડીકલ કોલેજ દ્વારા થવી જોઇએ.

(૧૯) મહારોગથી પિડાતા સભ્યોની સંખ્યા ઘણી છે. તેમને રોગ સંબંધી સારવાર માટે જે રકમ અપાય છે તે બધા લાભાર્થીને મળે તેમ ગોઠવવું જોઇએ. ખાસ તો રકમમાં અને સમય મર્યાદા (હાલમાં એક વર્ષ છે) વધારવા જોઇએ.

(૨૦) અંત્યોદય યોજના નીચે વૃદ્ધોને પેન્શન અપાય છે તેનો લાભ બધાને મળે અને રકમ વધુ અપાય તે જરૂરી છે.

(૨૧) પોષક આહાર યોજનાનો લાભ ઊંડાણના ગામોમાં અને વધુ બાળકોને આવરી લે તેમ કરવું જોઇએ.

(૨૨) સમ્પ્રાતઃ છૂટાછવાયા આદિવાસીઓના વિકાસ માટે ડાંગની જેમ વિચારવું જોઇએ.

(૨૩) પ્રાયોજના વિસ્તારમાં ન્યુકલીઅસ બજેટ નીચે સ્થળ, સમય પ્રમાણે લાભ અપાય છે તેવું અહીં પણ વિચારવું જોઇએ.

(૨૪) આદિજાતિ વિકાસ કમિશ્નરની દેખરેખ નીચે જ વહીવટી અને અમલીકરણ કર્મચારી જ્યાં જ્યાં છૂટાછવાયાની વસતિ છે ત્યાં તાલુકા કક્ષાએ હોવા જોઇએ. તેની સાંકળ સીધી જ મુખ્ય કચેરી સાથે હોવી જોઇએ.

(૨૫) આવા વિસ્તારોમાં શિબિરો, કાર્યગોષ્ઠી અને ચર્ચાઓ વધુ ગોઠવવી જોઇએ. જેથી પ્રશાસનમાં કામ કરતી વ્યકિતઓ, બૃહદ સમાજ અને ખુદ આદિવાસીઓ છૂટાછવાયાથી માહિતગાર થાય.

- x - x - x - x -